# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08


કાર્તિક અને શ્રીલીલાની ફિલ્મનું શૂટિંગ કાશ્મીરમાં ફરી શરૂ....


પેજ-09


લિયોનલ મેસી સ્ટેન્ડ સન્માન ઈન્ટર મિયામીના નવા સ્ટેડિયમમાં ગુંજશે મેસીનું નામ....



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 26.00 |
| વડોદરા | 37.00 | 26.00 |
| સુરત | 34.00 | 26.00 |


પેજ 5




સોનામાં તેજીનો કરંટ પણ ચાંદીના ભાવમાં મોટી પીછેહટ નોંધાઈ...


29 MARCH-2026 SUNDAY


નેપાળમાં બાલેન્દ્ર શાહ સૌથી યુવા વડાપ્રધાન બન્યા




પેજ 10



વર્ષ-15 । અંક-136 । વિક્રમ સંવત-2082 । ચૈત્ર સુદ - 11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક









કેશ બોનસ ₹3000* | ઈન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ ₹7500* સુધીનું

HDFC BANK | card | Powered by pine labs

**ઑફર્સ ફક્ત છેલ્લા 4 દિવસ માટે માન્ય, ભાવ વધારા પહેલા ખરીદો.**

5 YEAR WARRANTY | Hero GoodLife | Stand a chance to win Gold and Silver Coins and many more assured benefits#

Hero MotoCorp Ltd. Regd. Office: The Grand Plaza, Plot No.2, Nelson Mandela Road, Vasant Kunj Phase - II, New Delhi - 110070, India. | CIN: L35911DL1984PLC017354 | For further information, contact your nearest Hero MotoCorp authorised outlet or visit us on www.HeroMotoCorp.com. Accessories and features shown may not be a part of standard fitment. Always wear a helmet while riding a two-wheeler. $As per internal benchmarking of 125 cc scooters in India under standard conditions and may vary as per road & riding conditions.. Highest sales for any 2 Wheeler Corporate Entity in the world for Calendar Year 2025 Data source: DNA Consult & Advisory's report Assessment of Global Two Wheelers Market(CY25). #Benefits include Gold Coin/Silver Coin/ OTT Membership. Limited period offer. *T&C apply.

TOLL FREE 1800 266 0018

Authorised Dealers: AHMEDABAD: Ambavadi: Shradha Hero: 9289922563; Bopal: Raj Hero: 9289233435; Bapunagar: Karnavati Hero: 9289922607; CTM: Rajdeep Hero: 9289922511; Gota: Shradha Hero: 9289922209; Laldarwaja: Shradha Hero: 9289922209; Maninagar (Kankaria): Rajdeep Hero: 9289922511; Nana Chiloda: Karnavati Hero: 9289922607; Narol: Rajdeep Hero: 9289922511; Navrangpura: Bikes Hero: 9289922253; Nikol: Keshav Hero: 9289922822; RTO Circle: Chiraniya Hero 9289235287; Sanand: Bikes Hero: 9289923089; Sarkhej: Raj Hero: 9289233435; ANAND: Chikhodra Road: Prakash Hero : 9289922237; Lambhvel Road: Legacy Hero: 9289923138; ANJAR: Shivshakti Hero : 9824578888; ANKLESHWAR: Anas Hero : 9289922241; AMRELI: Navnit Hero : 9289922254; BARDOLI: Vamdote Hero : 9289923136; BHARUCH: Vimco Hero : 9289922428; BHAVNAGAR: Chitra: Patel Hero: 9289922512; Crescent Circle: Capital Hero : 9289922238; BHUJ: K.D. Hero : 9289922480; BOTAD: Patel Hero: 9289923201; CHIKHLI: Supreme Hero: 9289922542; DAHOD: Shree Laxminarayan Hero: 9289922242; GANDHIDHAM: Quality Hero : 9289922248; GANDHINAGAR: Nanda Hero : 9289922236; GODHRA: Century Hero: 9104400559; GONDAL: Everest Hero : 9289922694; HALVAD: Shreeji Hero : 9289923041; HIMMATNAGAR : Harsolia Motors : 9289923821 JAMNAGAR: Saru Section Road: Karan Hero : 9289922670; Hapa: Gokul Hero: 9289923051; JAMKHAMBHALIA: Ashok Hero : 9289922610; JUNAGADH: Jagdish Hero: 9289922239; MEHSANA: Nagalpur: Umiya Hero : 9289922249; Radhanpur Road: Umiya Hero : 9289922249; KALOL: Shakti Hero : 9289922809; KAMREJ: Shubham Hero: 9289922750; MAHUVA: Vinay Hero: 9289922825; MODASA: Pavan Hero : 9289922826; MORBI: Jai Ganesh Hero : 9289922481; NAVSARI: Metro Hero : 9289922250; NADIAD: Horizon Hero : 9289922247; PALANPUR: Sarthi Hero : 9289923155; Shiv Hero : 9289922243; PATAN: Sarthi Hero : 9289922426; PORBANDAR: Jayshree Hero : 9289922494; RAJKOT: Gondal Road: Jay Kay Hero : 9289922715; Vavdi: Perfect Hero : 9289922235; 150 Ft Ring Road: Jai Ganesh Hero : 9289923067; SILVASA : Anil Motors : 9289924306 SURAT: Adajan Road: Jalaram Hero : 9289923027; Katargam: Sadguru Hero : 9289922982; Puna-Kumbharia Road: Shivani Hero : 9289922755; Udhna: Sadguru Hero: 9289923809; Ring-Road: GK Hero : 9289923810; Varracha: Rajdeep Hero: 9821737620; SURENDRANAGAR: Jai Ganesh Hero : 9289923144; VADODARA: Pandya Bridge: Century Hero : 9289922210; Nizampura: Century Hero: 9289922210; Subhanpura: Century Hero :9289922210; Bahucharaji Road, Karelibagh: Kumar Hero : 9289922208; Dandia Bazar: Kumar Hero: 9289922208; O P Road: Kumar Hero : 9289922252; Gotri : Kumar Hero: 9289922252; Makarpura: Jaydeep Hero : 9289923199; VAPI: Metro Hero : 9289922251; Shanti Hero : 9289923190; VISNAGAR: Auto World Hero : 9289923055; VERAVAL: Jagdish Hero : 9289922300; VALSAD: Shanti Hero : 9289922234; UNA: Modheshwary Hero : 9289922596; VYARA: Wheel Hero : 9289922732


# IPS જગદીશ બાંગરવાના નીંદનીય કૃત્ય મુદ્દે ઈસુદાન ગઢવીએ કરી કડક કાર્યવાહીની માંગ

અમદાવાદ : કોળી સમાજના એક યુવાન પર થયેલા અમાનવીય અત્યાચાર મુદ્દે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ગતરોજ રાત્રે ફેસબૂક લાઈવના માધ્યમથી કડક પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખૂબ જ ચિંતાજનક બની ગઈ છે. એક IPS અધિકારી દ્વારા એક કોળી સમાજના યુવાન પર આ પ્રકારનો બેરહેમ અત્યાચાર કરવામાં આવ્યો છે કે આજે આખું ગુજરાત હચમચી ગયું છે, આ ઘટના ખૂબ જ નિંદનીય અને શરમજનક ઘટના છે. ગુજરાતની બહારથી આવેલા એક અધિકારીએ ગુજરાતના દીકરા પર અત્યંત નિર્દયતાપૂર્વક માર મારીને ખૂબ જ અત્યાચાર કર્યો છે. માહિતી અનુસાર યુવાનને ઊંધો લટકાવીને પટ્ટાથી માર મારવામાં આવ્યો અને તેના કમરથી નીચેના ભાગમાં




બેરહેમીપૂર્વક વર્તન કરવામાં આવ્યું. આવી ઘટનાઓ લોકશાહી અને કાયદાની વ્યવસ્થાને પડકારતી હોય છે. ઈસુદાન ગઢવીએ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને સીધી અપીલ કરતા કહ્યું હતું કે જો ખરેખર સરકારમાં તાકાત હોય તો આ IPS અધિકારી સામે તરત જ કડક કાર્યવાહી કરવામાં આવે અને તેનો વરઘોડો કાઢવામાં આવે. કોઈ પણ અધિકારીને ગરીબ અને સામાન્ય લોકો પર અત્યાચાર કરવાનો અધિકાર નથી. AAP નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી આ પીડિત યુવાન સાથે મજબૂત રીતે ઉભી છે અને તેને ન્યાય અપાવવા માટે જે પણ કરવું પડશે તે AAP કરશે. ફેસબુક લાઈવના માધ્યમથી ઈસુદાન ગઢવીએ રાજ્ય સરકારને ચેતવણી આપતા કહ્યું હતું કે જો આ મામલે તાત્કાલિક અને કડક કાર્યવાહી નહીં કરવામાં આવે તો લોકોનો વિશ્વાસ કાયદા વ્યવસ્થાથી ઉઠી જશે. તેમણે વધુમાં કહ્યું હતું કે જો આજે ગુજરાતમાં આમ આદમી પાર્ટીની સરકાર હોત તો 24 કલાકની અંદર આ IPS અધિકારીને જેલમાં મોકલી દેવામાં આવ્યો હોત. કાયદા કરતા કોઈ મોટું નથી અને સત્તાનો દુરુપયોગ કરનારને કડક સજા મળવી જ જોઈએ. ઈસુદાન ગઢવીએ સંબંધિત IPS અધિકારીને ચેલેન્જ આપતા કહ્યું હતું કે જેનો સંપર્ક કરવો હોય કરો, પરંતુ આ અન્યાય બદલ અમે તમને છોડીશું નહીં અને પાતાળમાંથી પણ શોધીને સજા અપાવીશું. પીડિત યુવાનને ન્યાય અપાવવા માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવે અને દોષિતને કાયદેસરની કડક સજા અપાવવામાં આવે એવી અમે અર્થ સંઘવી અને ભુપેન્દ્રભાઈ પટેલ સમક્ષ માંગ કરીએ છીએ.

## જવાબદાર અધિકારીને જેલના સળિયા પાછળ ધકેલવા પ્રવિણ રામે કરી ઉગ્ર માંગ



અમદાવાદ : રાજકોટમાં કોળી સમાજના યુવાન પર થયેલા અત્યાચાર બાબતે આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ અને જાણીતા ખેડૂત નેતા પ્રવિણ રામ કોળી સમાજના સમર્થનમાં આવ્યા છે. તેમણે એક વીડિયોના માધ્યમથી આ મુદ્દે વાત કરતા જણાવ્યું હતું કે, તાજેતરમાં રાજકોટમાં કોળી સમાજના યુવાન પર એક આઈપીએસ અધિકારીએ બર્બરતાપૂર્વક અત્યાચાર કર્યો હોય એવી ઘટના સામે આવી છે. આ પીડિત યુવાનના કહેવા મુજબ એ યુવાનને તપાસના નામે બોલાવીને તેને નિર્વસ્ત્ર કરીને ઊંધો લટકાવીને તેના પર અત્યાચાર કરવામાં આવ્યો. ત્રણથી ચાર કલાક સુધી આ કોળી સમાજના યુવક પર અત્યાચાર કરવામાં આવ્યો હતો. તેની સાથે એ રીતનો પણ અત્યાચાર કરવામાં આવ્યો જેના ઉપર આપણે જાહેરમાં ચર્ચા પણ ન કરી શકીએ. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે, આ ઘટનામાં તાત્કાલિક તપાસ કરીને જે જવાબદાર અધિકારી હોય તેમના પર ફોજદારીનો ગુનો લાગુ કરવામાં આવે અને એમને જેલના સળિયાની પાછળ ધકેલી દેવા જોઈએ. હાલ ભાજપના શાસનમાં અધિકારીઓ બેફામ બન્યા છે અને અમુક અધિકારીઓ પોતાની જાગીર સમજીને બેસી ગયા છે.

## અમદાવાદમાં હૃદયદ્રાવક ઘટના: અઢી મહિનાની બાળકી ટાંકીમાં પડતા મોત, પિતાએ પત્ની વિરુદ્ધ નોંધાવી ફરિયાદ




અમદાવાદ : અમદાવાદ શહેરના અમરાઈવાડી વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં અઢી મહિનાની માસૂમ બાળકીનું પાણીની ટાંકીમાં પડી જવાથી મોત નીપજ્યું છે. આ મામલે બાળકીના પિતાએ પોતાની પત્ની પર બેદરકારી અને સત્ય છુપાવવાનો આક્ષેપ કરી પોલીસ ફરિયાદ નોંધાવી છે.

અમરાઈવાડી વિસ્તારમાં રહેતા અને વટવા ખાતે મશીન ઓપરેટર તરીકે કામ કરતા દીપકભાઈ મકવાણાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, આ ઘટના 27 માર્ચના રોજ બની હતી. સવારે 8 વાગ્યે દીપકભાઈ નોકરી પર ગયા હતા, ત્યારે ઘરે તેમની પત્ની મોનિકા (33) અને બે પુત્રીઓ (5 વર્ષની પુત્રી અને અઢી મહિનાની વિશ્વ ઉર્ફે વિવા) હાજર હતા.સવારે 11 વાગ્યાની આસપાસ જ્યારે દીપકભાઈ ગેસ સિલિન્ડર બુક કરાવવા ગયા હતા, ત્યારે પડોશીએ તેમને ફોન કરી તાત્કાલિક ઘરે બોલાવ્યા હતા. ઘરે પહોંચતા જ તેમને જાણવા મળ્યું કે તેમની નાની દીકરી પાણીની ટાંકીમાં પડી ગઈ છે. બાળકીને તાત્કાલિક એલ.જી. હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.

ફરિયાદમાં દીપકભાઈએ આક્ષેપ કર્યો છે કે, તેમની પત્ની મોનિકા સવારે 11 વાગ્યે બાળકીને લઈને અગાસી પર પાણીની મોટર ચાલુ કરવા ગઈ હતી. તે સમયે બાળકી તેના હાથમાંથી સરકીને ખુલ્લી ટાંકીમાં પડી ગઈ હતી. ગભરાઈ ગયેલી પત્નીએ બૂમાબૂમ કરવાને બદલે ડરના માર્યા ટાંકીનું ઢાંકણું બંધ કરી તેના પર એલ્યુમિનિયમની પ્લેટ ઢાંકી દીધી હતી. દીપકભાઈનું કહેવું છે કે જો તેમની પત્નીએ તાત્કાલિક પડોશીઓને જાણ કરી હોત, તો કદાચ બાળકીનો જીવ બચી શક્યો હોત. બાદમાં પત્નીએ આ સમગ્ર હકીકત કબૂલી હતી. અમરાઈવાડી પોલીસે પિતાની ફરિયાદના આધારે માતા વિરુદ્ધ બેદરકારીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસ બાદ જ આ ઘટના પાછળના ચોક્કસ તથ્યો બહાર આવશે.

## અમદાવાદમાં PTC કોલેજમાં અધ્યાપકે વિદ્યાર્થિનીની છેડતી કરતા સસ્પેન્ડ, તપાસ માટે સમિતિની રચના

અમદાવાદ : અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં આવેલી અને શિક્ષણ જગતમાં મોટું નામ ધરાવતી શેઠ સી.એન. વિદ્યાવિહાર સંસ્થાના કેમ્પસમાં આવેલી PTC કોલેજમાં એક શરમજનક ઘટના સામે આવી છે. કોલેજના એક સિનિયર અધ્યાપક પર વિદ્યાર્થિનીની છેડતી કરવાનો ગંભીર આરોપ લાગ્યો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને કોલેજ મેનેજમેન્ટ દ્વારા અધ્યાપકને તાકીદની અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે અને તપાસ માટે સમિતિની રચના કરવામાં આવી છે.મળતી માહિતી અનુસાર, આ ઘટના ગત 20મી તારીખે બની હતી. વિદ્યાર્થિનીએ કરેલી લેખિત ફરિયાદ મુજબ, તે દિવસે કોલેજમાં પ્રીલિમ પરીક્ષા ચાલી રહી હતી. પરીક્ષા દરમિયાન સંબંધિત અધ્યાપકે વિદ્યાર્થિનીનો હાથ પકડ્યો હતો અને તેમની દાનત ખરાબ હતી. આ ઘટનાથી ડરી ગયેલી વિદ્યાર્થિનીએ તે દિવસે કોઈને જાણ કરી ન હતી.આ ઘટનાના ચાર દિવસ બાદ, એટલે કે 24મી તારીખે, ડાયેટ (District Institute of Education and Training)ના અધિકારીઓ કોલેજમાં ઈન્સ્પેક્શન માટે આવ્યા હતા. ઈન્સ્પેક્શન દરમિયાન મહિલા પ્રોફેસરે જ્યારે વિદ્યાર્થીઓને તેમની કોઈ સમસ્યા કે ફરિયાદ હોય તો જણાવવા કહ્યું, ત્યારે પીડિત વિદ્યાર્થિનીએ હિંમત દાખવીને અધ્યાપક દ્વારા કરાયેલી છેડતીની વાત કરી હતી.આ ઘટના બાદ, સંસ્થા દ્વારા વિદ્યાર્થિનીના માતા-પિતા સાથે વાત કરવામાં આવી હતી. 27મી માર્ચે વિદ્યાર્થિની અને તેના માતા-પિતા કોલેજ કેમ્પસમાં આવ્યા હતા અને વિદ્યાર્થિનીએ લેખિત ફરિયાદ આપી હતી. ફરિયાદ મળતા જ કોલેજ મેનેજમેન્ટ દ્વારા આરોપી અધ્યાપકને તરત જ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ અંગે સી.એન. વિદ્યાવિહારના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. વૈશાલી શાહે જણાવ્યું હતું કે, 'અમારી સંસ્થા 100 વર્ષથી પણ વધુ જૂનો ઈતિહાસ ધરાવે છે અને ક્યારેય આવી ફરિયાદ સામે આવી નથી. આ સંસ્થામાં આ પ્રકારની પ્રથમ ઘટના છે. અમને ફરિયાદ મળી છે અને અમે તાકીદે અધ્યાપકને સસ્પેન્ડ કર્યા છે.' નિયમ મુજબ, કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણી અટકાવવા માટે સંસ્થાની 'વિશાખા સમિતિ' ને આ કેસની તપાસ સોંપી દેવામાં આવી છે. આ સમિતિ સમગ્ર મામલાની તપાસ કરશે અને તેના અહેવાલના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સંસ્થા દ્વારા ખાતરી આપવામાં આવી છે કે કાર્યવાહીમાં કોઈ પણ પ્રકારની ઢીલાશ રાખવામાં આવશે નહીં.

## અમરેલીમાં રોડકામમાં ભ્રષ્ટાચાર, કરોડો રૂપિયાનો ખર્ચ છતાં સેમ્પલ ફેલ : નિકુંજ સાવલિયા

અમદાવાદ : આમ આદમી પાર્ટી અમરેલી જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયાએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે જનતાના ટેક્સના પૈસે અમરેલીમાં બનેલા રસ્તાઓની હાલત ખૂબ જ નબળી છે અને આ જીવતું જાગતું ઉદાહરણ છે કે સરકારના કામોમાં કેવી રીતે ભ્રષ્ટાચાર થાય છે. થોડા મહિનાં પહેલાં બનાવવામાં આવેલો રોડ આજે દયનીય હાલતમાં જોવા મળી રહ્યો છે અને તેના સેમ્પલ પણ ફેલ થઈ ગયા છે. આખો રોડ નબળી ગુણવત્તાનો બનાવવામાં આવ્યો છે. છેલ્લા દોઢથી અઢી વર્ષથી આ રોડનું કામ ચાલી રહ્યું છે, છતાં આજે પણ તેની સ્થિતિ સંતોષકારક નથી. રોડનું કામ શરૂ થયાથી લઈને અત્યાર સુધી તેમાં યોગ્ય દેખરેખ રાખવામાં આવી નથી. પ્રદેશના અધિકારીઓ અને જનપ્રતિનિધિઓ આ વિસ્તારમાં આવતા હોવા છતાં કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી. વિચારવા જેવી વાત એ છે કે જે વિસ્તારમાં રાજ્યના કાયદામંત્રીનો પ્રભાવ છે, ત્યાં જ કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ બેફામ બની કામ કરી રહ્યા છે અને કાયદાનો કોઈ ડર નથી. અંદાજે અગિયાર કરોડ રૂપિયાનો આ રોડ બનાવવામાં આવ્યો છે, છતાં જનતાના ટેક્સના પૈસાનો ખુલ્લેઆમ દુરુપયોગ થઈ રહ્યો છે.

## કોળી સમાજના પત્રકાર યુવાનને બેરહેમીથી માર મારવામાં આવ્યો: રાજુભાઈ સોલંકી

અમદાવાદ : આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકીએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે જે રીતે છેલ્લા ઘણા સમયથી ગુજરાતની અંદર પોલીસ દ્વારા ઠાકોર સહિત પછાત સમાજના લોકો ઉપર અન્યાય કરવામાં આવી રહ્યો છે અને બર્બતા પૂર્વક બેરહેમીથી મારપીટ કરવામાં આવી રહી છે તેમજ ખોટા કેસો કરવામાં આવી રહ્યા છે, તે ચિંતાજનક બાબત છે. તેમણે જણાવ્યું કે બગદાણા, આણંદ અને તાજેતરમાં રાજકોટની ઘટનાઓ એનું જીવતું જાગતું ઉદાહરણ છે. તેમણે વધુમાં જણાવ્યું કે રાજકોટમાં સુરેશભાઈ નામના ઠાકોર સમાજના પત્રકાર યુવાનને બેરહેમીથી પોલીસ સ્ટેશનમાં લાવીને ઢોરમાર મારવામાં આવ્યો. સુરેશભાઈનો ગુનો માત્ર એટલો હતો કે તેઓ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે અવાજ ઉઠાવતા હતા. રાજકોટના એક મોટા બિલ્ડર દ્વારા રોડ પર ગેરકાયદેસર રીતે મુકાયેલા બિલ્ડિંગ મટિરિયલનો વિડિયો બનાવી સુરેશભાઈએ વાયરલ કર્યો હતો. રાજુભાઈ સોલંકીના જણાવ્યા મુજબ, આ મામલે ડીસીપી જગદીશ બાંગરવા દ્વારા સુરેશભાઈને દબોચી લોકઅપમાં લઈ જઈ ગંભીર રીતે મારપીટ કરવામાં આવી. તેમણે આક્ષેપ કર્યો કે જે પ્રકારની હિંસા ગંભીર ગુનેગારો સામે પણ ન થાય તે રીતે આ યુવાન સાથે વર્તન કરવામાં આવ્યું. તેમણે આ પણ જણાવ્યું કે યુવાન સાથે અમાનવીય વર્તન કરવામાં આવ્યું, જેમાં તેના ગુપ્તાંગમાં પેટ્રોલ નાખવામાં આવ્યું અને ઈલેક્ટ્રિક શૉક આપવામાં આવ્યો, જે માનવતાની હદ વટાવતું કૃત્ય છે.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટેના પૂર્વ કચ્છ આમ આદમી પાર્ટીના ઉમેદવારોનું સ્ક્રિનિંગ કેમ્પ ગાંધીધામ ખાતે યોજાયો





કચ્છ : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે ઉમેદવારોની પસંદગી માટે પૂર્વ કચ્છ આમ આદમી પાર્ટી દ્વારા કચ્છના કાર્યકારી અધ્યક્ષ કૈલાસદાન ગઢવી અને પૂર્વ કચ્છ આમ આદમી પાર્ટીના પ્રમુખ ડો. કાયનાત અન્સારી આથા ની અધ્યક્ષતામાં સ્ક્રિનિંગ કેમ્પ યોજવામાં આવ્યો હતો.અંજાર, ગાંધીધામ, રાપર વિધાનસભા વિસ્તારમાંથી બહોળી સંખ્યામાં લોકોએ હાજર રહી પોતાની ઉમેદવારી નોંધાવી હતી. પૂર્વ કચ્છ આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા શુરુ કરવામાં આવી છે. આ સ્ક્રિનિંગ પ્રક્રિયામાં મહા મંત્રી નિલેશ મેહતા, ગજરાજસિંહ રાણા, શક્તિસિંહ જાડેજા, રાયસીંભાઈ, સંજય સરિયાંલા તથા બહોળી સંખ્યામાં ઉમેદવારી નોંધાવા લોકો હાજર રહ્યા હતા.

### LPG થી PNG તરફ સ્થળાંતર

## ગુજરાતમાં LPGની બૂમરાણ વચ્ચે સરકારને 10,000 ફરિયાદો મળી, 17થી વધુ લોકો સામે ગુનો નોંધાયો

(એજન્સી) ગાંધીનગર | તા 28

દેશમાં ઈંધણ અને ગેસ પુરવઠાને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે ગુજરાત સરકારે મહત્ત્વપૂર્ણ પગલા લીધા છે. આજે (28 માર્ચ, 2026) વહેલી સવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી રાજ્યમાં PNG અને LPG સપ્લાયની સ્થિતિની સમીક્ષા કરી હતી.જેમાં છેલ્લા પાંચ દિવસથી ગેસ અને ઈંધણની અછત અંગે જે અફવાઓ ફેલાઈ રહી છે તેનાથી નાગરિકોએ દૂર રહેવું જોઈએ. અફવા ફેલાવી ભયનું વાતાવરણ ઊભું કરનારા તત્વો સામે કડક કાયદાકીય પગલાં લેવામાં આવે. આ માટે જિલ્લા કલેક્ટરો અને SP ને ખાસ આદેશ આપવામાં આવ્યા છે. રાજ્યમાં ગેસ સિલિન્ડરને લગતી અંદાજે 10,000 જેટલી ફરિયાદો સરકારને મળી હતી, જેનું નિરાકરણ લાવવાની પ્રક્રિયા તેજ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત કાળાબજારી કરનારા 17 થી વધુ લોકો સામે ગુના નોંધવામાં આવ્યા છે.



ગુજરાત હાલમાં 23 ટકા PNG સપ્લાય સાથે દેશમાં અગ્રેસર છે. હવે સરકારનો લક્ષ્યાંક છે કે, અમદાવાદ જેવા મહાનગરોમાં તમામ કોમર્શિયલ કનેક્શનને PNG માં રૂપાંતરિત કરવામાં આવે. હોસ્પિટલો, શાળાઓ અને અન્ય જાહેર સંસ્થાઓમાં પણ ફરજિયાત PNG કનેક્શન આપવામાં આવશે. નવા PNG કનેક્શન માટેની પ્રક્રિયા ઝડપી બનાવી વધુમાં વધુ પરિવારોને પાઈપલાઈન ગેસ સાથે જોડવામાં આવશે.

## પોરબંદર જિલ્લા પ્રભારી મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા માધવપુર ઘેડ મેળામાં ઉપસ્થિત રહેશ



નરેન્દ્ર દવે | જૂનાગઢ

પોરબંદર, તા.૨૭: પોરબંદર જિલ્લાના પ્રભારી તથા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તેમજ ગ્રામ વિકાસ વિભાગના મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા ભગવાન શ્રી કૃષ્ણ અને દેવી રુક્મિણીના પાવન વિવાહ પ્રસંગે યોજાતા ઐતિહાસિક માધવપુર ઘેડ મેળામાં તા.૨૮ માર્ચના ઉપસ્થિત રહેશે . ઉલ્લેખનીય છે કે માધવપુર ઘેડ ખાતે દર વર્ષે ભવ્ય રીતે યોજાતો આ મેળો ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવે છે. શ્રી કૃષ્ણ અને રુક્મિણીજીના વિવાહ પ્રસંગે યોજાતા આ મેળામાં રાજ્યભરના તેમજ દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ ઉમટી પડે છે.

### હુમલો તેના પિતા દ્વારા જ કરવામાં આવ્યો છે

## અમદાવાદ: નરોડામાં યુવતી પર એસિડ જેવું જ્વલનશીલ પ્રવાહી ફેંકી હુમલો

અમદાવાદ : અમદાવાદ શહેરમાં અસામાજિક તત્ત્વોનો આતંક સતત વધી રહ્યો છે, ત્યારે નરોડા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શુક્રવારે (27મી માર્ચ) મોડી સાંજે નોકરી પરથી ઘરે પરત ફરી રહેલી 28 વર્ષીય યુવતી પર અજાણ્યા શખસે એસિડ જેવું જ્વલનશીલ પ્રવાહી ફેંકી જીવલેણ હુમલો કર્યો છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.મળતી માહિતી અનુસાર, નરોડાના ગેલેક્સી વિસ્તારમાં 28 વર્ષીય યુવતી પોતાની નોકરી પૂરી કરી માર્ગ પરથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન પાછળથી હેલ્મેટ પહેરીને આવેલા અજાણ્યા શખસે યુવતી પર ઓચિંતા એસિડ જેવું કોઈ તીવ્ર જ્વલનશીલ પ્રવાહી ફેંક્યું હતું. પ્રવાહી શરીરે અડતા જ યુવતી રસ્તા પર ઢળી પડી હતી અને અસહ્ય પીડાને કારણે ચીસાચીસ કરવા લાગી હતી. હુમલો કર્યા બાદ હુમલાખોર અંધારાનો લાભ લઈ ત્યાંથી નાસી છૂટ્યો હતો. આ હુમલામાં યુવતીના હોઠ અને આંખના ભાગે પ્રવાહી પડતા તેને ગંભીર ઈજાઓ પહોંચી છે. સદનસીબે શરીરના અન્ય ભાગો પર પ્રવાહી પડ્યું નથી, પરંતુ ચહેરાના ભાગે થયેલી ઈજાઓને કારણે તેની હાલત ગંભીર હોવાનું જણાવાઈ રહ્યું છે. ભોગ બનનાર યુવતીને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.નરોડા પોલીસ સ્ટેશન દ્વારા આ મામલે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. પીડિતાના માતા-પિતા વચ્ચે લાંબા સમયથી પારિવારિક વિખવાદ ચાલી રહ્યો છે. પીડિતા અને તેની માતાએ આક્ષેપ કર્યો છે કે, આ હુમલો તેના પિતા દ્વારા જ કરવામાં આવ્યો છે અથવા તો કોઈ અન્ય પાસે કરાવવામાં આવ્યો છે. પિતાની સંડોવણી હોવાની આશંકાને પગલે પોલીસે તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## સાયન્સ સિટી વિસ્તારમાં ૧૨ વૃક્ષોનુ નિકંદન કઢાયું, અમદાવાદમાં ૧૫ વર્ષમાં ૧૫ હજાર વૃક્ષોનું ગેરકાયદે નિકંદન,તંત્ર બેદરકાર

અમદાવાદ : અમદાવાદના સોલા સાયન્સ સિટી વિસ્તારમાં કેઆઈસીટી કોમ્પ્યુટર કલાસીસ દ્વારા તેના કલાસીસની જાહેરાત દેખાય એ માટે ૧૨ જેટલા ૩૦ વર્ષ જુના ઘટાદાર વૃક્ષોનુ નિકંદન કાઢી નંખાયુ.ઉત્તર-પશ્ચિમ ઝોનના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરે આ કલાસીસના સંચાલકને ૧૨વૃક્ષ સામે ૧૨૦ વૃક્ષ ઉગાડવા તથા ૩.૨૪ લાખ વહીવટી દંડ ભરવા નોટિસ અપાઈ છે.કેટલુ પાલન થશે તે તંત્રને પણ ખબર નથી.૧૫ વર્ષમાં શહેરમાં ૧૫ હજાર વૃક્ષોનુ ટોચના ભાગેથી ગેરકાયદે નિકંદન કાઢી નાંખવામા આવ્યુ તેમ છતાં મ્યુનિસિપલ તંત્રે આંખ આડા કાન કરી બેદરકારી પ્રદર્શિત કરી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરે કરેલા દાવા મુજબ, ગોતા વોર્ડમાં કે.આઈ.સી.ટી.કોમ્પ્યુટર એજ્યુકેશન કલાસીસ સી-૨૦૭ અઝોન સોલીટર નામના કોમર્શિયલ બિલ્ડિંગમાં ચલાવવામા આવી રહયા છે.આ કલાસીસના સંચાલક દ્વારા તેમના કલાસીસની જાહેરાત દેખાય એ માટે પૂર્વ મંજુરી વગર ૧૨ વૃક્ષોનુ નિકંદન કાઢી નાંખ્યુ હતુ.

### ગોઝારીયા-પાટણ હાઈવે નું કામ પુરુ થયું નથી રોડ પર ગાબડા પડ્યા

## ચાણસ્મા ગંજ બજારથી લઈ ઝિલીયા સુધી ફોરલેન હાઈવે પર ઠેર-ઠેર ગાબડાં પડ્યાં

| નિતીન ઠાકર | ચાણસ્મા

પાટણથી ગોઝારીયા સુધીના માર્ગનું ફોરલેન હાઈવે બનાવવાનું રોડનું કામ લગભગ પુરુ થવાની. તૈયારી છે ત્યારે તાજેતર માં બની પાટણ ચાણસ્મા-મહેસાણા રોડ પર અત્યારથી જ ગાબડાં પડવાના શરૂ થઈ જતા રોડ ની ગુણવત્તા પર અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે બીજી તરફ હાઈવે રોડ બનાવતી વખતે તેની ગુણવત્તાની ચકાસણી સહિતની જવાબદારી જેના શિર પર હોય છે. તે જવાબદાર સરકારી તંત્ર સામે પણ સવાલો ઊભા થયા છે. જવાબદાર અધિકારીઓ બની રહેલ રોડ ની ગુણવતા ચકાસણી કરે છે કે કેમ તે અંગે અનેક સવાલો ઉઠી રહ્યા છે. ચાણસ્મા પાટણ હાઈવે ઉપર આવેલ ગંજબજાર નજીક છેલ્લા



ઘણા સમયથી મસમોટા ગાબડાં પડી જવા પામ્યા છે. જેના કારણે ગંજબજાર માંથી બહાર નીકળતા વાહનો તથા સામે પાટણ તરફથી ગાબડાં ઓળંગીને પસાર થતાં વાહનો જો સામસામે આવે તો ભયાનક અકસ્માત સર્જવાની ભીતી પણ સેવાઈ રહી છે. તો બીજી તરફ ચાણસ્માથી મહેસાણા હાઈવે તરફ ધાણોધરડા ગામથી થોડે દુર પણ રોડ પર ગાબડાં પડી જવા પામ્યા છે. તદ્પરાંત ઝિલીયા ગામ નજીક પણ તાજેતરમાં જ ગાબડું પડ્યું હોવાનું સામે આવ્યું છે. જેને લઈને રોડની કામગીરી કરનાર કન્ટ્રક્શન એજન્સી દ્વારા કેવા પ્રકારનું મટીરીયલ વાપરવામાં આવ્યું છે. તેના પર અનેક સવાલો ખડા થયા છે. અત્રે નોંધનીય છે કે ભુતકાળમાં પણ પાટણથી ગોઝારીયા સુધીના ફોરલેન હાઈવેની કામગીરી દરમિયાન કન્ટ્રક્શન એજન્સી દ્વારા કરેલી કામગીરી બાદ અનેક વખત ગાબડાં પડી જવાની ઘટનાઓ પણ પ્રકાશમાં આવી હતી. જેને લઈ સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલા ફોરલેન હાઈવે રોડની ગુણવત્તા કેટલા સમય સુધી ટકાઉ રહેશે. તેવા સવાલો ઊભા થયા છે. તેમજ રોડ પર પડેલા ગાબડાંઓને કારણે અકસ્માત થવાની પણ ભીતી સેવાઈ રહી છે.

### જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકોના પ્રકાર જાહેર કરાયા

## ખેડા અને આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ માટે અનુસૂચિત જનજાતિની બેઠકની ફાળવણી

નડિયાદ: ખેડા જિલ્લા પંચાયત અને ૧૧ તાલુકા પંચાયતમાં પ્રમુખ પદ માટેનું રોટેશન જાહેર કરાયું હતું. ખેડા જિલ્લા પંચાયતના પ્રમુખ પદ માટે અનુસૂચિત જનજાતિ( એસટી) માટે ફાળવવામાં આવ્યું છે. જ્યારે આગામી અઢી વર્ષની ટમ માટે નવા ચહેરાઓને નેતૃત્વ કરવાની તક મળશે. જ્યારે આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ માટે અનુસૂચિત જનજાતિની બેઠકની ફાળવણી કરાઈ છે.કપડવંજ તાલુકા પંચાયતમાં પ્રમુખ પદ માટે અુસૂચિત જાતિ ( એસટી) માટે અનામત રાખવામાં આવ્યું છે. નડિયાદ તાલુકા પંચાયતમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ( એસસીબીસી)ના પ્રતિનિધિ પ્રમુખ બની શકશે. આ ઉપરાંત ફાગવેલ અને માતર તાલુકા પંચાયતમાં પ્રમુખ પદ માટે એસસીબીસી મહિલાઓ માટે અનામત જાહેર કરાયા છે. જ્યારે ગળતેશ્વર, કઠલાલ અને ઠાસરા તાલુકા પંચાયતમાં સામાન્ય વર્ગની મહિલાઓ માટે પ્રમુખ પદ ફાળવવામાં આવ્યું છે. ખેડા, મહુધા, મહેમદાવાદ અને વસો તાલુકા પંચાયતોમાં પ્રમુખ પદ સામાન્ય વર્ગ માટે બિન અનામત રાખવામાં આવ્યો છે. જ્યાં કોઈપણ વર્ગના ચૂંટાયેલા સભ્યો નસીબ અજમાવી શકાશે. વહીવટી તંત્રના જાહેરનામા બાદ હવે જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

વિકાસ કમિશનરના નવા જાહેરનામામાં મહિલા પ્રતિનિધિત્વ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. જિલ્લાની કુલ ૧૧ તાલુકા પંચાયતોમાંથી ૫ તાલુકા પંચાયતોમાં મહિલાઓ પ્રમુખ બનશે. જેમાં ફાગવેલ અને માતર તાલુકા પંચાયતમાં પછાત વર્ગની મહિલાઓ તેમજ ગળતેશ્વર, કઠલાલ અને ઠાસરામાં સામાન્ય વર્ગની મહિલાઓ પ્રમુખ પદે બિરાજશે. આ ફેરફારને કારણે ગ્રામીણ સ્તરે મહિલા નેતૃત્વને નવી ઊંચાઈ મળશે અને વહીવટી પ્રક્રિયામાં પણ ી શક્તિનો પ્રભાવ વધશે. ખેડા જિલ્લામાં સામાજિક સમાનતાના ભાગરૂપે કપડવંજ તાલુકા પંચાયતમાં પ્રમુખ પદ અનુસૂચિત જાતિ માટે ફાળવવામાં આવ્યું છે. લાંબા સમય બાદ આ વિસ્તારમાં અનુસૂચિત જાતિના પ્રતિનિધિને સર્વોચ્ચ પદ પર બેસવાની તક મળશે. તંત્ર દ્વારા આંકડાકીય વિગતો અને વસ્તીના ધોરણે કરવામાં આવેલી આ ફાળવણીને પગલે દલિત સમાજના સભ્યોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હવે કપડવંજ પંથકના વિકાસ કાર્યોનું સુકાન આ કેટેગરીના ચૂંટાયેલા પ્રતિનિધિ હસ્તક રહેશે.

ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદ તાલુકા પંચાયત માટે પણ મહત્વની જાહેરાત કરવામાં આવી છે. પ્રમુખ પદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસઈબીસી) માટે અનામત રાખવામાં આવ્યું છે. નડિયાદ તાલુકાના રાજકારણમાં હંમેશા એસસીબીસી મતદારોનો પ્રભાવ રહ્યો છે ત્યારે હવે સત્તાવાર રીતે પણ પ્રમુખ પદ આ જ કેટેગરીને ફાળવવામાં આવતા સ્થાનિક નેતાઓ સક્રિય થઈ ગયા છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### 'મમ્મી-પપ્પા'ની બૂમ સંભળાઈ અને આસપાસના લોકો દોડી આવ્યા

# સાધના સોસાયટીમાં સિલિન્ડર બ્લાસ્ટ બે લોકો ગંભીર રીતે દાઝી ગયા

(એજન્સી) રાજકોટ । તા. 28

શહેરના સહકાર મેઈન રોડ પર આવેલી સાધના સોસાયટીમાં ગતરોજ બપોરના સમયે એક હ્રદયદ્રાવક અને ભયાનક ઘટના સામે આવી છે. અહીં આવેલા એક રહેણાંક મકાનમાં અચાનક બે ગેસ સિલિન્ડરમાં પ્રચંડ બ્લાસ્ટ થતા સમગ્ર વિસ્તાર ધ્રુજી ઉઠ્યો હતો. આગ ઓલવવા માટે પાણી છાંટી રહેલા લોકો કઈ સમજે તે પહેલા જ થયેલા ધડાકાને કારણે આખી સોસાયટીમાં અફરાતફરી અને ભયનો માહોલ મચી ગયો હતો. આ દુર્ઘટનામાં બે વ્યક્તિઓ ગંભીર રીતે દાઝી ગઈ છે, જેમને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલના બર્ન્સ વિભાગમાં ખસેડવામાં આવ્યા છે. ઘટના સ્થળેથી મોટી માત્રામાં ગેસના બાટલા અને ડીઝલનો જથ્થો મળી આવતા કાળાબજારીની આશંકા સેવાઈ રહી છે.

આ ભયાનક ઘટનાનો એક લાઈવ વીડિયો પણ સામે આવ્યો છે, જે સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે એક વ્યક્તિ હાથમાં પાણીની પાઈપ લઈને ગેઈટ પાસેથી આગ ઓલવવાનો અથાક પ્રયાસ કરી રહ્યો છે. તેની આસપાસ અન્ય લોકો પણ મદદ માટે ઉભા છે. એટલામાં જ, એકાએક ઘરમાંથી બે ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ થાય છે અને આગની જવાળાઓ બહાર ફેંકાય છે. ધડાકાના





અવાજ સાથે જ લોકોમાં નાસભાગ મચી જાય છે. સૌથી હ્રદયદ્રાવક બાબત એ છે કે, વીડિયોમાં એક નાનું બાળક પોતાના પિતા માટે આક્રંદ કરતું સંભળાય છે, તે કહે છે કે, "મમ્મી-પપ્પા જો, એ મારા પપ્પા..."

રાજકોટ ફાયર બ્રિગેડના જણાવ્યા અનુસાર, દુર્ઘટનાગ્રસ્ત મકાનના પાર્કિંગ વિસ્તારમાંથી અંદાજે ૪૦ જેટલા લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (LPG) ના ભરેલા સિલિન્ડર મળી આવ્યા છે. આ ઉપરાંત, ડીઝલથી ભરેલા ૫ કેરબા અને ગેસ રિફિલિંગ માટે વપરાતી ઈલેક્ટ્રીક મોટર પણ જપ્ત કરવામાં આવી છે. આટલી મોટી માત્રામાં વિસ્ફોટક પદાર્થોનો સ્ટોરેજ રહેણાંક વિસ્તારમાં હોવો એ મોટી બેદરકારી અને કાયદાનું ઉલ્લંઘન છે. ફાયર વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરીને બાકીના સિલિન્ડરોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા, નહીંતર વધુ મોટી જાનહાનિ થઈ શકી હોત.

આ સિલિન્ડર બ્લાસ્ટની લપેટમાં આવતા બે વ્યક્તિઓ ગંભીર રીતે દાઝી ગઈ છે. જેમાં ૫૫ વર્ષીય બિલ્ડર શામજીભાઈ લાખાભાઈ પટેલ અને ૨૦ વર્ષીય ટીઆરબી (TRB) જવાન મોહિત દીપકભાઈ ત્રિવેદીનો સમાવેશ થાય છે. બંનેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું મનાઈ રહ્યું છે. બ્લાસ્ટને કારણે પાર્કિંગમાં ઉભેલી કાર, એક્ટિવા અને વાસણો સહિતની કેટરર્સની સામગ્રીને પણ મોટું નુકસાન પહોંચ્યું છે. આગ પર કાબૂ મેળવી લેવાતા આસપાસના મકાનો બચી ગયા હતા.

ગેસ રિફિલિંગ અને કાળાબજારીના આરોપસર ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ એન્ટ્રી દાખલ કરવામાં આવી છે અને જવાબદારો સામે ફરિયાદ નોંધવાની તૈયારી ચાલી રહી છે. મકાન માલિક અશોકભાઈ રૈયાણીએ એવો દાવો કર્યો છે કે તેઓ પાણી ગરમ કરી રહ્યા હતા ત્યારે આગ લાગી હતી. જોકે, ફાયર વિભાગનું અનુમાન છે કે ગેસ એક બાટલામાંથી બીજા બાટલામાં ટ્રાન્સફર કરતી વખતે આ બ્લાસ્ટ થયો હોઈ શકે છે. પુરવઠા વિભાગે પણ ૪૦ ગેસ સિલિન્ડર અને ડીઝલના બેરલ કબજે કરીને તપાસ શરૂ કરી છે.

ફાયર વિભાગ દ્વારા મકાન માલિકને રહેણાંક મકાનમાંથી તમામ જોખમી સામગ્રીનો સ્ટોરેજ ખાલી કરવા અને બિલ્ડિંગના માન્ય દસ્તાવેજો, બિલ્ડિંગ યુઝ (BU) પરમિશન સર્ટીફીકેટ અને મંજૂર પ્લાન ફાયર સ્ટેશને રજૂ કરવા નોટિસ ફટકારવામાં આવી છે. આ ઘટનાએ ફરી એકવાર રહેણાંક વિસ્તારોમાં ચાલતા ગેરકાયદેસર ગેસ રિફિલિંગના કાળા કારોબાર સામે લાલબત્તી ધરી છે. નાગરિકોની સુરક્ષા સાથે ચેડા કરનારા તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. પોલીસ અને પુરવઠા વિભાગ અત્યારે સમગ્ર મામલે ઉંડાણપૂર્વક તપાસ કરી રહ્યા છે.

## વડોદરા દબાણ શાખા કામગીરી સરદાર એસ્ટેટથી હાઈવે સુધી મેગા ડ્રાઈવ યોજાઈ



વડોદરા | વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા અને જાહેર માર્ગોને ખુલ્લા કરવાના આશયથી વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખા દ્વારા આજે આક્રમક કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરના વોર્ડ નં. ૪ અને ૫ માં સમાવિષ્ટ સરદાર એસ્ટેટથી લઈને રાષ્ટ્રીય ધોરીમાર્ગ સુધીના મુખ્ય રસ્તાઓ પર થયેલા હંગામી દબાણો અને લારી-ગલ્લાઓનો પાલિકાએ સફાયો કર્યો હતો. આ કામગીરી દરમિયાન કુલ ૩ ટ્રક જેટલો સામાન જપ્ત કરવામાં આવતા દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, પાલિકાની ટીમે સરદાર એસ્ટેટથી હાઈવે સુધીના માર્ગ પર ઉભા કરી દેવાયેલા ગેરકાયદે ખાણીપીણીના લારી-ગલ્લા, પાણીપુરીની લારીઓ તેમજ ઉનાળાની સિઝનને ધ્યાનમાં રાખીને ઊભા કરાયેલા તરબૂચ અને શક્કરટેટીના તંબુઓ દૂર કર્યા હતા. આ વિસ્તારમાંથી જ માત્ર ૨ ટ્રક જેટલો સામાન કબજે કરવામાં આવ્યો હતો.

## વડોદરા ક્રાઈમ બ્રાન્ચ કેદીની ધરપકડ આજીવન કેદની સજા કાપતો હત્યારો જામીન પરથી થયો ફરાર

(એજન્સી) વડોદરા । તા. 28

વડોદરા નજીક આવેલા છોટાઉદેપુર જિલ્લાના વડીલની હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ભોગવતો અને વચગાળાના જામીન પર છૂટ્યા બાદ ફરાર થઈ ગયેલો પાકા કામનો કેદી આખરે વડોદરા ક્રાઈમ બ્રાન્ચના સકંજામાં આવ્યો છે. મિલકતની લાલચમાં પોતાના જ વડીલની હત્યા કરનાર પ્રવીણ અર્જુન તડવી નિર્ધારિત સમયે જેલમાં હાજર ન થતા પોલીસે તેને તેના વતન પાસેથી દબોચી લીધો છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, બોડેલીના ખાડિયા ગામનો રહેવાસી પ્રવીણ તડવી ૨૦૧૩ માં લોહિયાળ ખેલ ખેલ્યો હતો. ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૩ ના રોજ તેણે મિલકતનો ભાગ માંગવા બાબતે ઉગ્ર ઝઘડો કરી પરિવારના એક વડીલની કરપીણ હત્યા કરી હતી. આ કેસમાં કોર્ટે પુરાવાઓને આધારે તેને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી, જેની સજા તે જેલમાં કાપી રહ્યો હતો.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ગત ૧૨ માર્ચ ૨૦૨૬ ના રોજ પ્રવીણને કોર્ટે ૧૦ દિવસના વચગાળાના જામીન (Interim Bail) પર મુક્ત કર્યો હતો. જામીનનો સમયગાળો પૂર્ણ થયા બાદ તેણે જેલ સત્તાધીશો સમક્ષ હાજર થવાનું હતું, પરંતુ તે ફરાર થઈ ગયો હતો. જેલ સત્તાધીશોએ આ અંગે વડોદરા પોલીસને જાણ કરતા ક્રાઈમ બ્રાન્ચ સક્રિય થઈ હતી. મીડિયા અહેવાલ મુજબ, આરોપી તેના વતનમાં હોવાની બાતમી મળતા પોલીસે જાળ બિછાવી હતી.

તથ્યો મુજબ, વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ તેજ કરી હતી. આરોપી પ્રવીણ તડવી તેના વતન છોટાઉદેપુર પાસેના બસ સ્ટેન્ડ રોડ પર હોવાની ચોક્કસ માહિતી મળતા પોલીસે તેને ઘેરીને ઝડપી પાડ્યો હતો. હાલમાં પોલીસ દ્વારા તેને કોર્ટ સમક્ષ હાજર કરી જેલ હવાલે કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પેરોલ જમ્પ કરનાર ગુનેગારો સામે વડોદરા પોલીસે લાલ આંખ કરતા અન્ય ફરાર કેદીઓમાં પણ ફફડાટ જોવા મળી રહ્યો છે.




## MSU FY કોમર્સ એન્ટ્રન્સ ટેસ્ટ હવે ગુજરાતી-અંગ્રેજી બંને ભાષામાં લેવાશે

(એજન્સી) વડોદરા । તા. 28

વડોદરાની વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં આ વર્ષે એફવાય (FY) માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર આવ્યા છે. યુનિવર્સિટી સત્તાધીશોએ વિદ્યાર્થીઓની રજૂઆતોને ધ્યાનમાં રાખીને એન્ટ્રન્સ ટેસ્ટ અંગ્રેજીની સાથે ગુજરાતી ભાષામાં પણ લેવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી ખાસ કરીને ગુજરાતી માધ્યમમાંથી આવતા વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયામાં સમાન તક મળશે અને અન્યાયની ભીતિ દૂર થશે.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, કોમર્સ ફેકલ્ટીમાં પ્રવેશ માટે હવે નવી મેરિટ પદ્ધતિ અમલી બનશે. જેમાં ધોરણ ૧૨ ના પરિણામના ૭૫ ટકા અને એન્ટ્રન્સ ટેસ્ટના ૨૫ ટકા માર્કસ ગણતરીમાં લેવામાં આવશે. આ ઓનલાઈન એન્ટ્રન્સ ટેસ્ટ ૧૦૦ ગુણની રહેશે, જેમાં ૧૦૦ હેતુલક્ષી પ્રશ્નો પૂછાશે અને વિદ્યાર્થીઓને ૧૦૦ મિનિટનો સમય આપવામાં આવશે. ટેસ્ટમાં ધોરણ ૧૦ નું વાણિજ્ય ગણિત તેમજ ધોરણ ૧૧ ના એકાઉન્ટન્સી અને ઈકોનોમિક્સના પાયાના પ્રશ્નોનો સમાવેશ કરાશે. વિદ્યાર્થીઓને ખાનગી કોચિંગ ક્લાસના ભારણમાંથી મુક્ત કરવા માટે ફેકલ્ટી દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી છે.

## સિંગતેલ ભાવ વધારો ૨૦૨૬ મગફળીનો વિક્રમી પાક છતાં ડબ્બો 3000ને પાર

(એજન્સી) રાજકોટ । તા. 28

ગુજરાતમાં આ વર્ષે મગફળીનું રેકોર્ડબ્રેક ઉત્પાદન થયું હોવા છતાં સામાન્ય જનતાને સસ્તા તેલનો લાભ મળવાને બદલે મોંઘવારીનો ડામ મળી રહ્યો છે. તેલ લોબીની મનમાનીને કારણે સિંગતેલના ડબ્બાનો ભાવ ઈતિહાસમાં પ્રથમવાર રૂ. ૩૦૦૦ની સપાટી વટાવી ગયો છે. આશ્ચર્યની વાત એ છે કે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મગફળી અને ઘઉંના વિક્રમી ઉત્પાદનના દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ બજારમાં ભાવ ઘટવાને બદલે સતત વધી રહ્યા છે, જે ગૃહિણીઓના રસોડાનું બજેટ ખોરવી રહ્યું છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, વર્ષ ૨૦૨૫-૨૬માં ગુજરાતમાં મગફળીનું ઉત્પાદન અંદાજે ૬૦ થી ૬૬ લાખ ટન થવાની ધારણા છે, જે ગત વર્ષ કરતા ૨૫ ટકા વધુ છે. નિયમ મુજબ પુરવઠો વધતા ભાવ ઘટવા જોઈએ, પરંતુ અહીં ઉલટી ગંગા વહી રહી છે. સિંગતેલના ભાવ ગત વર્ષ કરતા ૨૫ ટકા મોંઘા થયા છે. માત્ર સિંગતેલ જ નહીં, કપાસિયા તેલનો ડબ્બો પણ રૂ. ૨૩૦૦ થી વધીને રૂ. ૨૫૧૦ એ પહોંચી ગયો છે. આયાતી પામતેલ અને સૂર્યમુખી તેલમાં પણ રૂ. ૨૦૦ થી ૨૫૦ નો ધરખમ વધારો ઝીંકાયો છે.

બજારના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, માત્ર તેલ જ નહીં પણ અન્ય ખાદ્યસામગ્રી પણ લાલચોળ થઈ છે. લીંબુના ભાવ આસમાને પહોંચ્યા છે અને મરચા પાવડરમાં પણ ભારે તેજી જોવા મળી રહી છે. રાંધણ ગેસના ભાવમાં પણ તાજેતરમાં રૂ. ૬૦ નો વધારો કરવામાં આવ્યો છે. ઘઉંના ઉત્પાદનમાં પણ ૧૦ લાખ ટનનો વધારો થયો હોવા છતાં, ગૃહિણીઓને વિણાટના ઘઉં રૂ. ૭૦૦ થી ૮૦૦ ના ઊંચા ભાવે ખરીદવા પડી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ મોંઘવારી પાછળ સંગ્રહખોરી અને તેલિયા રાજાઓની સિન્ડિકેટ કામ કરી રહી હોવાની આશંકા છે.

તથ્યો મુજબ, ગુજરાત સિંગતેલ ઉત્પાદનમાં આત્મનિર્ભર અને સરપ્લસ રાજ્ય હોવા છતાં સ્થાનિક ગ્રાહકોને કોઈ જ રાહત મળતી નથી. સરકાર આ મામલે મૌન સેવી રહી હોય તેવું જણાય છે, જે મોંઘવારી વધારવામાં 'મૂક


## વડોદરા માંજલપુર પાણીકાપ 30મી માર્ચે સાંજનો પુરવઠો બંધ રહેશે



વડોદરા | વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા નાગરિકો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. વડોદરા મહાનગરપાલિકાની પાણી પુરવઠા શાખા દ્વારા આગામી ૩૦મી માર્ચ ૨૦૨૬ના રોજ માંજલપુર પાણીની ટાંકી ખાતે જરૂરી ટેકનિકલ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરીને પગલે માંજલપુર વિસ્તારના અનેક સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારોમાં ૩૦મીએ સાંજે પાણીકાપ રહેશે અને ૩૧મીએ સવારે પાણી પુરવઠો ખોરવાઈ શકે છે. અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, પાલિકાની ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ શાખા દ્વારા માંજલપુર ટાંકી પર આવતી ૬૦૦ મી.મી. વ્યાસની મુખ્ય ફીડર લાઈન પર ચોક્કસ માપન માટે 'ફ્લોમીટર' બેસાડવાની કામગીરી કરવામાં આવશે. આ કારણે ૩૦ માર્ચ ૨૦૨૬, સોમવારના રોજ સાંજના ૫:૩૦ થી ૬:૩૦ અને ૭:૦૦ થી ૮:૦૦ વાગ્યાના ઝોનમાં પાણી વિતરણ સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે. આ કામગીરી મોડી રાત સુધી ચાલી શકે તેમ હોવાથી તેની અસર બીજા દિવસે પણ જોવા મળશે.

### ૧૩મી સદીના વિષ્ણુ મંદિરથી લઈ ગદાવાવ સુધીના સ્થાપત્યો આકર્ષણનું કેન્દ્ર

# માધવરાયજીનું પ્રાચીન મંદિર સ્થાપત્યકલાનો ઉત્તમ નમૂનો છે



(એજન્સી) પોરબંદર । તા. 28

ગુજરાતના દરિયાકાંઠે આવેલું માધવપુર ઘેડ માત્ર એક ગામ નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસની અમૂલ્ય વિરાસત છે. પોરબંદર નજીક સ્થિત આ નગરીનો ઉલ્લેખ પુરાણોમાં પણ જોવા મળે છે. અહીં આવેલું ૧૩મી સદીનું માધવરાયજીનું પ્રાચીન મંદિર સ્થાપત્યકલાનો ઉત્તમ નમૂનો ગણાય છે. સમુદ્ર સપાટીથી ૨૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું આ વિષ્ણુ મંદિર તેના બેજોડ શિલ્પો, કલાત્મક શિખરો અને ગર્ભદ્વારની કોતરણી માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. અત્યારે આ મંદિરના રિ-સ્ટોરેશનનું કાર્ય પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે, જેથી આવનારી પેઢી આ ભવ્ય વારસાને નિહાળી શકે.

### શ્રીકૃષ્ણ અને રુકમિણીના વિવાહનું સાક્ષી: ચોરી માયરા

માધવપુર ઘેડનું સૌથી મોટું મહત્વ ભગવાન શ્રીકૃષ્ણ અને રુકમિણીજીના લગ્ન સાથે જોડાયેલું છે. ગામની ઈશાન દિશામાં આવેલા મધુવનમાં જે સ્થળે ભગવાનના વિવાહ થયા હતા, તે સ્થાન આજે 'ચોરી માયરા' તરીકે ઓળખાય છે. દર વર્ષે ચૈત્ર માસમાં અહીં ભવ્ય મેળો ભરાય છે અને માધવરાયજીની જાન નીકળે છે. આ પરંપરા સદીઓથી અકબંધ છે. મધુવન વિશે એવી માન્યતા છે કે અહીં મધુ નામના દૈત્યનો સંહાર ભગવાન શ્રીકૃષ્ણે કર્યો હતો, જેના નામ પરથી આ વનનું નામ પડ્યું છે.

આ ઐતિહાસિક નગરીમાં ડગલે ને પગલે ધાર્મિક સ્થાપત્યો આવેલા છે. ગામના મુખ્ય દરવાજે આવેલો 'બ્રહ્મકુંડ' અત્યંત પવિત્ર મનાય છે. પુરાણો અનુસાર, શ્રીકૃષ્ણ અને પાંચ પાંડવોએ અહીં સ્નાન કર્યું હતું. આ ઉપરાંત, 'ગદાવાવ' પાછળ પણ એક રસપ્રદ કથા છે. મધુ દૈત્યનો નાશ કર્યા બાદ ભગવાને આ વાવમાં પોતાની ગદા ધોઈ હતી, તેથી તેનું નામ ગદાવાવ પડ્યું છે. અહીં આવેલી શ્રીમહાપ્રભુજીની બેઠક વૈષ્ણવ સંપ્રદાયની ૮૪ બેઠકોમાંની એક છે, જ્યાં આચાર્ય શ્રી વલ્લભાચાર્યજીએ સાત દિવસ સુધી ભાગવત કથાનું રસપાન કરાવ્યું હતું. માધવપુરમાં 'ગણેશજાળું' તરીકે ઓળખાતું જમણી સુંઢના ગણપતિનું પ્રાચીન મંદિર આવેલું છે, જે તેના શિલ્પ સમૂહ માટે જાણીતું છે. આ ઉપરાંત, 'મહારાણીનો મઠ' જે રુકમિણીજીના માવતરનું સ્થાન ગણાય છે, ત્યાં શ્રીકૃષ્ણ-રુકમિણીના હસ્તમેળાપનું સુંદર શિલ્પ કંડારાયેલું છે. સ્કંદપુરાણમાં જેનો ઉલ્લેખ છે તે 'બળદેવજીનો માંડવો' અને 'રેવતીકુંડ' આજે પણ સમુદ્ર કિનારે પ્રત્યક્ષ જોવા મળે છે. ચામુંડા માતાજીની ટેકરી પરથી સમગ્ર ઘેડ પ્રદેશની હરિયાળી અને મધુવંતી નદીનું મનોહર દ્રશ્ય દેખાય છે.

નીલકંઠ મહાદેવના મંદિર પાસે આવેલી ગુફા આ સ્થાન બૌદ્ધકાલીન હોવાના સંકેત આપે છે.

### ટોરેન્ટ ગેસ કંપનીએ પરિપત્રનો રાગ આલાપી ગ્રાહકો પાસે 6100 રૂપિયાની માંગણી કરી

# પેટ્રોલિયમ મંત્રાલયના સચિવનો નિર્ણય ગેસ કંપની માનતી નથી

(એજન્સી) જૂનાગઢ । તા. 28

કેન્દ્ર સરકાર અને ખાનગી ગેસ કંપનીઓ વચ્ચેના સંકલનના અભાવે જૂનાગઢના સામાન્ય નાગરિકો અત્યારે મુશ્કેલીમાં મુકાયા છે. બે દિવસ પૂર્વે કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ દેશભરમાં પીએનજી (PNG) કનેક્શન વધારવા માટે એક મોટી જાહેરાત કરી હતી, પરંતુ જૂનાગઢમાં આ જાહેરાતનો સરેઆમ ઉલાળિયો થઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. જૂનાગઢમાં પેટ્રોલિયમ મંત્રાલયના સચિવનો નિર્ણય ગેસ કંપની માનતી નથી અને ગ્રાહકો પાસેથી અગાઉની જેમ જ મસમોટી ડિપોઝિટની માંગણી કરવામાં આવી રહી છે, જેના કારણે સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ ભભૂક્યો છે.

જે નાગરિકો ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં નવું ગેસ કનેક્શન લેશે, તેમની પાસેથી કોઈ પણ પ્રકારનો સિક્યુરિટી ચાર્જ (ડિપોઝિટ) લેવામાં આવશે નહીં. આટલું જ નહીં, નવા ગ્રાહકોને પ્રોત્સાહન આપવા માટે ૫૦૦ રૂપિયા સુધીનો ગેસ મફત આપવાની પણ સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. સરકારનો ઉદ્દેશ્ય રાંધણ ગેસના બાટલાઓ નાબૂદ કરી પાઈપલાઈન મારફત સ્વચ્છ ઉર્જા પહોંચાડવાનો છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ જોવા મળી



રહી છે. જૂનાગઢમાં પાઈપલાઈન નાખવાનું કામ કરતી એકમાત્ર કંપની ટોરેન્ટ ગેસના કાર્યાલય પર જ્યારે નાગરિકો નવા કનેક્શન માટે પૂછપરછ કરવા પહોંચ્યા, ત્યારે તેમને મોટો આંચકો લાગ્યો હતો. કંપનીના અધિકારીઓએ સરકારની આવી કોઈ પણ સ્કીમ હોવાનો સીધો ઈનકાર કરી દીધો છે. ગ્રાહકો પાસે હજુ પણ જૂના નિયમ મુજબ ૬૧૦૦ રૂપિયાની સિક્યુરિટી ડિપોઝિટ ભરવાનો આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. જ્યારે ગ્રાહકોએ સચિવના આદેશનો હવાલો આપ્યો, ત્યારે કંપનીએ જણાવ્યું કે તેમની પાસે હજુ સુધી કોઈ સત્તાવાર પરિપત્ર (Circular) આવ્યો નથી અને પરિપત્ર વગર અમલીકરણ શક્ય નથી.

સરકારની આ રાહત યોજનાનો લાભ લેવા માટે ગ્રાહકો પાસે માત્ર ચારથી પાંચ દિવસનો જ સમય બચ્યો છે. જૂનાગઢના અનેક વિસ્તારોમાં ગેસની લાઈનો નખાઈ ગઈ હોવા છતાં, કંપનીના અક્કડ વલણને કારણે મધ્યમ વર્ગના પરિવારો આ યોજનાથી વંચિત રહી જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક નાગરિકો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે જો સરકારના મંત્રીઓ અને સચિવો આવી જાહેરાતો કરતા હોય, તો કંપનીઓ શા માટે તેનું પાલન કરતી નથી? શું આ માત્ર પ્રજાને છેતરવા માટેની 'લોલીપોપ' છે? એક તરફ સરકારી તંત્ર લોકોને પર્યાવરણના હિતમાં ગેસ લાઈન લેવા અપીલ કરી રહ્યું છે, તો બીજી તરફ ખાનગી કંપનીઓ પોતાની મનમાની ચલાવી રહી છે. જૂનાગઢના સેંકડો ગ્રાહકો અત્યારે દુવિધામાં છે કે ડિપોઝિટ ભરીને કનેક્શન લેવું કે સરકારના પરિપત્રની રાહ જોવી. જો ૩૧ માર્ચ વીતી જશે, તો ગ્રાહકોએ ફરજિયાતપણે મોટી રકમ ખર્ચવી પડશે. આ મામલે જિલ્લા વહીવટી તંત્ર અને પેટ્રોલિયમ મંત્રાલય હસ્તક્ષેપ કરે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

### પ્રતાપનગર રેલવે સ્ટેશન ટ્રેક સુધારણા

## રૂ. 10.69 કરોડના ખર્ચે વિકાસકાર્ય પૂર્ણ, મુસાફરોને મોટી રાહત

(એજન્સી) વડોદરા । તા. 28

વડોદરાના પ્રતાપનગર રેલવે સ્ટેશન પર ટ્રેન વ્યવહારને વધુ સુગમ, ઝડપી અને સુરક્ષિત બનાવવા માટે રેલવે તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલ મહત્વપૂર્ણ ટ્રેક સુધારણા કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. રૂ. ૧૦.૬૯ કરોડના ખર્ચે મંજૂર થયેલા આ પ્રોજેક્ટ અંતર્ગત સ્ટેશનના યાર્ડમાં અનેક ટેકનિકલ ફેરફારો કરવામાં આવ્યા છે, જેનાથી આગામી દિવસોમાં ટ્રેનોની સમયપાબંદીમાં મોટો સુધારો જોવા મળશે.

પ્રતાપનગર સ્ટેશન પર લાઈન નંબર-૬ ને ડાઉન મેઈન લાઈન સાથે સીધું જોડાણ (કનેક્ટિવિટી) આપવામાં આવ્યું છે. આ ફેરફારને કારણે યાર્ડમાં ટ્રેનોનું સંચાલન વધુ અસરકારક બનશે. કામગીરીના ભાગરૂપે પોઈન્ટ નંબર ૧૧૯/૧૨૦ ને કાયમી ધોરણે દૂર કરવામાં આવ્યા છે, જ્યારે પોઈન્ટ નંબર ૧૨૧/૧૨૨ ને અનુકૂળ જગ્યાએ સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. આ ફેરફારથી ટ્રેનોના



રિસેપ્શન દરમિયાન થતા ટેકનિકલ અવરોધો દૂર થશે. પ્લેટફોર્મ નંબર ૪ અને ૫ ને લંબાવવામાં આવ્યા છે. હવે આ પ્લેટફોર્મ પર ૨૨ એલએચબી (LHB) કોચ ધરાવતી લાંબી ટ્રેનો પણ સરળતાથી ઉભી રહી શકશે. મીડિયા અહેવાલ મુજબ, જટિલ સિંગલ સ્લિપ ડાયમંડ નંબર ૧૦૪/૧૦૫ ને હટાવીને તેના સ્થાને સરળ '૧:૧૨ ટર્નઆઉટ' લગાવાયો છે. આ ટેકનિકલ સુધારાથી ટ્રેકની જટિલતા ઘટી છે અને ટ્રેન પાટા પરથી ઉતરી જવાની શક્યતાઓ નહિવત બની છે.

### વડોદરા અદાલત જામીન અરજી નામંજૂર

## 300 કરોડની લોન અપાવવાના બહાને છેતરપિંડી કરનાર મહિલાને રાહત નહીં

(એજન્સી) વડોદરા । તા. 28

વડોદરાના અક્ષરચોક વિસ્તારમાં સોલાર અને ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ માટે રૂ. ૩૦૦ કરોડની લોન અપાવવાના બહાને લાખો રૂપિયાનું કમિશન પડાવનાર મહિલા આરોપી નયનાબેન મહીડાની નિયમિત જામીન અરજી વડોદરાની સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. ૧૧મા એડિશનલ સેશન્સ જજ બદ્રી કમલકુમાર દંસોદીની અદાલતે નોંધપાત્ર અવલોકન કર્યું હતું કે, આરોપી વિરુદ્ધ અગાઉ પણ છેતરપિંડીના ગુના નોંધાયેલા છે અને તેને મુક્ત કરવાથી સમાજમાં ખોટો સંદેશ જઈ શકે છે.

વર્ષ ૨૦૨૧ માં નયના મહીડા અને તેના પુત્ર આકાશ મહીડાએ વલસાડની એક કંપનીને કરોડોની લોન અપાવવાની ખાતરી આપી હતી. કમિશન પેટે રૂ. ૩૦ લાખની માંગણી કરી ફરિયાદી પાસેથી રૂ. ૨૫ લાખ મેળવી લીધા હતા. જોકે, લોન મંજૂર ન થતા અને નાણાં પરત ન મળતા છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. આરોપીઓએ માત્ર રૂ. ૨.૫ લાખ પરત કર્યા હતા અને બાકીના રૂ. ૨૨.૫૦ લાખ ઓળવી ગયા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. અદાલતમાં સુનાવણી દરમિયાન સરકારી વકીલ અનિલ દેસાઈએ ધારદાર દલીલો કરી હતી કે આરોપી નયના મહીડા આ ગુનાની મુખ્ય સૂત્રધાર છે. આ કેસનો અન્ય એક આરોપી મકસુદ અહેમદ કાજી હજુ સુધી પોલીસ પકડથી દૂર છે. જો મુખ્ય આરોપીને જામીન આપવામાં આવે તો તે પુરાવા સાથે છેડછાડ કરી શકે છે અથવા ફરીથી સમાન પ્રકારના ગુના આચરી શકે છે તેવી દલીલ કોર્ટે ગ્રાહ્ય રાખી હતી.

તથ્યો મુજબ, કોર્ટે સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓને ટાંકીને જણાવ્યું કે માત્ર ચાર્જશીટ દાખલ થવી એ જામીન માટેનો આધાર બની શકે નહીં. આરોપી વિરુદ્ધ અન્ય ત્રણ છેતરપિંડીની ફરિયાદો પણ નોંધાયેલી હોવાથી અદાલતે તેની ગુનાહિત માનસિકતાની નોંધ લીધી હતી. આ કડક વલણને કારણે વડોદરામાં લોનના નામે છેતરપિંડી આચરતી ટોળકીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારૂ અવિચારી વર્તન તમારા મિત્ર માટે કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂ જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે.

**મિથુન : ક. છ. ઘ.**

શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમે સારૂ એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો.

**કર્ક : ડ. હ.**

તમારી બીમારી તમારી નાખુશીનું કારણ હોઈ શકે છે. પરિવારની ખુશી પુન:સ્થાપિત કરવા તમારે આમાંથી બને એટલા ઝડપથી બહાર આવવાની જરૂર છે. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

**સિંહ : મ. ટ.**

તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. તમને જે સમયે તમારા મિત્રની જરૂર સૌથી વધારે હશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારો આવેશપૂર્ણ સ્વભાવ તમારી માટે સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યા ઊભી કરે શકે છે. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા.

**તુલા : ર. ત.**

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારૂ જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**વૃશ્ચિક : ન. ય.**

મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારૂ ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત થી ધન લાભ થયી શકે છે.

**મકર : ખ. જ.**

રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમારા ઘરનું દ્દશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમને તમારા પરિવારની કેટલી પરવા છે તે તેમને સમજાય તે માટે તેમને શાબ્દિક તથા મૌન સંદેશ આપતા રહો.

**મીન : દ. ચ. ઝ. થ.**

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો.

### ભક્તિભાવ

## સોમનાથ તીર્થમાં શ્રીરામ નવમી પર શ્રી રામ જન્મોત્સવની ભક્તિભાવ પૂર્વક ઉજવણી



| નરેન્દ્ર દવે | જૂનાગઢ

પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવનું તીર્થ આમ તો હરી અને હર ની ભૂમિ કહેવામાં આવે છે. પરંતુ પુરાતન પુસ્તકો અનુસાર પ્રભુ શ્રીરામ પણ પિતૃ તર્પણ માટે પ્રભાસ તીર્થમાં પધાર્યા હતા જેથી અહીં સોમનાથ મહાદેવ અને શ્રીકૃષ્ણની સાથે સાથે શ્રીરામનું પણ અનેરૂ માહત્મ્ય છે. આજે ચૈત્ર સુદ નવમી એટલે કે શ્રી રામ નવમીના પાવન અવસર પર સોમનાથ તીર્થ ઉત્સાહ અને ઉમંગથી છલકાયું હતું. સોમનાથ ટ્રસ્ટ દ્વારા નિર્મિત નૂતન રામ મંદિર ખાતે દિવસ દરમિયાન ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુ જોડાયા હતા. મહાપૂજા અને રામ જન્મોત્સવ: સોમનાથ ટ્રસ્ટના નૂતન રામ મંદિર ખાતે વહેલી સવારે પ્રાત: આરતી થી લઈને સાંજ સુધી દર્શનાર્થી શ્રદ્ધાળુઓનો પ્રવાહ અવિરત રહ્યો હતો. શ્રી સોમનાથ ટ્રસ્ટ તરફથી જનરલ મેનેજરશ્રી વિજયસિંહ ચાવડા સહિત ટ્રસ્ટ પરિવાર દ્વારા શ્રી રામ પ્રભુની મહાપૂજા અને ધ્વજા પૂજા કરવામાં આવી હતી. આ તકે મધ્યાહને શ્રીરામ જન્મોત્સવની ભવ્ય આરતી કરવામાં આવી હતી સમગ્ર મંદિર પરિસર શ્રદ્ધાળુઓથી છલકાયું હતું. શ્રી રામ નામના રટણ સાથે શ્રદ્ધાળુઓએ ભાવવિભોર થઈ શ્રી રામ લલ્લાના જન્મને વધાવ્યો હતો.

### પીજ રોડની ઘટનાથી લોકો બહાર દોડી આવ્યાં

# નડિયાદની ઇડન ગાર્ડન સોસાયટી પાસે ગેસ લાઇન ફાટતા નાસભાગ

(એજન્સી) નડિયાદ | તા.28

નડિયાદના પીજ રોડ પર આવેલી ઈડન ગાર્ડન સોસાયટી પાસે જીએસપીસીની મુખ્ય ગેસ પાઈપલાઈન અચાનક ફાટતા નાસભાગ મચી ગઈ હતી અને ગેસલીકેજ થયો હતો. અંદાજે ૫૦૦ થી વધુ ઘરોનો રાંધણ ગેસ પુરવઠો બે કલાક સુધી ખોરવાઈ જતાં સ્થાનિક રહીશો અને ગૃહિણીઓમાં ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો.



નડિયાદની ઇડન ગાર્ડન સોસાયટી પાસે ગેસ લાઇન ફાટતા નાસભાગ

નડિયાદ શહેરના પીજ રોડ પર આવેલી ઈડન ગાર્ડન સોસાયટી પાસે પસાર થતી જીએસપીસીની મુખ્ય ગેસ પાઈપલાઈન જોરદાર અવાજ સાથે ફાટતા સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. પાઈપલાઈનમાં ભંગાણ પડતાની સાથે જ અતિશય દબાણ સાથે ગેસ હવામાં ફેલાવા લાગ્યો હતો. જેને કારણે વાહનચાલકો થંભી ગયા હતા અને રસ્તા પર ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. તીવ્ર વાસ અને અવાજને કારણે સોસાયટીના રહીશો ભયભીત થઈ ઘરની બહાર દોડી આવ્યા હતા. કોઈ મોટી હોનારત ન સર્જાય તે માટે જાગૃત નાગરિકોએ તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારમાં પાણીનો છંટકાવ શરૂ કરી ગેસની અસર ઘટાડવા પ્રયાસ કર્યો હતો.ઘટનાની જાણ થતા જ ગેસ કંપનીની ટેકનિકલ ટીમ અને ફાયર વિભાગનો કાફલો સ્થળ પર દોડી આવ્યા હતો. સાવચેતીના ભાગરૂપે મુખ્ય લાઈનનો ગેસ સપ્લાય તાત્કાલિક બંધ કરી દેવામાં આવ્યો હતો. જેના કારણે આસપાસના ૫૦૦ થી વધુ મકાનોમાં રાંધણ ગેસનો પુરવઠો ખોરવાઈ ગયો હતો. રસોઈના સમયે જ ગેસ બંધ થઈ જતાં અનેક પરિવારો અટવાયા હતા અને લોકોમાં તંત્ર સામે રોષ જોવા મળ્યો હતો. અંદાજે બે કલાકની જહેમત બાદ ટેકનિકલ ટીમે યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરી પુરવઠો પુન: સ્થાપિત કરવાની કામગીરી પૂર્ણ કરી હતી. સદનસીબે મોટી જાનહાનિ ટળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

### સેમ્પલનો રિપોર્ટ આવતા મહિનો લાગવાની સંભાવના

## નડિયાદની જ્યોતિ દાલપુરી રેસ્ટોરન્ટમાં ફૂડ વિભાગના દરોડા, સેમ્પલ લેવાયા

નડિયાદ: નડિયાદના સંતરામ રોડ પર આવેલી 'ગ્રાન્ડ જ્યોતિ રેસ્ટોરન્ટ (જ્યોતિ દાલપુરી)માં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે આકસ્મિક દરોડા પાડયા હતા. મળેલી ફરિયાદના આધારે અધિકારીઓએ પીરસવામાં આવતી વાનગીઓના નમૂના લઈ લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલી આપ્યા છે. નડિયાદ શહેરના સંતરામ રોડ પર સ્થિત જ્યોતિ દાલપુરી રેસ્ટોરન્ટમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. બુધવારના રોજ ફૂડ વિભાગને મળેલી એક ગંભીર ફરિયાદના પગલે અધિકારી અને તેમની ટીમ સ્થળ પર પહોંચી હતી. તપાસ દરમિયાન રેસ્ટોરન્ટના રસોડામાં સ્વચ્છતા અને ખાદ્ય સામગ્રીની ગુણવત્તાની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. અધિકારીઓએ ત્યાં વપરાતા કાચા માલ અને તૈયાર વાનગીઓના વિવિધ સેમ્પલ લીધા હતા જેને સીલ કરી લેબોરેટરીમાં પરીક્ષણ અર્થે મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે.આ કાર્યવાહીને પગલે શહેરના અન્ય હોટલ સંચાલકોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. ફૂડ વિભાગના જણાવ્યા અનુસાર, આ સેમ્પલનો લેબોરેટરી રિપોર્ટ આવતા અંદાજે એક માસ જેટલો સમય લાગી શકે છે. જો રિપોર્ટમાં ખાદ્ય પદાર્થો સ્વાસ્થ્ય માટે હાનિકારક જણાશે, તો રેસ્ટોરન્ટ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ, સ્થાનિક નાગરિકોમાં એવી ચર્ચા છે કે તંત્ર માત્ર ફરિયાદ મળે ત્યારે જ જાગવાને બદલે નિયમિત આકસ્મિક તપાસ કરે તે જરૂરી છે.

### ૪ એપ્રિલથી ઓનલાઇન

## બનાસકાંઠા: RTE હેઠળ ધોરણ-૧ માં મફત પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

પાલનપુર : ભારત સરકાર દ્વારા અમલમાં મૂકાયેલા 'મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯' (RTE) ની કલમ ૧૨(૧)સી અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે બનાસકાંઠા જિલ્લામાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ નબળા અને વંચિત જૂથના બાળકોને ખાનગી બિન-અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ માં ૨૫ ટકા અનામત બેઠકો પર વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે. બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. વિનુભાઈ પટેલે આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, જે બાળકોએ ૧ લી જૂન, ૨૦૨૬ના રોજ ૬ વર્ષ પૂર્ણ કર્યા હોય, તેઓ આ યોજના હેઠળ પ્રવેશ મેળવવા માટે પાત્ર ઠરે છે. આ પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન રહેશે. વાલીઓએ આગામી તારીખ ૦૪ એપ્રિલ, ૨૦૨૬ થી ૧૭ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન સત્તાવાર વેબસાઈટ www.rte.orpgujarat.com પર જઈને અરજી કરવાની રહેશે.

### તિલકવાડા ના સાત ગામના 520 ખેડૂતો ને જમીન હક્ક મળ્યો

નર્મદા : નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકા ના 500 થી વધુ ખેડૂતો ને વર્ષો બાદ તેમની જમીન ના હક્ક રાજપીપલા ના ધારાસભ્ય ના પ્રયાસો થી પરત મળ્યા છે .પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા મતવિસ્તાર ના લોકહિત ના કામો કરી તાજેતર માં નર્મદા પરિક્રમા માટે નર્મદા નદી પર કરોડોના ખર્ચે. બે કાયમી પુલ મંજુર કરાવનાર ધારાસભ્ય ડો. દર્શના દેશમુખે તિલકવાડા ના અગર , નામરીયા બંદરપુરા સહીત ના સાત ગામો ના 500 થી વધુ ખેડૂતો ને તેમની ગણોતધારા ની ખેતી ની જમીનો પરત અપાવી યશકલગી માં વધારો કર્યો છે . આ ખેડૂતો વર્ષોથી ખેતી કરતા હતા તે જમીન નો વિવાદ 1960 થી કોર્ટ માં ચાલતો હતો અને આ જમીનો સરકાર હસ્તક લેવા કોર્ટે હુકમ પણ કર્યો હતો .

### 25.50 કરોડની આવક

## ડાકોર નગરપાલિકાનું રૂા.3.92 કરોડની પુરાંતવાળુ બજેટ મંજૂર

ડાકોર: ડાકોર નગરપાલિકાની આજે મળેલી સામાન્ય સભામાં ૨૦૨૬-૨૭ માટે ૩.૯૨ કરોડની પુરાંતવાળું બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું છે. જિલ્લા આયોજનની ૫૦ લાખની ગ્રાન્ટમાંથી વિકાસના કામો મંજૂર કરાયા હતા. ડાકોર પાલિકામાં આજે બપોર બાદ ચાર વાગ્યે સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં ૨૦૨૬-૨૭ માટે ઉઘડતી સિલક ૮૭.૭૫ લાખ અને ૨૩.૬૭ કરોડની આવક સાથે કુલ ૨૪.૫૫ કરોડની આવક દર્શાવાઈ છે. જયારે બંધ સિલક ૧૨.૮૩ કરોડ અને ખર્ચ ૨૦.૬૩ કરોડ દર્શાવવામાં આવ્યો છે. પાલિકાનો વાર્ષિક ખર્ચ ૨.૬૩ કરોડનો પગાર ખર્ચ બાદ ૩.૯૨ કરોડની પુરાંતવાળું બજેટ સર્વેનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. જયારે જિલ્લા આયોજનની ૫૦ લાખની ગ્રાન્ટમાંથી એમ્બ્યુલન્સ અને ગોમતી નદીના ખડીયાદ વિસ્તારમાં પ્રોટેક્શન વોલ બનાવાવમાં આવશે.

### દાતાશ્રીઓનો મહાજન દ્વારા સન્માન

## નખત્રાણા નગર ખાતે લોહાણા મહાજન દ્વારા રામ નવમીની ભવ્ય ઉજવણી

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા શહેરમાં શ્રી નખત્રાણા લોહાણા મહાજન દ્વારા મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામની જન્મજયંતિ નિમિત્તે ભવ્ય અને ધાર્મિક માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. સવારે 11 વાગ્યે ધર્મેશ કાન્તા કતીરા પાર્ટી પ્લોટ ખાતે આરતી, ભજન અને સત્સંગથી કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. બપોરે 12 વાગ્યે રામ પ્રાગટ્ય ઉત્સવ અને ત્યારબાદ રાસ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તો ભક્તિમય બની જોડાયા હતા.

કાર્યક્રમમાં સવારથી જ મોટી સંખ્યામાં ભાવિક ભક્તોની ઉપસ્થિતિ જોવા મળી હતી. ભક્તિ સાથે સેવાકીય પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવી હતી, જેમાં ગૌમાતા માટે લીલો ચારો નિરણ, શ્વાનોને રોટલા અને પક્ષીઓ માટે ચણનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખ રાજેશભાઈ પલણના માર્ગદર્શન હેઠળ આયોજિત કાર્યક્રમમાં દાતા પ્રદીપભાઈ મોહનભાઈ સચદે રસલીયા દ્વારા ગૌસેવા માટે લીલા ચારાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ગૌસેવક નીતિનભાઈ રાજદે અને શિવ રાજદે દ્વારા વ્યવસ્થા સંભાળવામાં આવી હતી.ફરાળી મહાપ્રસાદ માટે ગ. સ્વ. કુસુમબેન પોપટભાઈ કોઠારી હ.



વાસંતીબેન મુકેશભાઈ કોઠારી અને સ્વાતિબેન શૈલેષભાઈ કોઠારીનો સહયોગ પ્રાપ્ત થયો હતો. તમામ દાતાશ્રીઓનો મહાજન દ્વારા સન્માન કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મહાજનના અગ્રણીઓ તથા સભ્યો સાથે લોહાણા મહિલા મંડળ અને યુવક મંડળના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા સફળતાપૂર્વક સંભાળી હતી. પૂજનવિધિ મંદિરના પૂજારી રમેશભાઈ જોશી દ્વારા સંપન્ન કરવામાં આવી હતી.પ્રસંગે મોટી સંખ્યામાં રઘુવંશી ભાઈઓ-બહેનો અને યુવાનો જોડાયા હતા અને રાસ મહોત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભક્તોને પંજૂરી, સૂકી પ્રસાદી, પપૈયા તેમજ દૂધ અને કોલ્ડ્રિંકનું વિતરણ કરવામાં આવ્યું હતું. અંતે લોહાણા મહાજન વાડી ખાતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.આ રીતે રામ નવમીનો પાવન તહેવાર નખત્રાણા ખાતે શ્રદ્ધા, સેવા અને ભક્તિભાવ સાથે ભવ્ય રીતે ઉજવાયો હતો.

## નિરોણા ગામે વીર દેવાયત બોદરજીની પુણ્યતિથિ નિમિતે ભવ્ય શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના નિરોણા ગામે વીર દેવાયત બોદરજીની પુણ્યતિથિ નિમિતે નવાવાસ વિસ્તારમાં આવેલી તેમની પ્રતિમા પાસે ભાવભીની પુષ્પાંજલિ સાથે ભવ્ય શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગામના આગેવાનો, યુવાનો, મહિલાઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી વીર પુરૂષને નમન કર્યું હતું.કાર્યક્રમની શરૂઆત વીર દેવાયત બોદરજીની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ ગામના આગેવાનો અને મહાનુભાવોએ તેમના જીવનચરિત્ર પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, વીર દેવાયત બોદરજીનો શૌર્ય, દેશપ્રેમ અને બલિદાન આજના યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત છે. તેમના જીવનમાંથી સંઘર્ષ, હિંમત અને દેશસેવાની ભાવના શીખવા જેવી છે.આ પ્રસંગે ગામની દીકરીઓ દ્વારા પ્રતિમાને કુમકુમ તિલક કરી પુષ્પ અર્પણ કરવામાં આવ્યા હતા અને આરતી ઉતારી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિમય અને ગૌરવમય બની ગયું હતું. ઉપસ્થિત લોકોએ "વીર દેવાયત બોડરજી અમર રહો" જેવા નારા લગાવી શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી હતી.કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ ખાસ કરીને યુવાનોને સંદેશ આપતા જણાવ્યું હતું કે સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે વીર પુરૂષોના આદર્શોને જીવનમાં ઉતારવાની જરૂર છે. સાથે સાથે ગામમાં એકતા, ભાઈચારો અને સંસ્કાર જાળવી રાખવા માટે પણ અનુરોધ કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમ માત્ર શ્રદ્ધાંજલિ પૂરતો ન રહી, પરંતુ ગામજનો માટે એક પ્રેરણાત્મક ક્ષણ બની રહ્યો હતો, જેમાં નવી પેઢીને દેશપ્રેમ અને સંસ્કૃતિ સાથે જોડાવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.આ પ્રસંગે આહીર સમાજના ગૌરવ તેમજ નિરોણા જુથ ગ્રામ પંચાયતના એક્ટિવ સરપંચ શ્રી નરોત્તમભાઈ આહીર (એન.ટી. આહીર) ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા માટે યોગદાન આપ્યું હતું.અંતે સર્વ ઉપસ્થિતોએ પુષ્પાંજલિ અર્પણ કરી વીર દેવાયત બોદરજીની પવિત્ર સ્મૃતિને નમન કર્યું હતું અને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.



## વિદેશી દારૂ-બિયર ભરેલી કાર સાથે સિહોરનો શખ્સ ઝડપાયો

સિહોર: સિહોરના લીલાપીર વિસ્તારમાંથી સિહોર પોલીસે બાતમીના આધારે વિદેશી દારૂની અને બિયરના ટીન ભરેલી કાર સાથે એક શખ્સને ઝડપી લઈ સિહોર પોલીસ મથકમાં ગુનો નોંધ્યો છે.સિહોરના સાગવાડીમાં રહેતા હાર્દિક દિનેશભાઈ મકવાણા જીજે-૦૪-ઈએ-૩૬૮૩ નંબરની કારમાં વિદેશી દારૂ ભરીને સાગવાડીથી સિહોર તરફ આવતો હોવાની બાતમીના આધારે સિહોર પોલીસે લીલાપીર વિસ્તાર વળાંકમાં વોચમાં રહી બાતમીવાળી કારમાં હાર્દિક દિનેશભાઈ મકવાણા આવતા કારને અટકાવી તપાસ કરતા કારની પાછળની ડિકીમાં કાળા કલરના ઝબલામાં રૂ.૬૪,૧૦૦ની કિંમતની ભારતીય બનાવટની વિદેશી દારૂ ૧૧૪ બોટલ અને બિયરના ટીન મળી કાર સહિત કુલ રૂ.૩,૬૫,૧૦૦ના મુદ્દામાલ સાથે હાર્દિક દિનેશભાઈ મકવાણાને ઝડપી લઈ સિહોર પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝિલિયા પ્રાશાળા આચાર્ય જીતુભાઈ પટેલ વય મર્યાદાના કારણે નિવૃત થતાં વિદાય સમારંભ યોજાયો

| નિતીન ઠાકર | ચાણસ્મા

ગંગેટના મૂળ વતની અને ઝિલીયા પે સેન્ટર પ્રા શાળામાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા જિતેન્દ્રભાઈ પટેલ વય મર્યાદાના કારણે નિવૃત થતાં શાળા પરીવાર અને ઝિલીયા ગ્રામજનો દ્વારા 'વિદાય સમારંભનું આયોજન કરાયું હતું કાયક્રમમાં ઉપસ્થિત સમારંભના અધ્યક્ષ માલજીકાકા એ શિક્ષક કભી સાધારણ નહી હોતા સમાજને ઘડતર કરવાનું કામ શિક્ષક દ્વારા થાય છે કેમ કે સમાજના પાયાની ઈંટ બાળકો છે સારા સંસ્કારો સાથે શિક્ષણ એક સારસ્વત દ્વારા સંસ્કાર સાથે આપવામાં આવેલ શિક્ષણથી તૈયાર થયેલ વિદ્યાર્થી મોટો થઈ તંદુરસ્ત. સમાજ નું નિર્માણ કરી શકે છે તેમ જણાવી શિક્ષકના ગુણોની સરાહના કરી હતી જ્યારે શાળા પરીવાર દ્વારા શ્રીફળ સાકર આપી નિવૃત્ત થતા આચાર્ય ને હુંફાળી વિદાય આપી હતી આ પ્રસંગે જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી અશોકભાઈ ચૌધરી જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી નરેન્દ્રસિંહજી ઝિલીયા ઉંબુંનિયાદી સ્કૂલના આચાર્ય જશુભાઈ દેસાઈ પૂર્વ ટીપીઓ પાબુ વંશી ટીપીઓ સરોજબેન સીઆરસી ઓ તાલુકાની. શાળાઓના આચાર્યો નિવૃત થતા મુખ્ય શિક્ષક જિતુભાઈના પરીવારજનો સ્નેહીજનો ઉપસ્થિત રહયા હતાં



### મહીસાગર પોલીસના આધુનિકીકરણની દિશામાં મહત્વનું પગલું.....

# લુણાવાડા ખાતે રૂ. ૨૦ કરોડના ખર્ચે નિર્માણ પામનારવિવિધપોલીસપ્રોજેક્ટ્સનુંખાતમુહૂર્ત

| જગદીશ ત્રિવેદી | મહીસાગર| તા.28

રાજ્યના નાગરિકોની સુરક્ષા અને શાંતિ સુનિશ્ચિત કરતી ગુજરાત પોલીસના જવાનોની સુખાકારી અને માળખાગત સુવિધાઓ વધારવા માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. જેના ભાગરૂપે મહીસાગર જિલ્લાના વડામથક લુણાવાડા ખાતે સ્થિત પોલીસ હેડક્વાર્ટરના પરેડ ગ્રાઉન્ડ ખાતે રૂ. ૨૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર વિવિધ પ્રોજેક્ટ્સનો ખાતમુહૂર્ત સમારોહ આજે રાજ્ય કક્ષાના નાણાં, પોલીસ હાઉસીંગ, જેલ, સરહદી સુરક્ષા મંત્રીશ્રી કમલેશ પટેલના અધ્યક્ષસ્થાને સંપન્ન થયો હતો. ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. ગાંધીનગર દ્વારા હાથ ધરવામાં આવનાર આ કામગીરી અંતર્ગત લુણાવાડા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે અત્યાધુનિક એમ.ટી. સેક્શન, હોર્સ સ્ટેબલ, બેન્ડ સ્ટોર, હોર્સ રાઈડીંગ સ્કૂલ, અવેડો, માઉન્ટેડ રેમ્પ અને અન્ય બિન-રહેણાંકી મકાનો તથા એરિયા ડેવલોપમેન્ટની કામગીરીનું



ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત જનમેદની અને પોલીસ જવાનોને સંબોધતા મંત્રીશ્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં પોલીસ વિભાગના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક અને સુદ્રઢ બનાવવા ઐતિહાસિક નિર્ણયો લેવાયા છે. આગામી પાંચ વર્ષમાં પોલીસ વિભાગના ૧૦૦% જવાનો અને અધિકારીઓને પરિવાર સાથે રહેવા માટે આવાસ સુવિધા ઉપલબ્ધ કરાવવાનો સરકારનો દ્રઢ લક્ષ્યાંક છે. આ માટે આગામી પાંચ વર્ષમાં ગુજરાત પોલીસ હાઉસિંગ બોર્ડ દ્વારા ૨૦,૦૦૦ થી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવશે, જેના માટે આ વર્ષના બજેટમાં જ રૂ. ૧૭૫૧ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે.

ગુજરાત પોલીસની કામગીરીની સરાહના કરતા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ડ્રગ્સ માફિયાઓ સામે 'ઝીરો ટોલરન્સ' નીતિ સાથે ગુજરાત એટીએસ અને મરીન પોલીસ ઉત્કૃષ્ટ કામગીરી કરી રહી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમયથી ગુજરાત ભૂતકાળની કરફ્યુ અને દુષ્કાળની પરિસ્થિતિમાંથી બહાર આવીને શાંતિ, સલામતી અને સમૃદ્ધિના નવા યુગમાં પ્રવેશ્યું છે.

### શખ્સ વિરુધ્ધ પાળીયાદ પોલીસમાં ફરિયાદ

## પાળીયાદમાં યુવાનને લાકડીના ફટકા મારી શખ્સે મોબાઈલની લૂંટ ચલાવી

ભાવનગર: પાળીયાદ ગામે યુવાનને પાકગમાં બેસવા બાબતે અગાઉ થયેલા ઝઘડાની દાજ રાખી યુવાન પર લાકડી વડે હુમલો કરી ઈજા પહોંચાડી ખિસ્સામાંથી મોબાઈલની લૂંટ ચલાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બોટાદ તાલુકાના પાળીયાદ ગામે આવેલ ખાટકીના ઢોરે રહેતા અને મજૂરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવતા વિજયભાઈ ત્રિકમભાઈ સાકરિયા ૨૦ દિવસ પહેલા જુના સુરેન્દ્રનગરના રસ્તે પાકગમાં બેઠા હતા. તે દરમિયાન લખમશી દેવાભાઈ ખટાણાએ ધસી આવી કહેલ કે, 'તારે અહીંયા નહિ બેસવાનું' તેમ કહી મારી સાથે ઝઘડો કરવા લાગ્યો હતો અને વિજયભાઈના ભાઈ કલ્પેશભાઈના મોબાઈલમાં ફોન કરી કહેલ કે, 'તારા ભાઈને સમજાવી દેજે પાકગમાં બેસે નહીં' અને આજ રોજ ગુરુવારે વિજયભાઈ મોટર સાયકલ લઈને નીકળ્યા તે વખતે પાકગમાં બેસવા બાબતેની દાજ રાખી મોટરસાયકલ આડે લખમશીએ તેનું મોટરસાયકલ રાખી વિજયભાઈને જાનથી મારી નાખવાના ઈરાદે માથામાં લાકડીના બે ઘા મારી તથા એક ઘા ડાબા હાથે મારી ગંભીર ઈજા પહોંચાડી ગાળો આપી શર્ટના ખિસ્સામાંથી મોબાઈલ રૂ.૧૫,૫૦૦ની લૂંટ ચલાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ સંદર્ભે વિજયભાઈએ શખ્સ વિરૂધ્ધ પાળીયાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## હોર્મુઝ સામુદ્રધુની યુદ્ધ જોખમ યથાવત | દરિયાઈ કાર્ગો વીમા દરો ૨૦૨૬ માં વધ્યા

# દરિયાઈ વીમા પ્રીમિયમ ઊંચા રહેવાની શક્યતાથી વેપારી આલમ ચિંતિત

(એજન્સી) અમદાવાદ | તા.28

વૈશ્વિક સ્તરે વધતા જતા ભૌગોલિક રાજકીય તણાવની સીધી અસર હવે આંતરરાષ્ટ્રીય વેપાર પર જોવા મળી રહી છે. ઈરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુનીમાંથી ચોક્કસ જહાજોને પસાર થવાની આંશિક છૂટછાટ આપવામાં આવી હોવા છતાં, નજીકના ભવિષ્યમાં દરિયાઈ વીમા પ્રીમિયમમાં ઘટાડો થવાની કોઈ શક્યતા દેખાતી નથી. વીમા બ્રોકરોના મતે, આ વિસ્તાર હજુ પણ અત્યંત જોખમી શ્રેણીમાં આવે છે, જેના કારણે યુદ્ધ વીમા કવરેજ અત્યારે ખૂબ જ ઊંચા દરે અને મર્યાદિત ધોરણે ઉપલબ્ધ છે. હુમલાના સતત ભયને કારણે જહાજોને થતા પરોક્ષ નુકસાનની ભીતિ વીમા કંપનીઓને પ્રીમિયમ ઘટાડતા રોકી રહી છે.ઈરાન સાથેના પ્રવર્તમાન સંઘર્ષે વિશ્વના અર્થતંત્રની કરોડરજ્જુ સમાન તેલ અને લિક્વિફાઇડ કુદરતી ગેસ (LPG) ના પરિવહનને માઠી અસર પહોંચાડી છે. વિશ્વના કુલ તેલ પુરવઠાનો લગભગ




પાંચમો ભાગ આ જળમાર્ગો પરથી પસાર થાય છે, જેમાં અવરોધ આવતા મહત્વપૂર્ણ ચીજવસ્તુઓની હિલચાલ ખોરવાઈ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, જ્યાં સુધી આ પ્રદેશમાં કાયમી શાંતિ અને સ્પષ્ટ રાજકીય ઉકેલ નહીં આવે ત્યાં સુધી વીમા કંપનીઓ આકરા વલણમાં કોઈ ફેરફાર કરશે નહીં. આ અનિશ્ચિતતાને કારણે જહાજ માલિકો અને આયાતકારો પર આર્થિક બોજ સતત વધી રહ્યો છે.વીમા ક્ષેત્રના નિષ્ણાતોના વિશ્લેષણ મુજબ, વર્ષ ૨૦૨૨ સુધી આ વિસ્તારોમાં કોઈ વિશેષ યુદ્ધ વીમાની જરૂરિયાત રહેતી નહોતી. અગાઉ આ વિસ્તારોમાંથી પસાર થતા જહાજોએ માત્ર ૦.૨૫ ટકા જેટલું નજીવું વધારાનું પ્રીમિયમ ચૂકવવું પડતું હતું, જે વર્તમાન તણાવને જોતા હવે વધીને ૦.૫ થી ૧ ટકા સુધી પહોંચી ગયું છે. હાલમાં દરિયાઈ કાર્ગો માટે યુદ્ધ વીમા કવરેજ ૦.૫ ટકાની આસપાસ છે, જ્યારે સામાન્ય મરીન વીમાના દરોમાં પણ ૫ થી ૭.૫ ટકાનો વધારો જોવા મળ્યો છે. રિઈન્શ્યોરર્સ પાસે ક્ષમતા હોવા છતાં, જોખમને ધ્યાનમાં રાખીને તેઓ ઉંચા દરે જ કવરેજ આપી રહ્યા છે. લાલ સમુદ્ર અને કાળા સમુદ્રની જેમ જ હોર્મુઝનો પ્રદેશ પણ હવે હાઈ-રિસ્ક ઝોન બની ગયો છે. મીડિયા અહેવાલ મુજબ, વીમા કંપનીઓ હાલમાં "રાહ જુઓ અને જુઓ" ની નીતિ અપનાવી રહી છે. પ્રવર્તમાન અવિશ્વાસના વાતાવરણમાં ઈરાનની કોઈપણ જાહેરાત માત્રથી પ્રીમિયમ ઘટવાની શક્યતા નહિવત છે. વીમા બ્રોકરોએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી દરિયાઈ માર્ગો પર લાંબા ગાળાની સ્થિરતાના પુરાવા ન મળે, ત્યાં સુધી વીમા કંપનીઓ પોતાના જોખમનું મૂલ્યાંકન ઘટાડશે નહીં. પરિણામે, આંતરરાષ્ટ્રીય સ્તરે ચીજવસ્તુઓના ભાવમાં પણ પરિવહન ખર્ચના વધારાને કારણે ઉછાળો આવી શકે છે. પરિસ્થિતિ એટલી નાજુક છે કે ગમે ત્યારે જોખમ વધી શકે તેમ છે. આથી જ વીમા કંપનીઓએ પ્રીમિયમમાં કોઈ મોટો ઘટાડો કર્યો નથી. આ ઉંચા પ્રીમિયમની સીધી અસર મોંઘવારી પર પડશે, કારણ કે તેલ અને ગેસ મોંઘા થતા પરિવહન ખર્ચ વધશે. સ્થાનિક બજારના નિષ્ણાતો માને છે કે જો આ સ્થિતિ લાંબો સમય ચાલશે તો ભારત જેવા આયાત પર નિર્ભર દેશો માટે આર્થિક પડકારો વધી શકે છે. હાલના તબક્કે તો કાયમી રાજકીય સમાધાન જ આ સમસ્યાનો એકમાત્ર ઉકેલ દેખાઈ રહ્યો છે.

# દેશમાં ઈંધણ પુરવઠો સુરક્ષિત ગભરાટમાં આવી ખરીદી ન કરવા અપીલ

નવી દિલ્હી:પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલી નાકાબંધી વચ્ચે ભારતની ઉર્જા સુરક્ષાને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) એ સત્તાવાર રીતે જાહેર કર્યું છે કે દેશમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજી (LPG) નો પુરવઠો સંપૂર્ણપણે સુરક્ષિત અને સ્થિર છે. સોશિયલ મીડિયા પર ફેલાયેલી અછતની અફવાઓને ફગાવતા કંપનીએ સ્પષ્ટતા કરી છે કે નાગરિકોએ ગભરાવાની જરૂર નથી, કારણ કે તમામ ફ્યુઅલ સ્ટેશનો સામાન્ય રીતે કાર્યરત છે. મીડિયા અહેવાલ મુજબ, કેટલાક વિસ્તારોમાં ખોટી માહિતીને કારણે લોકો પેટ્રોલ પંપ પર ઉમટી પડ્યા હતા, જે માત્ર ગેરસમજનું પરિણામ છે.દેશની ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે ભારતનું રિફાઈનિંગ અને સપ્લાય નેટવર્ક અત્યંત સજ્જ છે. એચપીસીએલના જણાવ્યા અનુસાર, દેશની તમામ રિફાઈનરીઓ અત્યારે તેમની પૂર્ણ ક્ષમતા સાથે ચાલી રહી છે અને ભવિષ્ય માટે ઈંધણનો પૂરતો જથ્થો અનામત રાખવામાં આવ્યો છે. વૈશ્વિક સ્તરે અસ્થિરતા હોવા છતાં, ભારતને વિવિધ આંતરરાષ્ટ્રીય સ્ત્રોતોમાંથી કાચા તેલનો પુરવઠો નિયમિતપણે મળી રહ્યો છે. સ્થાનિક ઉત્પાદનમાં થયેલો વધારો અને સુરક્ષિત આયાત વ્યવસ્થાને કારણે વર્તમાન માંગને પહોંચી વળવા માટે ભારત પાસે પર્યાપ્ત ભંડાર ઉપલબ્ધ છે. તાજેતરમાં કેટલાક શહેરોમાં પેટ્રોલ પંપ પર લાગેલી લાંબી કતારો અંગે સ્પષ્ટતા કરતા કંપનીએ જણાવ્યું કે, આ ભીડ માત્ર ખોટી માહિતીને કારણે થઈ હતી. નાગરિકોને માત્ર સત્તાવાર અપડેટ્સ અને સરકારી જાહેરાતો પર જ વિશ્વાસ રાખવા સલાહ આપવામાં આવી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, ઈંધણની ઉપલબ્ધતા તમામ રાજ્યોમાં સામાન્ય છે અને પુરવઠા સાંકળમાં કોઈ પણ પ્રકારનો વિક્ષેપ નથી. પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) ના માળખાકીય સુવિધાઓનો વિસ્તાર એ ભારતની લાંબા ગાળાની સ્વચ્છ ઉર્જા વ્યૂહરચનાનો ભાગ છે અને તેને કોઈ પણ પ્રકારની અછત સાથે સાંકળવી જોઈએ નહીં.પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા સંઘર્ષને કારણે હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરોધ ઊભો થયો છે, જે વિશ્વના કુલ કાચા તેલના પુરવઠાના પાંચમા ભાગનું વહન કરે છે. આ કટોકટી પહેલા ભારત તેની તેલ આયાતનો આશરે ૧૨ થી ૧૫ ટકા હિસ્સો આ માર્ગેથી મેળવતું હતું.

## News Brief

### વડાપ્રધાન દ્વારા જેવર એરપોર્ટનું ઉદ્ઘાટન એશિયાનું સૌથી મોટું કેન્દ્ર

જેવર:ભારતના ઉડ્ડયન ઈતિહાસમાં આજે એક નવો અધ્યાય ઉમેરાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના ગૌતમ બુદ્ધ નગર જિલ્લામાં સ્થિત જેવર ખાતે 'નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટ' ના પ્રથમ તબક્કાનું ભવ્ય ઉદ્ઘાટન કર્યું છે. આ એરપોર્ટ એશિયાનું સૌથી મોટું એરપોર્ટ બનવા તરફ અગ્રેસર છે, જે માત્ર ઉત્તર પ્રદેશ જ નહીં પરંતુ સમગ્ર ઉત્તર ભારતની કનેક્ટિવિટી અને આર્થિક ગતિવિધિઓને નવી ઊંચાઈ પર લઈ જશે. ઉદ્યોગ જગતના અગ્રણીઓએ આ પ્રોજેક્ટને આવકારતા તેને પ્રાદેશિક જોડાણ અને આંતરરાષ્ટ્રીય વેપાર માટે 'માઈલસ્ટોન' ગણાવ્યો છે.

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટ સ્લોટ્સની અછત વચ્ચે આ એરપોર્ટ એક મજબૂત વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે. ઝુરિચ એરપોર્ટ ઈન્ટરનેશનલના સહયોગથી તૈયાર કરાયેલું આ વિશ્વકક્ષાનું એરપોર્ટ દિલ્હી-એનસીઆર (NCR) વિસ્તારમાં હવાઈ મુસાફરીની ક્ષમતામાં ધરખમ વધારો કરશે. ઉદ્યોગ નિષ્ણાતોના મતે, આ એરપોર્ટ માત્ર દિલ્હીને જ નહીં પરંતુ આગ્રાના તાજમહેલ અને ઉત્તર પ્રદેશના વિશાળ અંતરિયાળ વિસ્તારોને પણ સીધો ફાયદો કરાવશે. પ્રવાસીઓ હવે સીધા જ જેવર ઉતરીને પશ્ચિમ ઉત્તર પ્રદેશના પર્યટન સ્થળોની મુલાકાત લઈ શકશે. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રોજેક્ટથી પ્રાદેશિક કનેક્ટિવિટી અને પ્રવાસન ક્ષેત્રે રોજગારીની લાખો નવી તકોનું સર્જન થવાની અપેક્ષા છે.

## ભારત જીડીપી વૃદ્ધિ અંદાજ ૨૦૨૬ માં કાપ

# ગોલ્ડમેન સૅક્સ દ્વારા ભારતીય શેરબજારના રેટિંગમાં મોટો ઘટાડો

અમદાવાદ : વૈશ્વિક નાણાકીય સંસ્થા ગોલ્ડમેન સૅક્સ દ્વારા ભારતીય શેરબજાર માટેના દ્રષ્ટિકોણમાં નકારાત્મક ફેરફાર કરવામાં આવતા રોકાણકારોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. તાજેતરના અહેવાલ મુજબ, સંસ્થાએ ભારતીય ઈક્વિટી પરના રેટિંગને 'ઓવરવેઈટ' થી ઘટાડીને 'માર્કેટવેઈટ' કરી દીધું છે. આ ફેરફાર પાછળ સતત વધતા ઉર્જાના ભાવ અને વૈશ્વિક ભૌગોલિક તણાવને મુખ્ય કારણ માનવામાં આવે છે. ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા તેલ અને ગેસના પરિવહનમાં આવી રહેલા અવરોધો ભારત જેવા આયાત પર નિર્ભર દેશ માટે આર્થિક જોખમો વધારી રહ્યા હોવાનું મીડિયા અહેવાલ દ્વારા જાણવા મળ્યું છે.ગોલ્ડમેન સૅક્સના વ્યૂહરચનાકારોએ આગામી ૧૨ મહિના માટે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સના લક્ષ્યાંકમાં નોંધપાત્ર ઘટાડો જાહેર કર્યો છે. અગાઉ ૨૯,૩૦૦ ના સ્તરે રહેલો આ અંદાજ હવે ઘટાડીને ૨૫,૯૦૦ કરવામાં આવ્યો છે. આ સુધારેલું લક્ષ્ય ૧૯.૫ ગણા પીઈ ગુણાંક પર આધારિત છે, જે બજારની ભાવિ કમાણી અને રોકાણકારોની નરમાઈને સ્પષ્ટપણે દર્શાવે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, કોર્પોરેટ નફામાં અપેક્ષિત ઘટાડો અને મોંઘવારીનું દબાણ બજારના સેન્ટિમેન્ટને અસર કરી રહ્યું છે. આગામી બે વર્ષ માટે ભારતીય કંપનીઓની કમાણી વૃદ્ધિનો અંદાજ પણ ઘટાડીને માત્ર ૯ ટકા કરી દેવામાં આવ્યો છે.માત્ર શેરબજાર જ નહીં, પરંતુ દેશના એકંદર આર્થિક વિકાસ એટલે કે જીડીપી (GDP) વૃદ્ધિ દરમાં પણ કાપ મૂકવામાં આવ્યો છે. અર્થશાસ્ત્રીઓના મતે વર્ષ ૨૦૨૬ માટે ભારતનો વિકાસ દર અગાઉના અંદાજ કરતા ૧.૧ ટકા ઘટીને ૫.૯ ટકા રહેવાની શક્યતા છે. આ ઘટાડો સૂચવે છે કે ભારતીય અર્થતંત્ર હાલમાં અનેક આંતરિક અને બાહ્ય પડકારોનો સામનો કરી રહ્યું છે. ઉર્જા કટોકટી પ્રત્યે ભારતની વધતી જતી નબળાઈ આર્થિક નીતિ નિર્ધારકો માટે ચિંતાનો વિષય બની શકે છે.રિપોર્ટમાં જણાવાયું છે કે ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) આધારિત ફુગાવો પણ વધવાની ધારણા છે. ફુગાવાના અંદાજમાં ૭૦ બેસિસ પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો છે, જે સીધી રીતે સામાન્ય જનતાના ખિસ્સા પર ભાર વધારી શકે છે. વધતી જતી મોંઘવારીને કાબૂમાં લેવા માટે વર્ષ ૨૦૨૬ દરમિયાન વ્યાજ દરોમાં વધારાના ૫૦ બેસિસ પોઈન્ટનો વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. વધુમાં, ચાલુ ખાતાની ખાધ જીડીપીના ૨ ટકા સુધી પહોંચી શકે છે અને અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો વધુ નબળો પડવાની ભીતિ સેવાઈ રહી છે.આ વૈશ્વિક અહેવાલની અસર સ્થાનિક બજારો પર પણ જોવા મળી શકે છે. લાંબા સમય સુધી ઉંચા રહેલા તેલના ભાવ ઉત્પાદન ખર્ચમાં વધારો કરશે, જે અંતે કંપનીઓના માર્જિનને અસર કરશે. આ પડકારજનક આર્થિક વાતાવરણમાં રોકાણકારોએ હવે સાવચેતીપૂર્વક આગળ વધવાની જરૂર છે. નિષ્ણાતો માને છે કે જ્યાં સુધી વૈશ્વિક સ્તરે તેલ પુરવઠાની સ્થિતિ સામાન્ય નહીં થાય અને ભૌગોલિક તણાવ હળવો નહીં થાય, ત્યાં સુધી ભારતીય બજાર પર આ દબાણ યથાવત રહી શકે છે.

## ભૂરાજકીય તણાવથી ભારતીય અર્થતંત્ર ત્રણ-ચાર વર્ષ પાછળ ધકેલાવાની ભીતિ

નવી દિલ્હી: વૈશ્વિક બ્રોકરેજ ફર્મ બર્નસ્ટીન દ્વારા જાહેર કરવામાં આવેલા એક અત્યંત ગંભીર અહેવાલે ભારતીય અર્થતંત્ર માટે ખતરાની ઘંટડી વગાડી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવ અને ક્રૂડતેલના ભાવમાં અવિરત વધારાને કારણે ભારતનો આર્થિક દ્રષ્ટિકોણ જોખમમાં હોવાનું જણાવાયું છે. અહેવાલ મુજબ, જો આ ભૌગોલિક રાજકીય આંચકો લાંબો સમય ચાલશે, તો ભારતીય અર્થતંત્ર તેની વૃદ્ધિના માર્ગમાં ૩ થી ૪ વર્ષ પાછળ ધકેલાઈ શકે છે. કાચા તેલના ઉંચા ભાવ અને કડક બાહ્ય ધિરાણ શરતો ભારતની માળખાકીય નબળાઈઓને ખુલ્લી પાડી શકે છે, જે આર્થિક સ્થિરતા માટે મોટો પડકાર છે. બર્નસ્ટીને વર્તમાન પરિસ્થિતિની તુલના વૈશ્વિક નાણાકીય કટોકટી (GFC) સાથે કરી છે. અહેવાલમાં યાદ અપાવવામાં આવ્યું છે કે તે સમયે ભારતનો વિકાસ દર ૧૦ ટકાથી ઘટીને ૫ ટકા થઈ ગયો હતો અને મોંઘવારી ૧૦ ટકાએ પહોંચી હતી. મીડિયા અહેવાલ મુજબ, જો ૨૦૨૬ સુધી આ સંઘર્ષ ચાલુ રહેશે, તો સૌથી ખરાબ સ્થિતિમાં ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૨-૩ ટકાની નીચી સપાટીએ આવી શકે છે. આ દરમિયાન મોંઘવારી ડબલ ડિજિટમાં પહોંચવાની અને શેરબજારનો નિફ્ટી આંક ૨૦,૦૦૦ ની નીચે ગબડવાની ભીતિ સેવાઈ રહી છે. કરન્સી માર્કેટ માટે પણ અહેવાલમાં નકારાત્મક સંકેતો આપવામાં આવ્યા છે. જો તણાવ યથાવત રહેશે, તો અમેરિકી ડોલર સામે રૂપિયો ૧૧૦ ની સપાટી પણ વટાવી શકે છે. હાલમાં જ રૂપિયો ૯૭-૯૮ ના સ્તર તરફ આગળ વધી રહ્યો છે, જે ચિંતાજનક છે. તેલના વધતા ભાવને કારણે આ ઉનાળામાં મોંઘવારી ૬ ટકાની સહનશીલતા મર્યાદા વટાવી જવાની પૂરી શક્યતા છે. આના પરિણામે રિઝર્વ બેંક દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરવાની પ્રક્રિયામાં ઓછામાં ઓછો બે ક્વાર્ટરનો વિલંબ થઈ શકે છે, જે સીધી રીતે ઉદ્યોગો અને સામાન્ય જનતાના આર્થિક આયોજનને અસર કરશે.

## સોનામાં તેજીનો કરંટ પણ ચાંદીના ભાવમાં મોટી પીછેહટ નોંધાઈ

(એજન્સી) મુંબઈ | તા.28

વૈશ્વિક બજારમાં ડોલર અને ક્રૂડતેલની ભારે વધઘટ વચ્ચે આજે ભારતીય ઝવેરી બજારમાં સોના અને ચાંદીના ભાવમાં વિરોધાભાસી સ્થિતિ જોવા મળી હતી. મુંબઈ અને અમદાવાદના બજારોમાં સોનાના ભાવ નીચા મથાળેથી ઉંચકાયા હતા, જ્યારે ચાંદીમાં ઘટાડો વધુ ઘેરો બન્યો હતો. ખાસ કરીને ડોલર સામે ભારતીય રૂપિયો ગબડીને ૯૫ ની સપાટીની નજીક પહોંચી જતા સ્થાનિક બજારમાં કિંમતી ધાતુઓના ભાવને ટેકો મળ્યો હતો. માર્ચના વર્ષાંતના કારણે નવા વેપાર ધીમા રહ્યા હતા, પરંતુ એપ્રિલના નવા નાણાકીય વર્ષ પર હવે બજારના ખેલાડીઓની મીટ મંડાયેલી છે.વિશ્વ બજારમાં યુદ્ધની અસરોને પગલે ક્રૂડતેલના ભાવમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રૂડ તેલ બેરલ દીઠ ૧૦૬.૬૪ ડોલરથી વધીને ઉંચામાં ૧૧૧.૧૮ ડોલર સુધી પહોંચી ગયું હતું. તે જ રીતે યુએસ ક્રૂડ પણ ૯૭.૨૨ ડોલરના સ્તરે ટ્રેડ થઈ રહ્યું હતું. ક્રૂડતેલના વધતા ભાવ હંમેશા ફુગાવાની ચિંતા વધારે છે, જેના કારણે રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોના તરફ વળે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, ક્રૂડના ભાવમાં આ ઉછાળો વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા પેદા કરી રહ્યો છે, જેની અસર કિંમતી ધાતુઓના ભાવ પર સ્પષ્ટ દેખાઈ રહી છે.

સ્થાનિક બજારમાં ભાવની વાત કરીએ તો, અમદાવાદમાં આજે સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૫૦૦ નો વધારો થયો હતો. સોનાના ભાવ વધીને ૯૯૫ ટચના રૂ. ૧,૪૮,૨૦૦ અને ૯૯૯ ના રૂ. ૧,૪૮,૫૦૦ ના સ્તરે રહ્યા હતા. જોકે, ચાંદીમાં મસમોટું ગાબડું પડ્યું હતું. અમદાવાદમાં ચાંદીના ભાવ પ્રતિ કિલો રૂ. ૫૦૦૦ તૂટીને રૂ. ૨,૨૫,૦૦૦ ના સ્તરે આવી ગયા હતા. મીડિયા અહેવાલ મુજબ, મુંબઈ બજારમાં પણ સોનામાં રૂ. ૫૦૦ નો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ જીએસટી વગર રૂ. ૨,૨૧,૬૪૭ ની આસપાસ રહ્યા હતા.

આજે વિશ્વ બજારમાં સોનાના ભાવમાં ૧૦૦ ડોલર જેટલી મોટી ઉથલપાથલ જોવા મળી હતી. ઔંસ દીઠ સોનાના ભાવ ૪૩૭૫ ડોલરના નીચા સ્તરથી ઉછળીને ૪૪૭૫ ડોલરની ઉંચી સપાટીએ પહોંચ્યા હતા. ડોલર ઈન્ડેક્સ મજબૂત થતા શરૂઆતમાં કિંમતી ધાતુઓ દબાયેલી જોવા મળી હતી, પરંતુ બાદમાં ક્રૂડના ઉછાળાએ બજારને પુનઃ વેગ આપ્યો હતો. પ્લેટીનમના ભાવમાં પણ વૈશ્વિક બજાર પાછળ સ્થાનિકમાં આશરે રૂ. ૨૫૦૦ નો ઘટાડો નોંધાયો હતો, જ્યારે પેલેડીયમમાં પણ નરમાઈ જોવા મળી હતી.

## ગોલ્ડ લોન જોખમમાં

## ગોલ્ડ લોન લેનારા બોરોઅર્સને વધુ સોનું જમા કરાવવા આદેશ

(એજન્સી) મુંબઈ | તા.28



વૈશ્વિક બજારમાં સોનાના ભાવમાં જોવા મળી રહેલી ભારે અસ્થિરતાની સીધી અસર હવે સ્થાનિક બેન્કિંગ અને ધિરાણ ક્ષેત્ર પર પડવા માંડી છે. સોનાના ભાવમાં તેની સર્વોચ્ચ સપાટીથી આવેલા મોટા ઘટાડાને પગલે બેન્કો અને નાણાકીય સંસ્થાઓ ચિંતામાં મુકાઈ છે. ખાસ કરીને જે ગ્રાહકોએ સોનાના ઊંચા ભાવ સમયે મોટી રકમની લોન લીધી હતી, તેમને હવે વધારાનું સોનું જમા કરાવવા અથવા લોનની રકમ આંશિક રીતે ભરપાઈ કરવા માટે બેન્કો દ્વારા સૂચના આપવામાં આવી રહી છે. બેન્કિંગ ક્ષેત્રના વર્તુળો મુજબ, સોનાના મૂલ્યમાં થયેલા ઘટાડાને કારણે ધિરાણદારો માટે જોખમ વધી ગયું છે.વર્તમાન વર્ષના જાન્યુઆરી માસમાં સોના અને ચાંદીના ભાવમાં અભૂતપૂર્વ ઉછાળો જોવા મળ્યો હતો. તે સમયે સોનું પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૧.૭૪ લાખની ઐતિહાસિક સપાટી વટાવી ગયું હતું, જ્યારે ચાંદી રૂ. ૪ લાખની નજીક પહોંચી હતી. જોકે, હાલમાં સોનાના ભાવ ઘટીને રૂ. ૧.૪૪ લાખની આસપાસ બોલાઈ રહ્યા છે. આનો અર્થ એ થયો કે ટોચના ભાવથી સોનામાં અંદાજે ૧૮ ટકા જેટલું મોટું કરેક્શન આવ્યું છે. આ સ્થિતિમાં જે બોરોઅર્સે ઊંચા ભાવે લોન લીધી હતી, તેમના સોનાનું મૂલ્ય હવે લોનની રકમ કરતા ઓછું થઈ રહ્યું હોવાનું જણાય છે. ધિરાણદારો હવે બોરોઅરોના લોન ખાતા પર સતત નજર રાખી રહ્યા છે. એક વરિષ્ઠ બેન્કરે જણાવ્યું કે, "અમે સોનાના ભાવ પર ચોવીસ કલાક નજર રાખી રહ્યા છીએ. જે કિસ્સામાં સોનાના મૂલ્ય કરતા લોનનું પ્રમાણ (LTV) વધી જાય છે, ત્યાં અમે તુરંત ગ્રાહકનો સંપર્ક કરીએ છીએ." સામાન્ય રીતે બેન્કો સોનાના બજાર મૂલ્યના ૭૫ ટકા જેટલી જ લોન આપે છે, પરંતુ સ્પર્ધાના યુગમાં કેટલીક સંસ્થાઓએ વધુ લોન આપવાનું જોખમ ખેડ્યું હતું, જે હવે તેમને ભારે પડી રહ્યું છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા અનસિક્યોર્ડ લોન પર કડક વલણ અપનાવવામાં આવતા, છેલ્લા કેટલાક સમયથી ગોલ્ડ લોન લેવાનું પ્રમાણ વધ્યું છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીના આંકડા મુજબ, દેશમાં ગોલ્ડ લોનનો કુલ હિસ્સો રૂ. ૧૬.૨૦ ટ્રિલિયન સુધી પહોંચી ગયો છે, જે હાઉસિંગ લોન પછીનો સૌથી મોટો હિસ્સો છે.

# મારુતિ સુઝુકીમાં એસેમ્બલી લાઇન પર મહિલાઓનો દબદબો નવી ક્રાંતિ

ગુરુગ્રામ: ભારતની સૌથી મોટી કાર ઉત્પાદક કંપની મારુતિ સુઝુકીના ગુરુગ્રામ અને માનેસર પ્લાન્ટમાં અત્યારે એક શાંત પરંતુ અત્યંત મહત્વપૂર્ણ સામાજિક અને વ્યાવસાયિક પરિવર્તન જોવા મળી રહ્યું છે. જે એસેમ્બલી લાઈન પર અગાઉ માત્ર પુરૂષો જ જોવા મળતા હતા, ત્યાં હવે મહિલાઓ ખભેખભા મિલાવીને એન્જિન એસેમ્બલ કરતી, ઈન્સ્ટ્રુમેન્ટ પેનલ ફિટ કરતી અને ઉત્પાદનની ગુણવત્તા પર દેખરેખ રાખતી જોવા મળે છે. હાલમાં ૧૯૦ થી વધુ મહિલાઓ કંપનીના શોપફ્લોર પર સીધી રીતે ઉત્પાદન પ્રક્રિયા સાથે જોડાયેલી છે. આ માત્ર આંકડાની રમત નથી, પરંતુ ઓટોમોબાઈલ ક્ષેત્રમાં મહિલાઓના વર્ચસ્વની એક નવી શરૂઆત છે. મારુતિ સુઝુકીના શોપફ્લોર પર કાર્યરત આ મહિલાઓ કોઈ ગૌણ ભૂમિકામાં નથી. તેઓ કૌશલ્ય અને ચોકસાઈની જરૂર હોય તેવી જટિલ કામગીરી જેવી કે ટ્રાન્સમિશન એસેમ્બલી, રિયર ડોર સબ-એસેમ્બલી અને ખાસ કરીને K અને Z શ્રેણીના એન્જિન યુનિટ્સના નિર્માણમાં સક્રિય છે. કંપનીના વરિષ્ઠ એક્ઝિક્યુટિવ ઓફિસર રાહુલ ભારતીના જણાવ્યા અનુસાર, કંપનીનો ધ્યેય માત્ર મહિલાઓની સંખ્યા વધારવાનો નથી, પરંતુ તેમને સમાન તક આપીને સર્વાંગી વિકાસ માટે સર્વસમાવેશક વાતાવરણ પૂરું પાડવાનો છે. આ મહિલાઓને પણ પુરૂષોની જેમ જ કડક તાલીમ અને કૌશલ્ય વિકાસ કાર્યક્રમોમાંથી પસાર થવું પડે છે.

# પીયૂષ ગોયલનો ડબલ્યુટીઓ મંચ પરથી વૈશ્વિક વેપાર સમાનતાનો હુંકાર

યાઉન્ડે: આફ્રિકાના કેમરૂન ખાતે આયોજિત ૧૪મી 'વિશ્વ વ્યાપાર સંગઠન' (WTO) મંત્રી સ્તરીય પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે વૈશ્વિક મંચ પરથી મહત્વનો સંદેશ આપ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બહુપક્ષીય વેપાર પ્રણાલીએ સુનિશ્ચિત કરવું જોઈએ કે નવીનતા, વિકાસ અને તકો તમામ સભ્ય રાષ્ટ્રો વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવે. ભારત વિશ્વ વેપારમાં રચનાત્મક જોડાણ માટે કટિબદ્ધ છે અને ડબલ્યુટીઓ વૈશ્વિક વેપારના કેન્દ્રસ્થાને રહે તે માટે પ્રયત્નશીલ છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટ દ્વારા ગોયલે આંતરરાષ્ટ્રીય વેપાર સહયોગને મજબૂત કરવાની ભારતની ઈચ્છા વ્યક્ત કરી હતી.

કોન્ફરન્સના ભાગરૂપે પીયૂષ ગોયલે કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનિન્દર સિદ્ધુ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠકમાં બંને દેશો વચ્ચે તાજેતરમાં શરૂ થયેલી 'ભારત-કેનેડા વ્યાપક આર્થિક ભાગીદારી કરાર' (CEPA) વાટાઘાટોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. મીડિયા અહેવાલ મુજબ, બંને નેતાઓએ દ્વિપક્ષીય વેપાર અને આર્થિક સહયોગને વધુ મજબૂત કરવાના માર્ગો પર વિસ્તૃત ચર્ચા કરી હતી. ભારત અને કેનેડા વચ્ચેના આર્થિક સંબંધોમાં આ વાટાઘાટો એક મહત્વનું સીમાચિહ્ન સાબિત થઈ શકે છે.

## કર્મચારી પરિવહન ખર્ચ ઘટાડોમાં શક્ય

# ૪૦૦ ઈલેક્ટ્રિક વાહનો દ્વારા વાર્ષિક ૧૫.૭ લાખ લિટર ઇંધણની બચત

નવી દિલ્હી: વૈશ્વિક સ્તરે ઈંધણના ભાવમાં જોવા મળી રહેલી ભારે અસ્થિરતા અને ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે કોર્પોરેટ ગતિશીલતાના ક્ષેત્રમાં ઈલેક્ટ્રિક વાહનો (EV) આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યા છે. કોર્પોરેટ મોબિલિટી ફર્મ 'રૂટમેટિક' દ્વારા જાહેર કરવામાં આવેલા તાજા ડેટા મુજબ, કર્મચારીઓના પરિવહન માટે ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવાથી ઈંધણના વપરાશમાં અને સંચાલન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. કંપનીના અહેવાલ મુજબ, બેંગલુરુ અને પુણેમાં તૈનાત કરવામાં આવેલા ૪૦૦ થી વધુ ઈલેક્ટ્રિક વાહનોએ દર ૧૫ દિવસે અંદાજે ૬૫,૪૦૦ લિટર ઈંધણની બચત કરી છે. વર્તમાનમાં લિટર દીઠ આશરે ૧૦૦ રૂપિયાના ભાવ ગણીએ તો આ બચત દર પખવાડિયે આશરે ૬૫ લાખ રૂપિયા જેટલી થાય છે. જો આ આંકડાઓને વાર્ષિક ધોરણે જોવામાં આવે તો, રૂટમેટિકનો વર્તમાન ઈવી ફ્લીટ ૧૫.૭ લાખ લિટરથી વધુ ઈંધણનો વપરાશ ટાળવામાં મદદ કરી શકે છે. જો ઈંધણના ભાવ સ્થિર રહે તો આનાથી વાર્ષિક ૧૫ કરોડ રૂપિયાથી વધુની નાણાકીય બચત થવાની શક્યતા છે. મીડિયા અહેવાલ મુજબ, આ આંકડા હાલના આંશિક ઈલેક્ટ્રિફિકેશન પર આધારિત છે. જો કંપનીઓ સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક વાહનો તરફ વળે, તો આ આર્થિક કાર્યક્ષમતા અને ખર્ચમાં બચત હજુ પણ વધી શકે છે. ખાસ કરીને વર્તમાન સમયમાં જ્યારે કાચા તેલના ભાવ આંતરરાષ્ટ્રીય સ્તરે અનિશ્ચિત છે, ત્યારે ઈવી એક સ્થિર વિકલ્પ પૂરો પાડે છે. નિષ્ણાતોના મતે, કર્મચારી પરિવહન સેવાઓમાં વાહનો સામાન્ય રીતે દરરોજ ૧૦૦ થી ૧૫૦ કિલોમીટર નિર્ધારિત રૂટ પર ચાલે છે. આ નિશ્ચિત વપરાશ પદ્ધતિને કારણે ઈલેક્ટ્રિફિકેશન માટે આ ક્ષેત્ર સૌથી વધુ સુસંગત છે. રૂટમેટિકનો ઈવી ફ્લીટ અત્યારે વાહન દીઠ સરેરાશ ૧૨૦ કિલોમીટર પ્રતિ દિવસ ચાલે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આર્થિક અને પર્યાવરણીય ફાયદા હોવા છતાં, હજુ પણ ઘણી કંપનીઓ વ્યવસ્થિત કોર્પોરેટ કમ્યુટ સિસ્ટમ અપનાવવામાં પાછળ છે. આંતરિક સંશોધન મુજબ, ભારતના ૬૦ ટકાથી વધુ ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCCs) પાસે હજુ સુધી આવી સંકલિત પરિવહન સુવિધા નથી.

## આરબીઆઈ ફોરેક્સ રિઝર્વ ડેટા જાહેર | સોનાના અનામત મૂલ્યમાં ઘટાડો ૨૦૨૬ નોંધાયો

# ભારતીય વિદેશી હૂંડિયામણ ભંડારમાં ૧૧.૪૧ અબજ ડોલરનો મોટો ઘટાડો

(એજન્સી) અમદાવાદ | તા.28

ભારતના વિદેશી હૂંડિયામણ ભંડારમાં એક જ સપ્તાહમાં મોટો ઘટાડો નોંધાતા આર્થિક મોરચે ચિંતા જન્મી છે. ભારતીય રિઝર્વ બેંક દ્વારા જાહેર કરવામાં આવેલા તાજા આંકડા મુજબ, ૨૦ માર્ચના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન દેશનું કુલ વિદેશી હૂંડિયામણ ૧૧.૪૧ બિલિયન ડોલર ઘટીને ૬૯૮.૩૪ બિલિયન ડોલરના સ્તરે પહોંચી ગયું છે. આ ઘટાડા પાછળનું મુખ્ય કારણ સોનાના અનામત મૂલ્યમાં થયેલો તીવ્ર ઘટાડો હોવાનું માનવામાં આવે છે. પશ્ચિમ એશિયામાં સર્જાયેલા ભૌગોલિક તણાવ અને વૈશ્વિક બજારની અસ્થિરતાની અસર હવે સીધી રીતે ભારતની અનામત અસ્કયામતો પર દેખાઈ રહી છે.

નોંધનીય છે કે ચાલુ વર્ષના પ્રારંભમાં ભારતનું હૂંડિયામણ ભંડાર મજબૂત સ્થિતિમાં હતું. ૨૭ ફેબ્રુઆરીએ



પૂરા થયેલા સપ્તાહ દરમિયાન આ ભંડોળ ૭૨૮.૪૯ બિલિયન ડોલરની તેની અત્યાર સુધીની સર્વકાલીન ઉચ્ચ સપાટીએ પહોંચ્યું હતું. જોકે, ત્યારબાદ બદલાયેલી વૈશ્વિક પરિસ્થિતિઓને કારણે તેમાં સતત વધઘટ જોવા મળી રહી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, હાલના ઘટાડા છતાં ભારત પાસે હજુ પણ પૂરતું આયાત કવર ઉપલબ્ધ છે, પરંતુ ભંડારમાં આવેલો આ મોટો ઘટાડો બજારના વિશ્લેષકો માટે ચોક્કસપણે ચર્ચાનો વિષય બન્યો છે.

રિઝર્વ બેંકના અહેવાલ મુજબ, આ સપ્તાહમાં સોનાના અનામતના મૂલ્યમાં ૧૩.૪૯૫ અબજ ડોલરનો મોટો ઘટાડો થયો છે, જેના કારણે તેનું કુલ મૂલ્ય હવે ૧૧૭.૧૮૬ અબજ ડોલર રહી ગયું છે. સોનાના આંતરરાષ્ટ્રીય ભાવમાં આવેલા ફેરફારોની સીધી અસર આ મૂલ્યાંકન પર પડી છે. બીજી તરફ, વિદેશી ચલણ સંપત્તિમાં ૨.૧૨૭ અબજ ડોલરનો વધારો થયો છે, જે હવે ૫૫૭.૬૯૫ અબજ ડોલર થઈ છે. આ સંપત્તિમાં ડોલર સિવાયના અન્ય ચલણો જેવા કે યુરો, પાઉન્ડ અને યેનના મૂલ્યમાં થતા ફેરફારોનો પણ સમાવેશ થાય છે.

કેન્દ્રીય બેંકના ડેટા દર્શાવે છે કે સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (SDR) માં પણ ૬૫ મિલિયન ડોલરનો સામાન્ય ઘટાડો થયો છે, જે હવે ૧૮.૬૩૨ અબજ ડોલરના સ્તરે છે. જોકે, રાહતની વાત એ છે કે આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF) સાથેની ભારતની અનામત સ્થિતિમાં ૧૯ મિલિયન ડોલરનો સાધારણ વધારો જોવા મળ્યો છે, જે હવે ૪.૮૩૩ અબજ ડોલર થઈ છે. મીડિયા અહેવાલ મુજબ, રિઝર્વ બેંક રૂપિયાના મૂલ્યને સ્થિર રાખવા માટે સતત બજારમાં હસ્તક્ષેપ કરી રહી છે, જેની અસર પણ હૂંડિયામણ ભંડાર પર પડી શકે છે. આર્થિક નિષ્ણાતો માને છે કે ફોરેક્સ રિઝર્વમાં આવેલો આ ઘટાડો કામચલાઉ હોઈ શકે છે. સોનાના ભાવમાં થતી અસ્થિરતા અને ડોલર સામે અન્ય ચલણોની મજબૂતી આગામી સમયમાં ફરીથી ભંડારમાં વધારો કરી શકે છે. જોકે, પશ્ચિમ એશિયામાં વધતો સંઘર્ષ અને કાચા તેલના ભાવમાં ઉછાળો ભારત માટે પડકારજનક સાબિત થઈ શકે તેમ છે.

# બનાસકાંઠા કોંગ્રેસમાં ભડકો: પાલનપુર શહેર પ્રમુખની વરણી મુદ્દે કાર્યકરોનો બહિષ્કાર, કારોબારી બેઠકમાં સન્નાટો

રિપોર્ટર | મહેશભાઈ સોલંકી

બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસમાં આંતરિક વિખવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. પાલનપુર શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે કૌશલ પટેલની નિમણૂક કરવામાં આવતા સ્થાનિક કાર્યકરો અને આગેવાનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ વિરોધના પગલે આજે યોજાયેલી જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારી બેઠકનો શહેર કોંગ્રેસના તમામ 70 જેટલા સભ્યોએ બહિષ્કાર કર્યો હતો. કારોબારી બેઠકમાં ગેરહાજરી: ધારાસભ્યો અને સાંસદો પણ ના દેખાયા : જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રભારીઓ અને જિલ્લાના આગેવાનોની હાજરીમાં કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આશ્ચર્યજનક રીતે આ બેઠકમાં સાંસદ અને ધારાસભ્યો પણ હાજર રહ્યા ન હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. કાર્યકરોનો



આક્ષેપ છે કે પ્રદેશ અને જિલ્લા પ્રમુખ દ્વારા મનસ્વી રીતે શહેર પ્રમુખની વરણી કરવામાં આવી છે, જે પક્ષના હિતમાં નથી. 'પાર્ટીનો નહીં, કાર્યપદ્ધતિનો વિરોધ છે' પૂર્વ ઉપપ્રમુખ : કોંગ્રેસના પૂર્વ ઉપપ્રમુખે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, 'અમે પક્ષના વિરોધી નથી, પરંતુ જે રીતે અન્યાયી રીતે નિમણૂક કરવામાં આવી છે તેની સામે અમારો વાંધો છે. જ્યાં સુધી યોગ્ય ઉકેલ નહીં આવે ત્યાં સુધી અમારો વિરોધ ચાલુ રહેશે.' આગામી સમયમાં જ્યારે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા બનાસકાંઠાની મુલાકાતે આવવાના છે, ત્યારે કાર્યકરો આ મુદ્દે તેમની સમક્ષ રજૂઆત કરી મંત્રણા કરવા પણ તૈયાર છે. ચૂંટણી પર પડી શકે છે માઠી અસર : જિલ્લા અને તાલુકા પંચાયતની આગામી ચૂંટણીઓ પૂર્વે જ કોંગ્રેસમાં સર્જાયેલી આ ખેંચતાણ પક્ષ માટે ચિંતાનો વિષય બની છે. જો સમયસર આ વિવાદ નહીં ઉકેલાય તો આગામી ચૂંટણીના પરિણામો પર તેની સીધી અને નકારાત્મક અસર થવાની પૂરેપૂરી શક્યતા છે.

# નખત્રાણા મધ્યે શ્રી હનુમાનજી મહારાજનો જન્મોત્સવ ઉમંગભેર ઉજવાશે



મહેશ એલ. સોની નખત્રાણા

શ્રી નવયુવક ગણેશ ઉત્સવ સમિતિ નખત્રાણા દ્વારા મેઈન બજાર ગંગા નાકે આવેલા પ્રાચીન શ્રી ચૈતન્ય હનુમાનજી મહારાજ મંદિરના સાનિધ્યમાં શ્રી ચૈતન્ય હનુમાન ચોક ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્ર સુદ પુનમના તારીખ ૨-૪-૨૦૨૬ ગુરુવારના રોજ શ્રી હનુમાનજી મહારાજના જન્મોત્સવની ઉમંગભેર ઉજવણી કરવામાં આવનાર છે. આ અંગે સમિતિ દ્વારા એક અખબારી યાદી જોગ સવારે,૦૮:૧૫ કલાકે ધ્વજારોહણ , પુજનશાસ્ત્રી શ્રી વેણુભાઈ રાવલ અને શ્રી દિપકભાઈ રાવલ પુજારી શ્રી જયંતિભારથી લક્ષ્મણભારથી ગુંસાઈ દ્વારા સંપન્ન કરાશે. જ્યારે સાંજે ૦૭:૧૫ કલાકે નિગમ ઠક્કર એન્ડ ઓર્કેસ્ટ્રા પાર્ટી સંગાથે સંગીત મય મહાઆરતી તેમજ રાત્રે ૦૯:૦૦ કલાકે સંગીતમય સુંદરકાંડ પાઠનું પઠન કરવામાં આવશે. આ પ્રસંગે જાણીતા વકતા શ્રી પ્રવિણભાઈ જોષી (નાના નખત્રાણા વાળા) દ્વારા શ્રી હનુમાનજી મહારાજના જીવનચરિત્ર વ્યાખાન યોજાશે. નખત્રાણા તેમજ આસપાસના વિસ્તારોના ભાવિક ભક્તોને આ ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા શ્રી નવયુવક ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સુરતમાં ભાજપા દક્ષિણ ઝોનની બેઠક: સંગઠન મજબૂત બનાવી ચૂંટણી માટે સજ્જ થવાનો સંદેશ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સુરત ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં દક્ષિણ ઝોનના પદાધિકારીઓની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ, પ્રદેશ મહામંત્રી ડૉ. પ્રશાંતભાઈ કોરાટ તથા પ્રદેશ ચૂંટણી સંચાલન સમિતિના સંયોજક શ્રી ગોરધનભાઈ ઝડફીયા સહિત જિલ્લા-મહાનગરના આગેવાનો અને પદાધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન પ્રદેશ અધ્યક્ષે સંગઠનાત્મક મુદ્દાઓ પર વિસ્તૃત માર્ગદર્શન આપતા આગાહી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને મજબૂત અને સુનિયોજિત સંગઠન ઊભું કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કાર્યકર્તાઓને બુથ સ્તરથી લઈને ઘરઘર સુધી સરકારની પ્રજાહિતકારી યોજનાઓ અને સ્થાનિક પ્રતિનિધિઓના વિકાસ કાર્યો પહોંચાડવા આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ સહિત અન્ય આગેવાનો દ્વારા પણ પ્રાસંગિક ઉદ્દબોધન કરી કાર્યકર્તાઓને ચૂંટણી માટે સક્રિય બનવા અને સંગઠનને વધુ સશક્ત બનાવવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# રાજકોટમાં 'વિક્સિત ભારત યુવા સંવાદ': યુવાનોને સંસ્કૃતિથી પ્રેરણા લઈ રાષ્ટ્રનિર્માણમાં જોડાવા આહ્વાન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજકોટની આર.કે. યુનિવર્સિટી ખાતે "વિક્સિત ભારત યુવા સંવાદ" કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો, જેમાં કેન્દ્રીય યુવા બાબતો, રમતગમત તેમજ શ્રમ-રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં આશરે ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લીધો હતો. કાર્યક્રમમાં યુવાનોને સંબોધતા ડૉ. માંડવિયાએ વિકસિત ભારતના સપનાને સાકાર કરવા માટે માનસિકતા પરિવર્તનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે યુવાનોને ગુલામીની માનસિકતા છોડીને ભારતીય સંસ્કૃતિ અને પરંપરામાંથી પ્રેરણા લેવાની અને "અમે સમૃદ્ધ ભારત બનાવશું" એવા સંકલ્પ સાથે આગળ વધવાની પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યું કે દેશના સર્વાંગી વિકાસ માટે દરેક નાગરિકે પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવવી



અનિવાર્ય છે. ' નેશન ફર્સ્ટ' ની ભાવનાથી કાર્ય કરવાથી સારા નાગરિક બનવા સાથે વ્યક્તિગત લક્ષ્યો સિદ્ધ કરવું પણ સરળ બને છે. પદ કે સત્તા અંતિમ લક્ષ્ય નહીં પરંતુ ગંતવ્ય સુધી પહોંચવાનો સાધન હોવાનું તેમણે ઉલ્લેખ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે ઈન્ટરએક્ટિવ સંવાદ અને પ્રશ્નોત્તરી યોજાઈ, જેમાં યુવાનોએ વિવિધ મુદ્દાઓ પર માર્ગદર્શન મેળવ્યું. ડૉ. માંડવિયાએ યુવાનોને 'માય ભારત' ડિજિટલ પ્લેટફોર્મ સાથે જોડાવા પણ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્યો સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અંતે એનસીસી સ્વયંસેવકો દ્વારા મંત્રીશ્રીને પેઈન્ટિંગ ભેટ આપવામાં આવી અને યુનિવર્સિટી તરફથી બાયોડાયવર્સિટી પુસ્તક અર્પણ કરાયું. કાર્યક્રમના સમાપન પ્રસંગે આભારવિધિ સાથે સફળ આયોજનની નોંધ લેવામાં આવી.

# ગિફ્ટ સિટી વૈશ્વિક નાણાકીય હબ તરીકે ઊભરી: 1,150થી વધુ સંસ્થાઓ સાથે ઝડપી વિકાસ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટી દેશનું પ્રથમ સંપૂર્ણ કાર્યરત આંતરરાષ્ટ્રીય નાણાકીય અને આઈટી હબ બની વૈશ્વિક નાણાકીય ક્ષેત્રમાં ભારતની મજબૂત હાજરી દર્શાવી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન હેઠળ સ્થાપિત આ પ્રોજેક્ટ આજે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક નાણાકીય કેન્દ્ર તરીકે વિકસ્યો છે. હાલ ગિફ્ટ સિટીમાં 1,150થી વધુ આઈએફએસસીએ-



રજિસ્ટર્ડ સંસ્થાઓ કાર્યરત છે. બેંકિંગ ક્ષેત્રે $106 બિલિયન સુધીનો વ્યાપ નોંધાયો છે, જ્યારે મૂડીબજાર પણ $80 બિલિયન સુધી પહોંચી ગયું છે, જે છેલ્લા કેટલાક વર્ષોમાં થયેલા ઝડપી વિકાસને દર્શાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગિફ્ટ સિટીના વિસ્તરણને વધુ વેગ મળ્યો છે. અહીં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્નોલોજી આધારિત સુવિધાઓ અને એકીકૃત નાણાકીય ઈકોસિસ્ટમના કારણે આંતરરાષ્ટ્રીય રોકાણકારો માટે આકર્ષણ વધ્યું છે. ગિફ્ટ સિટી માત્ર નાણાકીય પ્રવૃત્તિઓ પૂરતું સીમિત ન રહી, પરંતુ રોજગારી સર્જનનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે. અંદાજ મુજબ 2030 સુધીમાં અહીં 1 લાખથી વધુ રોજગારીઓ ઊભી થવાની સંભાવના છે. આ ઉપરાંત, અદ્યતન અન્ડરગ્રાઉન્ડ યુટિલિટી ટનલ, ડિસ્ટ્રિક્ટ કૂલિંગ સિસ્ટમ અને સ્માર્ટ વેસ્ટ મેનેજમેન્ટ જેવી સુવિધાઓ ગિફ્ટ સિટીને ટકાઉ અને આધુનિક શહેર તરીકે ઓળખ આપે છે. વિશ્વના અગત્યના નાણાકીય કેન્દ્રો સાથે જોડાણ ધરાવતી ગિફ્ટ સિટી આજે ભારતના વૈશ્વિક નાણાકીય ગેટવે તરીકે ઉભરી રહી છે અને દેશના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

# કચ્છમાં દાયકા બાદ ઘોરાડના બચ્ચાનો જન્મ: ગુજરાતને વન્યજીવ સંરક્ષણમાં ઐતિહાસિક સફળતા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાતના વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે કચ્છમાં એક દાયકાના અંતરાલ બાદ 'ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ' (ઘોરાડ)ના બચ્ચાના જન્મ સાથે ઐતિહાસિક સફળતા નોંધાઈ છે. અબડાસા વિસ્તારમાં થયેલું આ આગમન રાજ્ય માટે ગૌરવની ક્ષણ હોવાનું વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું. ગુજરાત અને રાજસ્થાનના વન વિભાગ,



કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય અને વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ના સંયુક્ત પ્રયાસોથી આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. 'જમ્પસ્ટાર્ટ એપ્રોચ' જેવી આધુનિક સંરક્ષણ પદ્ધતિ અને 'ઓપરેશન એગ ટ્રાન્સફર'ના સફળ અમલથી આ દુર્લભ પ્રજાતિને નવી આશા મળી છે. આ અભિયાન હેઠળ રાજસ્થાનના બ્રીડિંગ સેન્ટરમાંથી ફલિત ઈંડું પોર્ટેબલ ઈન્ક્યુબેટરમાં ૧૯ કલાકની મુસાફરી કરીને કચ્છ લાવવામાં આવ્યું અને સ્થાનિક માદા ઘોરાડના માળામાં સ્થાપિત કરવામાં આવ્યું. ત્યારબાદ કુદરતી સેવનથી ૨૬ માર્ચે સ્વસ્થ બચ્ચાનો જન્મ થયો. મંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન હેઠળ શરૂ થયેલા 'પ્રોજેક્ટ જીઆઈબી'ને આ સફળતા મહત્વપૂર્ણ ગતિ આપે છે. સાથે જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય વન્યજીવ સંરક્ષણમાં નવી ઊંચાઈ સર કરી રહ્યું છે. હાલમાં ટીમ દ્વારા માતા અને બચ્ચાનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. આ ઘટના માત્ર વૈજ્ઞાનિકો અને વન વિભાગ માટે નહીં પરંતુ સમગ્ર દેશ માટે પ્રેરણાદાયી સિદ્ધિ તરીકે જોવામાં આવી રહી છે.

# રાજ્યમાં પેટ્રોલ-ડીઝલ-ગેસનો પૂરતો જથ્થો: મુખ્યમંત્રીની ઉચ્ચસ્તરીય બેઠકમાં સમીક્ષા



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, ગેસ, ખાતર સહિતની આવશ્યક ચીજવસ્તુઓના જથ્થા અને વિતરણ વ્યવસ્થાની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે રાજ્યમાં હાલમાં તમામ આવશ્યક વસ્તુઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને ભવિષ્યમાં પણ પૂરતો પુરવઠો જળવાઈ રહે તે માટે સરકાર દ્વારા અસરકારક આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં રાજ્યો સાથે યોજેલી વીડિયો કોન્ફરન્સમાં આપેલા દિશા-નિર્દેશોના અનુસંધાને આ બેઠક યોજાઈ હતી. મુખ્યમંત્રીશ્રીએ વિભાગોને સંકલન અને સતર્કતા સાથે ટીમવર્ક દ્વારા લોકો સુધી આવશ્યક ચીજવસ્તુઓનો સપ્લાય સરળતાથી પહોંચે તે સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. પી.એન.જી. કનેક્શનના વિસ્તરણને પ્રાથમિકતા આપતા છેલ્લા ૧૦ દિવસમાં ૧૨ હજારથી વધુ નવા કનેક્શન અને ૩૦૦થી વધુ કોમર્શિયલ કનેક્શન આપવામાં આવ્યા હોવાનું જણાવાયું હતું. રાજ્યમાં હાલ ૧.૨૮ કરોડ એલપીજી કનેક્શન કાર્યરત છે અને પુરવઠા અંગે કોઈ વિક્ષેપ ન રહે તે માટે ઓઈલ-ગેસ કંપનીઓ સાથે સતત સંકલન રાખવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ સંગ્રહખોરી અને કાળાબજાર સામે કડક કાર્યવાહી કરવા તાકીદ કરી હતી, જેથી અછત અંગેનો ભય દૂર થઈ શકે. સાથે જ ખાતરની ઉપલબ્ધતા, પોર્ટ્સ પર કાર્ગો મેનેજમેન્ટ અને સપ્લાય ચેઈન જાળવવા માટે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું. શ્રમિકોને સમયસર મહેનતાણું મળે તેની ખાસ કાળજી લેવા સૂચના આપવામાં આવી હતી. રાજ્ય અને જિલ્લા સ્તરે સપ્લાય વ્યવસ્થા મજબૂત બનાવવા માટે કોર્ડિનેશન કમિટીની રચનાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બેઠકમાં નાયબ મુખ્યમંત્રી સહિત વરિષ્ઠ મંત્રીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહી રાજ્યમાં આવશ્યક ચીજવસ્તુઓની અવિરત ઉપલબ્ધતા માટે વ્યૂહરચના પર ચર્ચા કરી હતી.




ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર નજીકના અડાલજમાં આવેલી એક શૈક્ષણિક સંસ્થા બાયોગેસના ઉપયોગથી ઊર્જા સ્વનિર્ભરતા તરફ અનોખું મોડેલ ઉભું કરી રહી છે. અહીં દરરોજ 500થી વધુ લોકો માટે બનતી રસોઈ સંપૂર્ણપણે બાયોગેસ પર આધારિત છે, જે પર્યાવરણમૈત્રી વિકાસનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે. શ્રીમતી માણેકબા વિનય વિહાર શૈક્ષણિક સંકુલમાં 250થી વધુ વિદ્યાર્થિનીઓ અને સંકુલમાં રહેતા પરિવારો માટે ભોજન બાયોગેસથી તૈયાર થાય છે. સંસ્થામાં કુલ 90 ઘનમીટર પ્રતિદિન ક્ષમતા ધરાવતા બે બાયોગેસ પ્લાન્ટ કાર્યરત છે, જે ગૌશાળામાં રહેલી 200થી વધુ ગાયો પાસેથી મળતા જૈવિક કચરાથી સંચાલિત થાય છે. ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સીની સહાયથી સ્થાપિત આ પ્લાન્ટના કારણે સંસ્થા એલપીજી ગેસ પરની સંપૂર્ણ નિર્ભરતા દૂર કરી શકી છે. સાથે જ પ્લાન્ટમાંથી મળતી સ્લરીનો ઉપયોગ ઓર્ગેનિક ખાતર તરીકે કરીને જૈવિક ખેતીને પણ પ્રોત્સાહન મળી રહ્યું છે. રાજ્ય સરકારની સંસ્થાકીય બાયોગેસ યોજના અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં 193 સંસ્થાઓમાં બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેની કુલ ક્ષમતા 13,955 ઘનમીટર પ્રતિદિન છે. આગામી વર્ષ 2026-27માં પણ વધુ 60 પ્લાન્ટ સ્થાપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત વૈકલ્પિક ઊર્જાના ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યું છે. અડાલજનું આ મોડેલ સ્વચ્છ ઊર્જા, ખર્ચ બચત અને ટકાઉ વિકાસ માટે અન્ય સંસ્થાઓ માટે પ્રેરણારૂપ બની રહ્યું છે.

# સાણંદ-નરોડા GIDCમાં ₹૨૭૧ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સ: વડાપ્રધાન મોદીના હસ્તે ૩૧ માર્ચે લોકાર્પણ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

'અવિરત ગુજરાત, વિકસિત ગુજરાત'ના મંત્ર સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૩૧ માર્ચે અમદાવાદના સાણંદ ખાતેથી ૨૭૧ કરોડથી વધુના જીઆઈડીસી વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. આ પ્રકલ્પો રાજ્યની ઔદ્યોગિક ક્ષમતાને વધુ મજબૂત બનાવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. સાણંદ ઔદ્યોગિક વસાહતમાં વરસાદી પાણીના ભરાવાની લાંબા સમયથી ચાલતી સમસ્યાના કાયમી ઉકેલરૂપે ૨૪૪ કરોડના ખર્ચે આધુનિક આરસીસી સ્ટોર્મ વોટર ડ્રેઈન પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યો છે. આશરે ૧૮ કિમીથી વધુ લંબાઈની આ ડ્રેઈન વ્યવસ્થાથી સાણંદ હવે 'ઝીરો વોટર લોગિંગ' ઝોન બનવા તરફ આગળ વધી રહ્યું છે, જેનાથી ઉદ્યોગોને મોટો રાહત મળશે. બીજી તરફ, નરોડા ઔદ્યોગિક વસાહતનું ૨૭.૨૦ કરોડના ખર્ચે વ્યાપક નવિનીકરણ કરવામાં આવ્યું છે. તેમાં માર્ગોના મજબૂતીકરણથી લઈ ડ્રેનેજ, પેવર બ્લોક, સ્ટ્રીટ લાઈટ્સ, પાર્કિંગ અને અન્ય આધુનિક સુવિધાઓનો સમાવેશ થાય છે, જે ઉદ્યોગોની કામગીરીને વધુ સુગમ બનાવશે. આ પ્રોજેક્ટ્સ અમલમાં આવતાં સાણંદ અને નરોડાના હજારો ઉદ્યોગોને સીધો લાભ મળશે. સુધારેલી માળખાકીય સુવિધાઓ, અસરકારક ડ્રેનેજ અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી માલસામાનની હેરફેર ઝડપી બનશે અને વૈશ્વિક રોકાણકારો માટે ગુજરાત વધુ આકર્ષક બનશે. લોકાર્પણ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી સહિત અગ્રણી આગેવાનો અને ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. આ પહેલ રાજ્યને ઔદ્યોગિક વિકાસના નવા શિખરો તરફ આગળ ધપાવશે એવી ધારણા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ૩૧ માર્ચે વડાપ્રધાન મોદી ગુજરાતના શહેરોને ₹૫,૨૯૫ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સની ભેટ આપશે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાતના શહેરી વિકાસને નવી દિશા આપતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૩૧ માર્ચે રાજ્યના શહેરોમાં કુલ ૫,૨૯૫ કરોડથી વધુના ૪૪ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ પ્રોજેક્ટ્સ શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવી નાગરિક સુવિધાઓમાં ગુણાત્મક વધારો લાવશે. આમાંથી સૌથી મોટો હિસ્સો અમદાવાદનો છે, જ્યાં એકલા ૪,૬૪૦ કરોડના ૩૨ પ્રોજેક્ટ્સ હાથ ધરાશે. ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી અને ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશનના વિવિધ પ્રકલ્પો પણ સમાવેશ પામશે. પ્રધાનમંત્રી આવાસ યોજનાના હજારો મકાનોના લોકાર્પણથી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોનું ઘરનું સપનું સાકાર બનશે. સાથે જ ડ્રેનેજ, પાણી પુરવઠા, રોડ નેટવર્ક, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને શહેરી સુવિધાઓને લગતા અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ શહેરોની કાયાપલટ કરશે. ઐતિહાસિક નગરી વડનગરમાં હેરિટેજ ટાઉન અને માર્ગ સૌંદર્યીકરણ પ્રોજેક્ટનું લોકાર્પણ કરીને પ્રવાસન અને વારસાના સંવર્ધનને પ્રોત્સાહન આપવામાં આવશે. ઉપરાંત પાટણમાં નવા રેલવે ઓવરબ્રિજના ઉદ્દ્ઘાટનથી ટ્રાફિક સમસ્યામાં રાહત મળશે અને લાખો નાગરિકોને સુરક્ષિત મુસાફરી સુવિધા ઉપલબ્ધ બનશે. વડાપ્રધાનની આ મુલાકાત રાજ્યના શહેરોને આધુનિક, સુવ્યવસ્થિત અને સુવિધાસભર બનાવવાના દિશામાં મહત્વપૂર્ણ મક્કમ પગલું સાબિત થવાની અપેક્ષા છે.

# રાજકોટને ₹૭૫૧ કરોડના વિકાસ કામોની ભેટ: ૧૦૧૦ પરિવારોને મળ્યાં નવા આવાસ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટમાં ૭૫૧.૨૦ કરોડના ૪૫ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું, જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧૦૧૦ પરિવારોને નવા આવાસોની ભેટ આપવામાં આવી. આ સાથે શહેરના ભવિષ્ય માટે ૫૪૩ કરોડના ૪૦ નવા પ્રોજેક્ટ્સનો પાયો પણ નખાયો. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે "ઈઝ ઓફ લિવિંગ"ના અભિગમ સાથે રાજકોટમાં માર્ગ, ડ્રેનેજ, પાણી અને રોશની જેવી મૂળભૂત સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. તેમણે ગુજરાતના મજબૂત નાણાકીય પ્રબંધનને દેશના શ્રેષ્ઠ મોડલ તરીકે ઉલ્લેખતા આયોજનબદ્ધ વિકાસકાર્યોને તાત્કાલ મંજૂરી આપવાની સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. આ પ્રસંગે ૧૧૯ કરોડના ખર્ચે નિર્મિત ઈડબલ્યુએસ આવાસો ઉપરાંત આરટીઓ કચેરી અને વ્હીકલ ટેસ્ટ ટ્રેક સહિતના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરાયું. મુખ્યમંત્રીશ્રીએ ગરીબ અને મધ્યમ વર્ગને 'ઘરના ઘર'નું સપનું સાકાર કરવાનું સરકારનું ધ્યેય પુનરોચ્ચાર્યું. પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ રાજકોટમાં છેલ્લા ૧૫ દિવસમાં ૧૧૦૦ કરોડથી વધુના વિકાસ કાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્તને ઐતિહાસિક ગણાવ્યું, જ્યારે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ નાગરિક સુખાકારી માટે સરકારની સતત પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. રાજકોટમાં ચાલી રહેલા વ્યાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસથી શહેરને આધુનિક અને સુવિધાસભર બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું હોવાનું પ્રતિપાદિત થયું.

# એએમએમાં 16મું ડૉ. લલિતા અય્યર મેમોરિયલ લેક્ચર: ડૉ. એકતા શાહનું "હર સ્પેસ, હર સ્ટોરી" વિષય પર પ્રેરણાદાયી સંબોધન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) દ્વારા આયોજિત 16મા ડૉ. લલિતા અય્યર મેમોરિયલ લેક્ચરમાં નાસા સાથે સંકળાયેલા એસ્ટ્રોફિઝિસ્ટ ડૉ. એકતા શાહે "હર સ્પેસ, હર સ્ટોરી" વિષય પર પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. તેમણે વિજ્ઞાન અને મેનેજમેન્ટ શિક્ષણમાં મહિલાઓની ભૂમિકા તથા નેતૃત્વના મહત્વ પર ભાર મૂક્યો. ડૉ. શાહ બ્રહ્માંડની પ્રાચીન સંરચનાઓના અભ્યાસ માટે જાણીતા છે. તેમની ટીમ દ્વારા શોધાયેલી છ આકાશગંગા પ્રોટોસ્ટ્રક્ચર્સને ભારતીય ઈન્દ્રિયો પરથી નામ આપવામાં આવ્યા



છે, જે વૈશ્વિક સંશોધનમાં મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાઈ રહી છે. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું કે આધુનિક ખગોળશાસ્ત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડેટા સાયન્સ ક્રાંતિ લાવી રહ્યા છે. "હવે લાખો આકાશગંગાઓનો ડેટા સેકન્ડોમાં વિશ્લેષિત કરી શકાય છે, જે અગાઉ વર્ષો લેતો હતો," તેમ તેમણે ઉમેર્યું. કાર્યક્રમ દરમિયાન ડૉ. શાહે એએમએના વિવિધ સર્ટિફિકેટ કોર્સના વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. તેમણે પોતાના અનુભવ શેર કરતાં કહ્યું કે નાસા સાથેનું કાર્ય ભવિષ્યના વૈજ્ઞાનિક વિકાસ માટે નવી દિશાઓ ખોલે છે. આણંદથી વૈશ્વિક સ્તરે પહોંચનાર ડૉ. શાહે પોતાની સફળતાનો શ્રેય સમર્પણ અને સંસાધનશીલતાને આપ્યો. તેમના સંબોધન દ્વારા યુવાનોને વિજ્ઞાન ક્ષેત્રે નવી ઊંચાઈ સર કરવા પ્રેરણા મળી. આ મેમોરિયલ લેક્ચર ડૉ. લલિતા અય્યરના સ્મરણમાં આયોજિત થાય છે, જે મહિલાઓના સશક્તિકરણ માટે સમર્પિત રહ્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને પ્રતિષ્ઠિત મહાનુભાવો હાજર રહ્યા હતા.

# રેન્ટોમોજો લિમિટેડે આઈપીઓ માટે સેબીમાં DRHP ફાઈલ કર્યું

હોમ ફર્નિચર અને એપ્લાયન્સિસ માટે સૌથી મોટા ઓનલાઈન રેન્ટલ અને સબ્સ્ક્રીપ્શન પ્લેટફોર્મ, રેન્ટોમોજો લિમિટેડ આઈપીઓ માટે સેબીમાં તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. ગીતાંશ બામણિયા આ કંપનીના પ્રમોટર છે. આ ઓફરમાં રૂ. 1,500 મિલિયન (રૂ. 150 કરોડ) સુધીના ફ્રેશ ઈશ્યૂ અને 2,83,99,567 ઈક્વિટી શેર સુધીના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. 1 છે.રેન્ટોમોજો ભારતમાં ફર્નિચર અને હોમ એપ્લાયન્સિસ માટે ટેકનોલોજી-સંચાલિત, ફુલ-સ્ટેક ડાયરેક્ટ-ટુ-કન્ઝ્યુમર ("D2C") ઓનલાઈન રેન્ટલ અને સબ્સ્ક્રીપ્શન પ્લેટફોર્મ ચલાવે છે. તે સૌથી મોટું ઓનલાઈન રેન્ટલ અને સબ્સ્ક્રીપ્શન પ્લેટફોર્મ છે અને નાણાંકીય વર્ષ 2025 માં સબ્સ્ક્રીપ્શન આવકના આધારે સંગઠિત હોમ ફર્નિચર અને એપ્લાયન્સિસ રેન્ટલ સેગમેન્ટ (વોટર પ્યુરિફાયર સિવાય) માં અંદાજિત 42 ટકા-47 ટકા હિસ્સા સાથે બજારમાં અગ્રણી સ્થાને છે (સ્ત્રોત: રેડસીર રિપોર્ટ). તે 30 સપ્ટેમ્બર, 2025 સુધીમાં 22 શહેરોમાં 227,511 લાઈવ સબ્સ્ક્રાઈબર્સ ધરાવે છે તથા 21 વેરહાઉસ અને આશરે 4,44,486 ચોરસ ફૂટ વેરહાઉસિંગ જગ્યા ધરાવતા સ્કેલ કરેલ સર્વિસ નેટવર્ક દ્વારા સમર્થિત છે. કંપની એક ઓમ્ની-ચેનલ પ્લેટફોર્મ ચલાવે છે જેમાં તેના ઓનલાઈન ઈન્ટરફેસ અને સમગ્ર ભારતમાં (30 સપ્ટેમ્બર, 2025 સુધીમાં) 67 એક્સપિરિયન્સ સ્ટોર્સનો સમાવેશ થાય છે, જે 7,28,773 લાઈવ પ્રોડક્ટ્સના પોર્ટફોલિયોમાં ફર્નિચર અને એપ્લાયન્સિસ માટે ફ્લેક્સિબલ સબ્સ્ક્રીપ્શન એક્સેસ પ્રદાન કરે છે.

# ધામાય (નવી) ગામમાં શોકની લાગણી : યુવાન સમરતસિંહ સોઢાનું અવસાન



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના ધામાય (નવી) ગામના રહેવાસી તથા "વાંકોલ સાઉન્ડ" સાથે સંકળાયેલા સમરતસિંહ સોઢાનું દુઃખદ અવસાન થયાનું જાણવા મળ્યું છે. તેમના નિધનના સમાચાર મળતા જ ગામ સહિત આસપાસના વિસ્તારોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.સમરતસિંહ સોઢા ગામમાં સરળ, મિલનસાર અને સેવાભાવી સ્વભાવ માટે જાણીતા હતા. ગામમાં યોજાતા સામાજિક અને ધાર્મિક કાર્યક્રમોમાં તેઓ હંમેશા સક્રિય રીતે જોડાતા અને પોતાની સેવાઓ આપતા હતા. "વાંકોલ સાઉન્ડ" મારફતે તેમણે અનેક કાર્યક્રમોને સફળ બનાવવા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું, જેના કારણે તેઓ લોકપ્રિય બન્યા હતા. તેમના અચાનક અવસાનથી પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. મિત્રો, સગા-સંબંધી તથા ગામજનોમાં પણ ઊંડો શોક વ્યાપી ગયો છે. ગામના આગેવાનો અને લોકોએ તેમના નિવાસસ્થાને પહોંચી પરિવારને સાંત્વના પાઠવી હતી તેમજ સ્વર્ગસ્થ આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.ગામના સામાજિક આગેવાનો, મુરૂ જૂથ ગ્રામ પંચાયતના ઉપસરપંચશ્રી જગદીશસિંહ સોઢા સહીત ગામલોકો એ તેમના અવસાન પર ઊંડું દુઃખ વ્યક્ત કરી પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં 'વર્લ્ડ ઓરલ હેલ્થ મંથ'ની ઉજવણી: સફાઈ કર્મચારીઓનું ઓરલ કેન્સર સ્ક્રીનિંગ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે 'વર્લ્ડ ઓરલ હેલ્થ મંથ'ની ઉજવણી અંતર્ગત સફાઈ કર્મચારીઓ માટે વિશેષ આરોગ્ય અભિયાન હાથ ધરાયું છે. જીએમઈઆરએસ મેડિકલ કોલેજના ડેન્ટિસ્ટ્રી વિભાગ દ્વારા ૨૦ માર્ચથી ૧૯ એપ્રિલ સુધી ચાલનારા આ કાર્યક્રમમાં ઓરલ સ્ક્રીનિંગ, કેન્સર જાગૃતિ અને તમાકુ મુક્તિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ અભિયાન અંતર્ગત કર્મચારીઓનું ઓરલ કેન્સર સ્ક્રીનિંગ કરવામાં આવ્યું તેમજ તમાકુના નુકસાનકારક પ્રભાવ અંગે જાગૃતિ ફેલાવવા લઘુ નાટક રજૂ કરવામાં આવ્યું. ડૉ. પ્રિયંકા સુતરીયા અને ડૉ. સુજય



શાહની આગેવાનીમાં નિષ્ણાતોએ તપાસ કરી, જ્યારે સાઈક્યાટ્રી વિભાગે તમાકુ છોડવા માટે માનસિક આરોગ્યના મહત્વ અંગે સમજણ આપી. કાર્યક્રમ દરમિયાન કર્મચારીઓએ મોંના કેન્સરથી બચવા માટે શપથ લીધા અને 'સ્વસ્થ મુખ, ખુશહાલ જીવન'નો સંદેશ પ્રસારિત કર્યો. હોસ્પિટલની ડેન્ટલ ઓપીડીમાં દર મહિને હજારો દર્દીઓને સારવાર મળતી હોવા છતાં આ પ્રકારના જાગૃતિ અભિયાનો આરોગ્ય સેવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે. આ સમગ્ર આયોજન મેડિકલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. મીતા પરિખ અને ડીન ડૉ. અંકુર ઝાલાવાડિયાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થયું.

# ભાવનગર-ધોલેરા વચ્ચે નવી રેલ લાઈનને મંજૂરી: કનેક્ટિવિટી અને ઔદ્યોગિક વિકાસને મળશે વેગ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ


ધોલેરા વિસ્તારના સર્વાંગી વિકાસ તરફ એક મહત્વપૂર્ણ પગલુંરૂપે ભાવનગરથી ધોલેરા સુધી નવી રેલ લાઈન માટે ફાઈનલ લોકેશન સર્વેને કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. કેન્દ્રિય રેલમંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા આશરે ૬૫ કિલોમીટર લાંબી આ રેલ લાઈન માટે મંજૂરી આપવામાં આવી છે. આ નવી રેલ લાઈનથી ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજનની કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે, જેનાથી ઉદ્યોગ, વેપાર



અને રોકાણ ક્ષેત્રે નોંધપાત્ર વૃદ્ધિ થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. વિકસતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ અને વધતી રોકાણની તકો વચ્ચે ધોલેરા દેશના આગામી સ્માર્ટ અને ઔદ્યોગિક હબ તરીકે ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. આ રેલ પ્રોજેક્ટથી પ્રદેશના આર્થિક વિકાસને નવી દિશા મળશે. કેન્દ્ર સરકારના આ નિર્ણયથી ભાવનગર-ધોલેરા વિસ્તારને ભવિષ્યમાં વધુ મજબૂત પરિવહન સુવિધા મળવાની સાથે વિકાસની ગતિ વધુ તેજ બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.



# કાર્તિક અને શ્રીલીલાની ફિલ્મનું શૂટિંગ કાશ્મીરમાં ફરી શરૂ



(એજન્સી) મુંબઈ | તા.28

કાર્તિક આર્યન અને શ્રીલીલાએ અનુરાગ બસુની ફિલ્મનું શ્રીનગરમાં ફરી શૂટિંગ શરૂ કર્યું છે. આ ફિલ્મના ટાઇટલ વિશે હજી નિર્ણય લેવામાં આવ્યો નથી. અગાઉ આ ફિલ્મનાં કેટલાંક દ્રશ્યોનું શૂટિંગ થઈ ચૂક્યું છે. હવે શૂટિંગ આગળ વધારાયું છે. અગાઉ આ ફિલ્મને 'આશિકી થ્રી' તરીકે ઓળખાવાઈ હતી. જોકે, કાનૂની વિવાદ બાદ તે ટાઈટલ પડતું મૂકાયું હતું. બીજી તરફ કાર્તિકની અટકી પડેલી ફિલ્મ 'કેપ્ટન ઈન્ડિયા'નું શૂટિંગ પણ આગામી મે અથવા જુલાઈમાં શરુ થવાની શક્યતા છે. આ ફિલ્મની જાહેરાત પાંચ વર્ષ પહેલાં થઈ હતી. અગાઉ ફિલ્મના દિગ્દર્શક તરીકે હંસલ મહેતા નક્કી થયા હતા પરંતુ હવે શિમિત અમીન આ ફિલ્મનું શૂટિંગ કરવાના હોવાનું કહેવાય છે.


# કૃતિ સેનનનો નેપોટિઝમ પર મોટો ખુલાસો

## સ્ટાર કિડ્સને કારણે શરૂઆતના વર્ષોમાં મેં ફિલ્મો ગુમાવી

(એજન્સી) મુંબઈ | તા.28

બોલિવૂડમાં 'આઉટસાઈડર' તરીકે પોતાની ઓળખ બનાવનાર અભિનેત્રી કૃતિ સેનન ફરી એકવાર ચર્ચામાં છે. ભાઈ-ભત્રીજાવાદ વિશે ચાલી રહેલી ચર્ચાઓમાં કૃતિએ પોતાનો અનુભવ શેર કરતા સ્વીકાર્યું છે કે, કરિયરના શરૂઆતના તબક્કામાં તેની જગ્યાએ ઘણીવાર કોઈ સ્ટાર કિડને ફિલ્મમાં તક આપવામાં આવી હતી. ઈન્ડસ્ટ્રીમાં આઉટસાઈડરની સરખામણીએ સ્ટાર બાળકો માટે ઉદ્યોગના દરવાજા સરળતાથી ખુલી જાય છે અને તેમને ઝડપથી તકો મળે છે. પરંતુ આખરે કલાકારની પ્રતિભા જ તેમને આગળ લઈ જાય છે. કૃતિએ કબૂલ્યું કે નેપોટિઝમના કારણે ઘણી એવી ફિલ્મો હતી જેમાં તે કાસ્ટ થવાની હતી, પરંતુ છેલ્લી ઘડીએ કોઈ સ્ટાર કિડને તે રોલ મળી ગયો. કોઈપણ ફિલ્મી બેકગ્રાઉન્ડ વગર મુંબઈ જેવા મોટા શહેરમાં આવવું કૃતિ માટે સરળ નહોતું. તેણે જણાવ્યું કે શરૂઆતમાં આ ઉદ્યોગમાં કોઈ ઓળખાણ ન હોવાથી તે એકલતા અનુભવતી હતી. સ્ટાર કિડ્સ માટે ઉદ્યોગના દરવાજા સરળતાથી ખુલી જાય છે, જ્યારે આઉટસાઈડર્સને તક મેળવવામાં ઘણો સમય લાગે છે. અભિનેત્રીએ એક રસપ્રદ અવલોકન પણ ઉમેર્યું: જો તેના બાળકો આવતીકાલે અભિનય કરવા માંગે છે, તો તેમના માટે વસ્તુઓ સરળ બનશે કારણ કે તેમની પાસે પહેલેથી જ એક સ્થાપિત ઓળખ છે. જોકે, કૃતિએ સ્પષ્ટ કર્યું કે ઓળખનો અર્થ સફળતા જ નથી. મારું માનવું છે કે જો તમે ખરેખર સખત મહેનત કરશો, તો તમે વહેલા કે મોડા તમારા લક્ષ્ય સુધી પહોંચશો. હા, તમે જે તકોની રાહ જોઈ રહ્યા છો તે મેળવવામાં સમય લાગી શકે છે.' કૃતિએ એક ખૂબ જ વ્યવહારુ વાત કરી કે ભલે સ્ટાર બાળકોને પહેલી તક ઝડપથી મળી જાય, પરંતુ લાંબી રેસમાં માત્ર ટેલેન્ટ (પ્રતિભા) જ કામ આવે છે. તે માને છે કે નેપોટિઝમ દરેક વ્યવસાયમાં હોય છે, પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તે વધુ સ્પષ્ટપણે દેખાય છે.

આ સાથે કૃતિ સેનને આભાર માન્યો કે ભલે તે બહારથી આવી હતી, પણ તેની પહેલી ફિલ્મથી જ ઉદ્યોગે તેને ઉષ્માભર્યો આવકાર આપ્યો.



# 'ટટ્ટીરી' ગીત વિવાદ અને ગુપ્ત લગ્ન રેપર બાદશાહે તોડ્યું મૌન

મુંબઈ | તા.28

બોલિવૂડના ફેમસ રેપર બાદશાહ છેલ્લા કેટલાક સમયથી સતત ચર્ચામાં રહ્યા છે. માર્ચ મહિનાની શરૂઆતથી જ તેમના જીવનમાં પ્રોફેશનલ વિવાદ અને પર્સનલ લાઈફના સમાચારોનો વંટોળ જોવા મળ્યો છે. હવે આ તમામ મુદ્દાઓ પર બાદશાહે સોશિયલ મીડિયા દ્વારા પોતાની પ્રથમ પ્રતિક્રિયા આપી છે. માર્ચની શરૂઆતમાં બાદશાહનું નવું ગીત 'ટટ્ટીરી' રિલીઝ થયું હતું, પરંતુ તે તેની અપેક્ષા મુજબ હિટ થવાને બદલે વિવાદમાં ફસાયું. ગીતના શબ્દોને અપમાનજનક ગણાવવામાં આવ્યા, જેના કારણે હરિયાણામાં તેમની સામે કાયદાકીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી. આ વિવાદ હજુ શમ્યો નહોતો ત્યાં તેમના અંગત જીવનના સમાચારોએ જોર પકડ્યું. સોશિયલ મીડિયા પર બાદશાહ અને તેની લાંબા સમયની ગર્લફ્રેન્ડ ઈશા રિખીના લગ્નના ફોટા વાયરલ થતા ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. રિપોર્ટ્સ અનુસાર, આ ફોટા તેમની સાસુએ શેર કર્યા હતા, જેનાથી આ અટકળોને વધુ વેગ મળ્યો. બાદશાહ પહેલેથી જ એક પુત્રીના પિતા છે, તેથી તેમના આ ગુપ્ત લગ્નના સમાચાર સોશિયલ મીડિયા પર ટોક ઓફ ધ ટાઉન બન્યા હતા. આ તમામ વિવાદો અને અફવાઓ વચ્ચે બાદશાહે આખરે ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ શેર કરી છે. તેમણે પોતાની સ્ટોરીમાં સ્પષ્ટતા કરતા જણાવ્યું કે સોશિયલ મીડિયા પર જે કંઈ પણ દેખાય છે તે હંમેશા સત્ય હોતું નથી. જોકે તેમણે કોઈ ચોક્કસ મુદ્દાનું નામ નથી લીધું, પણ ચાહકો માની રહ્યા છે કે આ પ્રતિક્રિયા તેમના લગ્નની અફવાઓ અને ગીતના વિવાદને લઈને છે. બાદશાહે લખ્યું કે છેલ્લા કેટલાક અઠવાડિયાએ તેમની એવી કસોટી કરી છે જેની તેમણે અપેક્ષા નહોતી રાખી અને ન તો તૈયારી કરી હતી. રેપરે કહ્યું, 'બહારથી, જીવન ખૂબ જ સંપૂર્ણ લાગે છે. પરંતુ જ્યારે કેમેરા બંધ હોય છે, ત્યારે તમે એકલા જે ભાર વહન કરો છો તે ખરેખર અલગ હોય છે. હું આ દિવસોમાં મારી અંદર ઘણું બધું વહન કરી રહ્યો છું.' 'પરંતુ લંડને મને યાદ અપાવ્યું કે મને શું જોઈએ છે. જ્યારે હું O2 સ્ટેજ પર ગયો, ત્યારે ભીડ સાંભળ્યા પહેલા જ હું ઉર્જા અનુભવી શક્યો. ચહેરાઓ, અવાજ અને તે સ્ટેડિયમને ભરી દેતી હૂંફ. પોતાની નોંધના અંતે, બાદશાહે જાહેરાત કરી કે તે તેના જીવનમાં એક નવા તબક્કાની શરૂઆત કરી રહ્યો છે. તે વધુ નવા અને ઉત્તેજક ગીતો સાથે આવવા માટે સખત મહેનત કરી રહ્યો છે. તેણે આ સમય દરમિયાન તેને મજબૂત રાખવા બદલ તેના ચાહકો અને પ્રશંસકોનો આભાર માન્યો.



# બોક્સ ઓફિસ પર ધુરંધર-2નું તોફાન

## 9 દિવસમાં ₹715 કરોડની કમાણી કરી તોડયો 'પુષ્પા' અને 'પઠાણ'નો રેકોર્ડ

### આદિત્ય ધર અને રણવીર સિંહની મેગા-એક્શન ફિલ્મ "ધુરંધર 2: ધ રીવેન્જ" હાલમાં સિનેમાઘરોમાં તોફાન મચાવી રહી છે



(એજન્સી) મુંબઈ | તા.28

આદિત્ય ધરના નિર્દેશનમાં બનેલી મેગા-એક્શન ફિલ્મ 'ધુરંધર 2: ધ રીવેન્જ' હાલમાં સિનેમાઘરોમાં તોફાન મચાવી રહી છે. રણવીર સિંહ, સંજય દત્ત અને આર. માધવન જેવા દિગ્ગજ કલાકારોથી સજ્જ આ ફિલ્મ બીજા સપ્તાહમાં પ્રવેશી હોવા છતાં તેની કમાણીમાં કોઈ ઘટાડો જોવા મળી રહ્યો નથી. ઊલટાનું, બીજા શુક્રવારે પણ ફિલ્મે બોક્સ ઓફિસ પર મજબૂત પકડ જાળવી રાખી છે. ફિલ્મે તેના ઓપનિંગ વીકથી જ બોક્સ ઓફિસ પર કબજો જમાવી લીધો હતો. દરરોજ 40 કરોડથી વધુની કમાણી કરીને આ ફિલ્મે નિર્માતાઓને માલામાલ કરી દીધા છે. તાજેતરના અહેવાલો મુજબ ધુરંધર-2ની પ્રથમ સપ્તાહની કમાણી: 624.47 કરોડ છે અને 8મો દિવસ: 49.70 કરોડની કમાણી કરી. જયારે 9મો દિવસ (બીજો શુક્રવાર)41.55 કરોડની કમાણી સાથે અત્યાર સુધી ફિલ્મનું કુલ કલેક્શન (9 દિવસ): 715.72 કરોડને પાર થયું. 'ધુરંધર 2' એ તેની રફ્તારથી શાહરૂખ ખાનની 'જવાન', 'પઠાણ' અને શ્રદ્ધા કપૂરની 'સ્ત્રી 2' જેવી બ્લોકબસ્ટર ફિલ્મોના લાઈફટાઈમ કલેક્શનના રેકોર્ડ તોડી નાખ્યા છે. હવે આ ફિલ્મ બોલિવૂડની સૌથી મોટી હિટ ફિલ્મ બનવા તરફ આગળ વધી રહી છે. હાલમાં આ ફિલ્મ માત્ર બે મોટી ફિલ્મોના રેકોર્ડથી પાછળ છે. પુષ્પા 3 (હિન્દી)એ 836.09 કરોડ અને ધુરંધર (પાર્ટ 1) 894.49 કરોડની કમાણી કરી હતી. નિષ્ણાતોનું માનવું છે કે બીજા શનિવાર અને રવિવારની રજાઓમાં કમાણીમાં મોટો ઉછાળો આવશે, જેનાથી તે 'પુષ્પા'ના હિન્દી કલેક્શનને પણ વટાવી જશે તેવી પૂરી શક્યતા છે.



# પ્રિયંકા ચોપરાની વારાણસી ફિલ્મ પણ બે ભાગમાં રજૂ કરાશે

(એજન્સી) મુંબઈ | તા.28

પ્રિયંકા ચોપરા તથા મહેશ બાબુ અને પૃથ્વીરાજ સુકુમારન સહિતના કલાકારોની ફિલ્મ 'વારાણસી' પણ 'બાહુબલી' અને 'ધુરંધર' જેમ બે ભાગમાં રજૂ કરાય તેવી શક્યતા છે. ફિલ્મ સર્જક એસ.એસ. રાજામૌલીએ ખુદ 'બાહુબલી'થી આ ટ્રેન્ડ સેટ કર્યો હતો. હવે 'ધુરંધર'ની સફળતા બાદ તેમણે આ ટ્રેન્ડને આગળ વધારવા નક્કી કર્યું હોવાનું કહેવાય છે. ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર ફિલ્મનું કથાવસ્તુ એટલા વિશાળ ફલક પર છે કે તેને ત્રણથી ચાર કલાકની એક ફિલ્મમાં સમેટી શકાય તેમ નથી. દરમિયાન, આ ફિલ્મ માટે હૈદરાબાદમાં રચવામાં આવેલાં વારાણસી શહેરના સેટસના ફોટા સોશિયલ મીડિયા પર લીક થયા છે. લોકો આ સેટની રચનાને વખાણી રહ્યા છે. જોકે, 'બાહુબલી' ફિલ્મ માટે રચાયેલા વિશાળ સેટ્સ પર્યટકો માટે આકર્ષણરુપ બન્યા હતા તેથી વિપરીત રીતે આ ફિલ્મ માટે રચાયેલા સેટ્સ શૂટિંગ પૂર્ણ થયા બાદ તોડી પાડવામાં આવશે કારણ કે તે એક ભાડાની જગ્યા પર બનાવવામાં આવ્યા છે.





# બોમન ઈરાનીએ ટ્રમ્પ પાસે માંગ્યો ગેસ સિલિન્ડર

(એજન્સી) મુંબઈ | તા.28

બોમન ઈરાની એક વીડિયોને કારણે સમાચારમાં છે જેમાં તેમણે ઈરાનીઓ સાથે વાત કરવાના અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન પર રમૂજી પ્રતિક્રિયા આપી હતી. પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષની અસર યુએઈ અને ભારત જેવા અન્ય પ્રદેશો પર પણ પડી છે, જોકે આ પ્રદેશોમાં કોઈ સીધી સંડોવણી નથી. આ બધા વચ્ચે, ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનીઓ સાથે શાંતિ વાટાઘાટો કરવાનો દાવો કરી રહ્યા છે, જેના પર બોમન ઈરાનીએ રમૂજી પ્રતિક્રિયા આપી. તેમણે યુએસ રાષ્ટ્રપતિ પર રમૂજી કટાક્ષ કર્યો. તેમણે વીડિયોમાં સ્મૃતિ ઈરાની અને અરુણા ઈરાનીનો પણ ઉલ્લેખ કર્યો. પીઢ અભિનેતા બોમન ઈરાનીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં કેપ્શન આપ્યું છે, ઈરાની લોકો ડોનાલ્ડ ટ્રમ્પ સાથે શાંતિ વાટાઘાટો માટે તૈયાર છે. વીડિયોમાં તેઓ કહે છે, તો, જેમ તમે જાણો છો, તે વાયરલ થઈ રહ્યું છે કે ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનીઓ સાથે વાત કરવા માંગે છે અને ત્રણ લોકોને બોલાવવામાં આવ્યા છે. જો વાતચીત સ્મૃતિજી, અરુણા ઈરાનીજી અને મારી, બોમન ઈરાની સાથે હોય, તો હું તૈયાર છું. હું શાંતિ માટે કંઈ પણ કરવા તૈયાર છું. તેમણે એમ પણ કહ્યું, મારી પાસે ફક્ત એક જ સમસ્યા છે: હું વોશિંગ્ટન નહીં જાઉં. મને લાગે છે કે ટ્રમ્પ અને તેમનું પ્રતિનિધિમંડળ દાદર પારસી કોલોની આવે તો તે શ્રેષ્ઠ રહેશે. અમે તેમને ધાનસ્ક, કસ્ટર્ડ અને અન્ય ખોરાક ખવડાવીશું, પરંતુ જો તેઓ તેમની સાથે એક મોટો ગેસ સિલિન્ડર લાવે, તો મને લાગે છે કે તે આપણા બધા માટે જીવન ખૂબ સરળ બનાવશે. બોમનની રમૂજની ભાવના પર સેલિબ્રિટીઓ પણ હસ્યા વગર રહી શક્યા નહીં. સમીરા રેડ્ડીએ લખ્યું, અદ્ભુત, અને અનેક હાસ્ય ઈમોજી પણ લખ્યા. સિદ્ધાર્થે લખ્યું, તમારું હૃદય ખૂબ મોટું છે, સર, અને સલામ ઈમોજી પણ લખ્યા. ફરહાન અખ્તર અને રિકી કેજે કોમેન્ટ સેક્શનમાં હાસ્ય ઈમોજી પોસ્ટ કર્યા, અને ઘણા લોકો તેમના નિવેદન પર હસ્યા. જર્મન મૂળની અભિનેત્રી સુઝાન બર્નેટે લખ્યું, બોમન... ખૂબ સરસ, યાર.અલ્લુ અર્જુનની પત્ની, અલ્લુ સ્નેહા રેડ્ડી, પ્રિયામણી અને બીજા ઘણા લોકોએ આ પોસ્ટ ગમી.બોમન ઈરાનીએ 2025માં ધ મહેતા બોય્ઝથી દિગ્દર્શક તરીકેની શરૂઆત કરી હતી, જેમાં તેમણે અવિનાશ તિવારી અને શ્રેયા ચૌધરી સાથે અભિનય કર્યો હતો. તેમણે ડિટેક્ટીવ શેરદિલ અને તન્વી ધ ગ્રેટમાં પણ મુખ્ય ભૂમિકાઓ ભજવી હતી. આ વર્ષની શરૂઆતમાં તેઓ પ્રભાસની ધ રાજા સાબમાં જોવા મળ્યા હતા. હવે તેમની પાસે રિતેશ દેશમુખ સાથે રાજા શિવાજી અને ખોસલા કા ઘોસલા 2 પાઈપલાઈનમાં છે.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

### નવનીત કૌર પ્લેયર ઓફ ધ યર હોકી ઈન્ડિયા એવોર્ડ્સમાં ગોલ્ડન ગર્લનો દબદબો




(એજન્સી) નવી દિલ્હી । તા. 28

ભારતીય મહિલા હોકી ટીમની સ્ટાર ફોરવર્ડ નવનીત કૌરને શુક્રવારે નવી દિલ્હીમાં યોજાયેલા ૮મા હોકી ઈન્ડિયા વાર્ષિક એવોર્ડ્સ ૨૦૨૫માં પ્રતિષ્ઠિત 'બલબીર સિંહ સિનિયર પ્લેયર ઓફ ધ યર' (મહિલા) એવોર્ડથી નવાજવામાં આવી છે. પોતાની આક્રમક રમત અને સાતત્યપૂર્ણ પ્રદર્શનને કારણે નવનીત આ સન્માનની પ્રબળ દાવેદાર માનવામાં આવતી હતી. આ પ્રસંગે ભાવુક થયેલી નવનીતે પોતાની આ મોટી સફળતાનો સંપૂર્ણ શ્રેય પોતાની ટીમના સાથી ખેલાડીઓના ટેકા અને અતૂટ વિશ્વાસને આપ્યો હતો.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, નવનીત કૌર માટે વીતેલું વર્ષ અત્યંત સફળ રહ્યું છે. હૈદરાબાદમાં રમાયેલી એફઆઈએચ (FIH) હોકી મહિલા વર્લ્ડ કપ ક્વોલિફાયર્સમાં ભારતને રજત ચંદ્રક અપાવવામાં તેણે મહત્વની ભૂમિકા ભજવી હતી, જ્યાં તે ૪ ગોલ સાથે ત્રીજી સર્વોચ્ચ ગોલ સ્કોરર રહી હતી. આ ઉપરાંત, મહિલા એશિયા કપ ૨૦૨૫માં પણ તેણે ૬ ગોલ નોંધાવીને ભારતને સિલ્વર મેડલ જીતવામાં મદદ કરી હતી. નવનીતે તાજેતરમાં જ ૨૦૦ આંતરરાષ્ટ્રીય કેપ્સ પૂર્ણ કરીને પોતાની કારકિર્દીનો મોટો પડાવ પાર કર્યો છે. એવોર્ડ સ્વીકાર્યા બાદ નવનીતે જણાવ્યું હતું કે, "પ્લેયર ઓફ ધ યર તરીકે નામ જાહેર થવું એ મારા માટે ગૌરવની ક્ષણ છે.

### ખેલો ઈન્ડિયા ટ્રાઈબલ ગેમ્સ સિલ્વર મેડલ વાંસની

રાયપુર | છત્તીસગઢમાં રમાઈ રહેલી ખેલો ઈન્ડિયા ટ્રાઈબલ ગેમ્સ ૨૦૨૬ માં ઝારખંડના ૧૯ વર્ષીય યુવા વેઈટલિફ્ટર




બાબુલાલ હેમબ્રોમે ૬૦ કિગ્રા કેટેગરીમાં રજત ચંદ્રક જીતીને સૌનું ધ્યાન ખેંચ્યું છે. રામગઢ જિલ્લાના કેરીબંડા ગામના આ યુવાનની સફળતા પાછળ વર્ષોનો સંઘર્ષ અને અતૂટ આત્મવિશ્વાસ છુપાયેલો છે. આર્થિક તંગીને કારણે જેણે ક્યારેક વાંસની લાકડીઓ અને બાંધકામ સાઈટ પર પડેલા લોખંડના સળિયાથી પ્રેક્ટિસ શરૂ કરી હતી, તે આજે રાષ્ટ્રીય ફલક પર ચમકી રહ્યો છે. અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, બાબુલાલના પિતા છૂટક મજૂરી કરે છે અને માતા સ્થાનિક શાળામાં રસોઈયા તરીકે સેવા આપે છે. ૨૦૧૮ માં આર્મીના કોચ ગુરવિંદર સિંહે બાબુલાલના શારીરિક બાંધાને જોઈને તેને વેઈટલિફ્ટીંગમાં નસીબ અજમાવવા સલાહ આપી હતી.

ઈન્ડિયન ઓપન ૨૦૨૬ ગોલ્ફ

### સ્પેનિશ સ્ટાર ચાકારા મોખરે ભારતીયોમાં ચૌહાણ ચમક્યો

ગુરુગ્રામ | હરિયાણાના ગુરુગ્રામ ખાતે રમાઈ રહેલી ૨.૫૫ મિલિયન ડોલરની ઈનામી રકમ ધરાવતી ઈન્ડિયન ઓપન



૨૦૨૬ ગોલ્ફ ટુર્નામેન્ટના બીજા દિવસે સ્પેનના ડિફેન્ડિંગ ચેમ્પિયન યુજેનિયો ચાકારાએ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. ચાકારાએ બીજા રાઉન્ડમાં ૩-અંડર ૬૯નો સ્કોર કરીને કુલ ૮-અંડર ૧૩૬ સાથે ક્લબહાઉસ લીડ મેળવી છે. બીજી તરફ, ભારતીય ખેલાડીઓમાં મધ્યપ્રદેશના ઓમ પ્રકાશ ચૌહાણે શાનદાર વાપસી કરીને સ્થાનિક પ્રેક્ષકોની આશા જીવંત રાખી છે. અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, સ્પેનિશ ખેલાડી યુજેનિયો ચાકારાએ ખૂબ જ સચોટ શોટ્સ રમીને પોતાની સરસાઈ જાળવી રાખી છે.

**મર્સિડીઝની પકડ મજબૂત બની અને સિલ્વર એરોઝની એક-બેની જોડી ચમકી**

# કિમી એન્ટોનેલીએ જાપાન ગ્રાં પ્રીમાં પોલ પોઝિશન મેળવી

(એજન્સી) સુઝુકા । તા. 28

ફોર્મ્યુલા વન (F1) ની દુનિયામાં અત્યારે એક નવો સિતારો ઝળહળી રહ્યો છે. ૧૯ વર્ષીય ઈટાલિયન યુવા ડ્રાઈવર કિમી એન્ટોનેલીએ જાપાન ગ્રાં પ્રી ૨૦૨૬ માં પોલ પોઝિશન મેળવીને ફરી એકવાર સાબિત કરી દીધું છે કે તે આગામી સમયનો સુપરસ્ટાર છે. શનિવારે સુઝુકાના ઐતિહાસિક ટ્રેક પર રમાયેલા ક્વોલિફાઈંગ સેશનમાં એન્ટોનેલીએ તેના સાથી ખેલાડી જ્યોર્જ રસેલને હરાવીને પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. આ જીત સાથે મર્સિડીઝ ટીમે વર્તમાન સીઝન પર પોતાનો સકંજો વધુ મજબૂત બનાવ્યો છે. સતત બીજી વાર પોલ પોઝિશન મેળવીને એન્ટોનેલીએ પત્રકારોને જણાવ્યું હતું કે તે કારની કામગીરીથી અત્યંત સંતુષ્ટ છે.

### મર્સિડીઝની 'સિલ્વર એરોઝ'નો દબદબો યથાવત

ચાલુ વર્ષની શરૂઆતથી જ મર્સિડીઝની ટીમે અદભૂત પ્રદર્શન કર્યું છે. અત્યાર સુધી રમાયેલી બંને ગ્રાં પ્રીમાં મર્સિડીઝના ડ્રાઈવરોએ પ્રથમ અને બીજા સ્થાને રહીને ક્લીન સ્વીપ કર્યું છે. સુઝુકાના સૂકા વાતાવરણમાં કિમી એન્ટોનેલીએ ૧:૨૮.૭૭૮ ના રેકોર્ડ સમય સાથે પોતાની ઝડપનો પરચો આપ્યો હતો. જ્યોર્જ રસેલ બીજા સ્થાને રહ્યો હતો, જે એન્ટોનેલીથી માત્ર ૦.૨૯૮ સેકન્ડ પાછળ હતો. મેકલેરનનો ઓસ્કર પિયાસ્ટ્રી ત્રીજા ક્રમે અને ફેરારીનો ચાર્લ્સ લેક્લેર્ક ચોથા ક્રમે રહ્યા હતા.

### મેક્સ વેર્સ્ટાપ્પનનો આશ્ચર્યજનક પરાજય

જાપાન ગ્રાં પ્રીના ઈતિહાસમાં સતત ચાર વર્ષ સુધી વિજયી રહેલા રેડ બુલના સ્ટાર ડ્રાઈવર મેક્સ વેર્સ્ટાપ્પન માટે આ દિવસ અત્યંત નિરાશાજનક રહ્યો હતો. ચાર વખતના વિશ્વ ચેમ્પિયન વેર્સ્ટાપ્પન ક્વોલિફાઈંગના બીજા રાઉન્ડ (Q2) માં જ બહાર ફેંકાઈ ગયા હતા અને હવે તે મુખ્ય રેસમાં ૧૧મા સ્થાનેથી શરૂઆત કરશે. વેર્સ્ટાપ્પને કારની ખરાબ સ્થિતિ અંગે રોષ વ્યક્ત કરતા કહ્યું હતું કે, "કાર ચલાવવી અશક્ય બની ગઈ હતી, તે વળાંક પર યોગ્ય રીતે વળી રહી નહોતી." આ ઘટનાએ રેસના સમીકરણો સંપૂર્ણપણે બદલી નાખ્યા છે.

### મેકલેરન અને ફેરારી વચ્ચે કાંટાની ટક્કર

ક્વોલિફાઈંગ સેશનમાં મેકલેરન અને ફેરારી વચ્ચે પણ જબરદસ્ત સ્પર્ધા જોવા મળી હતી. વર્લ્ડ ચેમ્પિયન લેન્ડો નોરિસ પાંચમા સ્થાને રહ્યો હતો, જ્યારે ફેરારીના દિગ્ગજ ડ્રાઈવર લુઈસ હેમિલ્ટન છઠ્ઠા ક્રમે રહ્યા હતા. અલ્પાઈનના પિયર ગેસ્લીએ સાતમું સ્થાન મેળવ્યું હતું. બીજી



તરફ, એસ્ટન માર્ટિનની ટીમ માટે આ સપ્તાહ પણ મુશ્કેલીભર્યું રહ્યું છે. ફર્નાન્ડો એલોન્સો અને લેન્સ સ્ટ્રોલ ટાઈમશીટમાં સૌથી નીચે રહ્યા હતા, કારણ કે તેમની કારમાં સતત વાઈબ્રેશનની સમસ્યા જોવા મળી રહી છે.

### યુવા ડ્રાઈવરોનો ઉદય, અનુભવીઓની પીછેહઠ

કિમી એન્ટોનેલીની સફળતા એ સાબિત કરે છે કે ફોર્મ્યુલા વનમાં હવે યુવા લોહીનો પ્રવાહ તેજીથી વહી રહ્યો છે. શાંઘાઈમાં પોતાની પ્રથમ જીત નોંધાવ્યા બાદ એન્ટોનેલીનો આત્મવિશ્વાસ સાતમા આસમાને છે. તેણે મીડિયા અહેવાલ મુજબ જણાવ્યું હતું કે, "દરેક રન સાથે મારી કારની પકડ સુધરી રહી હતી.

# ગૌતમ ગંભીર નકલી વીડિયો હાઈકોર્ટનો કડક આદેશ 36 કલાકમાં સામગ્રી હટાવો

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ અને ભૂતપૂર્વ સ્ટાર ખેલાડી ગૌતમ ગંભીરના નામ, અવાજ અને ચહેરાનો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા થતા દુરુપયોગ મામલે દિલ્હી હાઈકોર્ટે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. અદાલતે તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ઈ-કોમર્સ વેબસાઈટ્સને ગંભીરની ઓળખનો ઉપયોગ કરતા નકલી વીડિયો અને ભ્રામક સામગ્રીને આગામી ૩૬ કલાકની અંદર હટાવી દેવાનો ઐતિહાસિક આદેશ આપ્યો છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, જસ્ટિસ જ્યોતિ સિંહે ગંભીર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતા જણાવ્યું હતું કે, કોઈ પણ વ્યક્તિની ઓળખનો તેની પરવાનગી વગર વ્યાવસાયિક કે ભ્રામક હેતુ માટે ઉપયોગ કરવો તે તેના પર્સનાલિટી રાઈટ્સનું ગંભીર ઉલ્લંઘન છે. કોર્ટે ડીપફેક, ફેસ-સ્વેપિંગ અને એઆઈ દ્વારા જનરેટ કરાયેલા નકલી નિવેદનો ફેલાવવા પર તાત્કાલિક પ્રતિબંધ લાદી દીધો છે. ગૌતમ ગંભીર તરફથી હાજર રહેલા વકીલોએ રજૂઆત કરી હતી કે, અનેક સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ અને ઓનલાઈન વિક્રેતાઓ ગંભીરની છબીનો ઉપયોગ કરીને ખોટી માહિતી ફેલાવી રહ્યા છે અને બિનઅધિકૃત પ્રોડક્ટ્સ વેચી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આનાથી ગંભીરની પ્રતિષ્ઠાને મોટું નુકસાન થઈ રહ્યું છે. તથ્યો મુજબ, ગંભીર હાલમાં ભારતીય ટીમના મુખ્ય કોચ જેવું જવાબદાર પદ સંભાળતા હોવાથી તેમની ઓળખનો દુરુપયોગ જનતાને ગેરમાર્ગે દોરી શકે છે. દિલ્હી હાઈકોર્ટે એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવી ઈ-કોમર્સ સાઈટ્સને ગંભીરની ઓળખનો લાભ લેતી તમામ લિસ્ટિંગ્સ દૂર કરવા જણાવ્યું છે. તે જ રીતે મેટા (ઈન્સ્ટાગ્રામ) અને ગૂગલ (યુટ્યુબ) ને પણ ઓળખાયેલી લિંક્સ તાત્કાલિક હટાવવા આદેશ અપાયો છે. આ ઉપરાંત, કોર્ટે પ્લેટફોર્મ્સને સૂચના આપી છે કે તેઓ આવી વાંધાજનક સામગ્રી અપલોડ કરનારા યુઝર્સના આઈપી લોગ અને સબસ્ક્રાઈબર ડિટેલ્સ પણ જાહેર કરે, જેથી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી



## હાલમાં મારું લક્ષ્ય એશિયન ગેમ્સ સુધી રમવાનું છે મનપ્રીત સિંહ

### દિલીપ તિર્કીનો રેકોર્ડ તોડવાની તૈયારીમાં વ્યસ્ત છે સ્ટાર મિડફિલ્ડર



(એજન્સી) નવી દિલ્હી । તા. 28

ભારતીય હોકી ટીમના પૂર્વ સુકાની અને દિગ્ગજ મિડફિલ્ડર મનપ્રીત સિંહે પોતાના ભવિષ્યના આયોજન અંગે એક મહત્વપૂર્ણ નિવેદન આપીને ચાહકોમાં નવી આશા જગાડી છે. શુક્રવારે નવી દિલ્હી ખાતે યોજાયેલા આઠમા વાર્ષિક 'હોકી ઈન્ડિયા એવોર્ડ્સ' દરમિયાન મનપ્રીતે સ્પષ્ટ કર્યું હતું કે, "હાલમાં મારું લક્ષ્ય એશિયન ગેમ્સ સુધી રમવાનું છે." ૪૦૦ આંતરરાષ્ટ્રીય મેચો રમવાની અભૂતપૂર્વ સિદ્ધિ બદલ સન્માનિત થયેલા આ ૩૩ વર્ષીય ખેલાડીએ પોતાની ફિટનેસ પર પૂરતું ધ્યાન આપીને દેશ માટે હજુ વધુ મેડલ જીતવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

મનપ્રીત સિંહ અત્યારે ભારતીય હોકીના ઈતિહાસમાં એક મહત્વના પડાવ પર ઉભો છે. તે અત્યાર સુધી ૪૧૧ આંતરરાષ્ટ્રીય કેપ્સ (મેચો) રમી ચૂક્યો છે. હોકી ઈન્ડિયાના વર્તમાન પ્રમુખ દિલીપ તિર્કીના ૪૧૨ મેચોના સર્વાધિક ભારતીય રેકોર્ડની બરાબરી કરવા માટે તેને માત્ર એક જ મેચની જરૂર છે. જો તે આગામી શ્રેણીમાં રમશે, તો તે ભારત તરફથી સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મેચ રમનારો ખેલાડી બની જશે. મીડિયા અહેવાલ મુજબ, આ માઈલસ્ટોન તેની કારકિર્દીનો સૌથી મોટો રેકોર્ડ સાબિત થશે.

તાજેતરમાં એફઆઈએચ (FIH) પ્રો લીગની મેચોમાંથી મનપ્રીતની બાદબાકી થતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા હતા. એવી ચર્ચાઓ હતી કે દિલીપ તિર્કી પોતાનો રેકોર્ડ તૂટવા દેવા માંગતા નથી, પરંતુ મનપ્રીતે આ તમામ અફવાઓ પર પૂર્ણવિરામ મૂક્યું છે. મનપ્રીતે જણાવ્યું હતું કે, "મેં વ્યક્તિગત રીતે દિલીપ તિર્કી સર સાથે વાત કરી છે. તેઓ પોતે ઈચ્છે છે કે હું તેમનો રેકોર્ડ તોડું અને લાંબા સમય સુધી ભારત માટે રમત ચાલુ રાખું." કોચ ક્રેગ ફુલ્ટને પણ અગાઉ સ્પષ્ટ કર્યું હતું કે વરિષ્ઠ ખેલાડી પરનો વર્કલોડ ઘટાડવા માટે જ તેને આરામ આપવામાં આવ્યો હતો. ચાલુ વર્ષ ભારતીય હોકી માટે અત્યંત વ્યસ્ત રહેવાનું છે. ઓગસ્ટ ૧૪ થી ૩૦ દરમિયાન બેલ્જિયમ અને નેધરલેન્ડ્સમાં એફઆઈએચ વર્લ્ડ કપ રમાશે, ત્યારબાદ સપ્ટેમ્બરમાં જાપાનમાં એશિયન ગેમ્સનું આયોજન થશે.

**૯૦૦ ગોલનો રેકોર્ડ ધરાવતા કેપ્ટનને નિવૃત્તિ પહેલા જ મળ્યું મોટું સન્માન**

## લિયોનલ મેસી સ્ટેન્ડ સન્માન ઈન્ટર મિયામીના નવા સ્ટેડિયમમાં ગુંજશે મેસીનું નામ



(એજન્સી) ફ્લોરિડા । તા. 28

ફૂટબોલની દુનિયાના બેતાજ બાદશાહ અને આર્જેન્ટિનાના વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન લિયોનલ મેસીના નામે વધુ એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. અમેરિકન ક્લબ ઈન્ટર મિયામીએ જાહેરાત કરી છે કે તેમના નવા બની રહેલા 'નુ સ્ટેડિયમ' (Nu Stadium) નો એક ખાસ હિસ્સો મેસીના નામે રાખવામાં આવશે, જે 'લિયો મેસી સ્ટેન્ડ' તરીકે ઓળખાશે. સામાન્ય રીતે ખેલાડીઓની નિવૃત્તિ બાદ આવા સન્માન આપવામાં આવતા હોય છે, પરંતુ મેસી અત્યારે રમી રહ્યા હોવા છતાં આ પરંપરા તોડીને તેમને આ અદભૂત માન આપવામાં આવ્યું છે.

ઈન્ટર મિયામીએ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, પરંપરાગત રીતે શ્રદ્ધાંજલિ ભૂતકાળને જોઈને આપવામાં આવતી હોય છે, પરંતુ આ સન્માન વર્તમાન માટે છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, મેસી વિશ્વના એવા વિરલ ખેલાડી બનશે જે પોતાના જ નામના સ્ટેન્ડ ધરાવતા હોમ સ્ટેડિયમ પર મેચ રમશે. ક્લબના મતે, આ માત્ર એક પ્રકરણ પૂરું કરવાની વાત નથી, પરંતુ આપણે જે અનોખી ક્ષણોના સાક્ષી બની રહ્યા છીએ તેને બિરદાવવાનો પ્રયાસ છે. વર્ષ ૨૦૨૩માં ક્લબમાં જોડાયા બાદ મેસીએ ઈન્ટર મિયામીનું ભાગ્ય બદલી નાખ્યું છે. તેમના નેતૃત્વમાં ક્લબે ૨૦૨૩ લીગ કપ, ૨૦૨૪ એમએલએસ સપોર્ટર્સ શીલ્ડ અને ૨૦૨૫ એમએલએસ કપ સહિત ઐતિહાસિક ચાર ટ્રોફી જીતી છે. મીડિયા અહેવાલ મુજબ, મેસીએ ક્લબ માટે અત્યાર સુધીમાં ૯૪ મેચોમાં ૮૨ ગોલ અને ૫૩ આસિસ્ટ કર્યા છે, જે ક્લબના ઈતિહાસમાં સૌથી વધુ છે. ૨૦૨૫માં તેમણે ૨૯ ગોલ કરીને ગોલ્ડન બૂટ પણ પોતાના નામે કર્યો હતો. આ મહિનાની શરૂઆતમાં જ મેસીએ સત્તાવાર મેચોમાં ૯૦૦ ગોલ કરવાનો ઐતિહાસિક આંકડો સ્પર્શ્યો હતો.

**એસીઝમાં ખરાબ પ્રદર્શન બાદ ટેસ્ટ ટીમમાં સ્થાન ટકાવવા ડકેટનું મનોમંથન**

## બેન ડકેટ આઈપીએલ પરત ખેંચાઈ ટેસ્ટ કારકિર્દી બચાવવા લીધો મોટો નિર્ણય



(એજન્સી) લંડન । તા. 28

ઈંગ્લેન્ડના વિસ્ફોટક ઓપનર બેન ડકેટે IPLમાંથી પોતાનું નામ પરત ખેંચીને ક્રિકેટ જગતને ચોંકાવી દીધું છે. દિલ્હી કેપિટલ્સ તરફથી પ્રતિનિધિત્વ કરનારા ડકેટે આ નિર્ણય પાછળ તેની ટેસ્ટ કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરવા અને પરિવાર સાથે સમય વિતાવવાનું કારણ આપ્યું છે. ઓસ્ટ્રેલિયામાં રમાયેલી તાજેતરની એસીઝ શ્રેણીમાં કંગાળ પ્રદર્શન બાદ ડકેટ હવે કાઉન્ટી ચેમ્પિયનશિપમાં નોટિંગહામશાયર તરફથી રમીને પોતાનું ગુમાવેલું ફોર્મ પાછું મેળવવા માંગે છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસ ડકેટ માટે કોઈ દુઃસ્વપ્નથી ઓછો રહ્યો નથી. પાંચ ટેસ્ટ મેચોમાં તે માત્ર ૨૦.૨૦ની સરેરાશથી ૨૦૨ રન બનાવી શક્યો હતો. ખાસ કરીને મિશેલ સ્ટાર્કની ગતિ સામે તે લાચાર દેખાયો હતો. વર્ષ ૨૦૨૨માં ટેસ્ટ ટીમમાં પુનરાગમન કર્યા બાદ આ પ્રથમ એવી શ્રેણી હતી જેમાં તેની સરેરાશ ૩૦ થી નીચે રહી હતી. આ નબળા પ્રદર્શને તેની ટેસ્ટ ટીમમાં જગ્યા સામે સવાલો ઊભા કર્યા છે, જેના કારણે તેણે આઈપીએલના આર્થિક ફાયદાને બદલે લાલ બોલના ક્રિકેટને પસંદ કર્યું છે. બેન ડકેટ આગામી સપ્તાહે ઈંગ્લેન્ડના મુખ્ય કોચ બ્રેન્ડન મેક્કુલમ સાથે વાતચીત કરશે. ડકેટે જણાવ્યું હતું કે, "હવે તેઓ જાણે છે કે હું આઈપીએલમાં નથી જઈ રહ્યો, મને ખાતરી છે કે મેનેજમેન્ટ મારા આ નિર્ણયને હકારાત્મક રીતે જોશે."

**પંજાબ હોકી લીગ // ફાઈનલમાં પટિયાલાનો પરાજય આપીને માલેરકોટલાની ટીમ ચેમ્પિયન બની**

# રાઉન્ડગ્લાસ માલેરકોટલાએ સુવર્ણ ચંદ્રક મેળવ્યો

(એજન્સી) ચંડીગઢ । તા. 28

પંજાબની ધરતી પર રમાયેલી હોકીની અદભૂત સ્પર્ધામાં રાઉન્ડગ્લાસ માલેરકોટલાએ પંજાબ હોકી લીગ જીતીને ઈતિહાસના પાના પર પોતાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કરી દીધું છે. હોકી લીગ નેક્સજેન ગર્લ્સ (૫એસ) ની આ પ્રથમ આવૃત્તિમાં માલેરકોટલાની દીકરીઓએ અદભૂત રમતનું પ્રદર્શન કરતા ફાઈનલ મુકાબલામાં રાઉન્ડગ્લાસ પટિયાલાને ૪-૧ થી પરાજય આપીને ચેમ્પિયનશિપનો તાજ પોતાના નામે કર્યો છે. ૧૯ ટીમો વચ્ચે રમાયેલી આ હાઈ-વોલ્ટેજ ટુર્નામેન્ટમાં યજમાન માલેરકોટલાએ નોકઆઉટ સ્ટેજથી જ પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો. મીડિયા અહેવાલ અનુસાર, આ જીત પંજાબમાં મહિલા હોકીના નવા યુગની શરૂઆત સમાન છે.

ફાઈનલનો રોમાંચક જંગ અને માલેરકોટલાનો દબદબો ફાઈનલ મેચમાં મેદાન પર ઉતરેલી માલેરકોટલાની ટીમ શરૂઆતથી જ આક્રમક મૂડમાં જોવા મળી હતી. ટીમના સુકાની નવદીપ કૌરે શાનદાર નેતૃત્વ પૂરું પાડતા બે મહત્વના ગોલ કર્યા હતા. હરમનપ્રીત કૌર અને ગુરુમનપ્રીત કૌરે પણ આક્રમક રમત દાખવીને ટીમને મજબૂત સ્થિતિમાં લાવી દીધી હતી. બીજી તરફ પટિયાલાની ટીમ લડત આપવાનો પ્રયાસ કરતી રહી, પરંતુ માલેરકોટલાના મજબૂત સંરક્ષણને ભેદવામાં




તેઓ નિષ્ફળ રહ્યા હતા. અંતે ૪-૧ ના સ્કોર સાથે માલેરકોટલાએ ભવ્ય વિજય મેળવીને સુવર્ણ ચંદ્રક પર કબજો જમાવ્યો હતો.

સેમીફાઈનલમાં જોવા મળ્યો ગોલનો વરસાદ ટુર્નામેન્ટના સેમીફાઈનલ મુકાબલામાં પણ માલેરકોટલાની રમત કાબિલેતારીફ રહી હતી. પ્રથમ સેમીફાઈનલમાં માલેરકોટલાએ ખાલસા કોલેજ અમૃતસરને ૧૧-૨ ના જંગી અંતરથી હરાવ્યું હતું. આ મેચમાં નવદીપ કૌરે ૪ અને હરમનપ્રીત કૌરે ૩ ગોલ ફટકારીને વિરોધી ટીમને હંફાવી દીધી હતી. બીજી સેમીફાઈનલમાં પટિયાલાએ ઘુમણની ટીમને ૧૧-૩ થી પરાજિત કરી હતી, જેમાં શિવાનીએ ૪ ગોલ અને કેપ્ટન જરમનપ્રીત કૌરે હેટ્રિક નોંધાવી હતી. જોકે, ફાઈનલમાં પટિયાલાનો આ જાદુ માલેરકોટલા સામે ચાલ્યો નહોતો.

અમૃતસરની ટીમે જીત્યો બ્રોન્ઝ મેડલ ત્રીજા સ્થાન માટે રમાયેલા મુકાબલામાં રાઉન્ડગ્લાસ ખાલસા કોલેજ અમૃતસરે પોતાની તાકાત બતાવી હતી. તેમણે રાઉન્ડગ્લાસ ઘુમણને ૬-૨ થી હરાવીને ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ સુરક્ષિત કર્યો હતો. આ મેચમાં અમૃતસરના ૬ અલગ-અલગ ખેલાડીઓએ ગોલ કરીને ટીમ વર્કનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. હાર છતાં ઘુમણની ટીમનું પ્રદર્શન પણ પ્રશંસનીય રહ્યું હતું.

શ્રેષ્ઠ ખેલાડીઓનું સન્માન અને નવી પ્રતિભાનો ઉદય ટુર્નામેન્ટના અંતે પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં માલેરકોટલાની કેપ્ટન નવદીપ કૌરને તેના સર્વશ્રેષ્ઠ પ્રદર્શન બદલ 'ટુર્નામેન્ટની શ્રેષ્ઠ ખેલાડી' તરીકે જાહેર કરવામાં આવી હતી. બીજી તરફ પટિયાલાની સુલોચનીને 'ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' (ઉભરતી ખેલાડી) ના એવોર્ડથી નવાજવામાં આવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ૫-એ-સાઈડ ફોર્મેટની રમતે ખેલાડીઓની ઝડપ, તકનીકી ચોકસાઈ અને ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતાની આકરી કસોટી કરી હતી.

**બાંગ્લાદેશ સરકારનો નિર્ણય આવતા જ ક્રિકેટ જગતમાં ભારે ઉત્સાહ**

# IPL પ્રસારણ પ્રતિબંધ બાંગ્લાદેશમાં હવે ક્રિકેટ પ્રેમીઓ માણી શકશે મજા

(એજન્સી) ઢાકા । તા. 28



બાંગ્લાદેશમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૬ ના પ્રસારણ પર લાદવામાં આવેલો વિવાદાસ્પદ પ્રતિબંધ આખરે હટાવી દેવામાં આવ્યો છે. બાંગ્લાદેશના નવનિયુક્ત માહિતી અને પ્રસારણ મંત્રી ઝાહિર ઉદ્દીન સ્વપને જાહેરાત કરી છે કે સરકાર હવે આઈપીએલના ટેલિકાસ્ટ માટે તૈયાર છે અને જો કોઈ ચેનલ આ માટે અરજી કરશે તો તેને સકારાત્મક રીતે જોવામાં આવશે. આ નિર્ણયથી પાડોશી દેશના લાખો ક્રિકેટ ચાહકોમાં આનંદની લહેર દોડી ગઈ છે.

જાન્યુઆરી મહિનામાં બાંગ્લાદેશના માહિતી મંત્રાલયે આઈપીએલના પ્રસારણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો હતો. આ આકરા નિર્ણય પાછળ બાંગ્લાદેશના સ્ટાર ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને લીગમાંથી બહાર કરવામાં આવતા પેદા થયેલો રોષ જવાબદાર હતો. તત્કાલીન સરકારે એક સત્તાવાર સૂચના દ્વારા આઈપીએલ બતાવવા પર રોક લગાવી દીધી હતી, જેના કારણે રમતગમત અને રાજકારણના મિશ્રણ અંગે સોશિયલ મીડિયા પર મોટી ચર્ચા જાગી હતી. બાંગ્લાદેશની નવી સરકારના મંત્રી સ્વપને સ્પષ્ટ કર્યું છે કે તેઓ રમતગમત સાથે રાજકારણને જોડવા માંગતા નથી. મીડિયા અહેવાલ મુજબ, તેમણે જણાવ્યું હતું કે, "અમે આ બાબતને વ્યવસાયિક દ્રષ્ટિકોણથી જોઈશું. જો સ્ટાર સ્પોર્ટ્સ કે અન્ય કોઈ સ્થાનિક ચેનલ આઈપીએલ પ્રસારિત કરવા માંગતી હોય, તો અમને કોઈ વાંધો નથી." સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કેબલ ઓપરેટરો પર પણ હવે કોઈ પ્રકારનો પ્રતિબંધ રહેશે નહીં, જે આઈપીએલની લોકપ્રિયતા જોતા એક મોટો આર્થિક નિર્ણય માનવામાં આવે છે.

## મધ્ય પૂર્વમાં યુદ્ધની સ્થિતિ વચ્ચે ઈરાને ભારતને મિત્ર દેશ ગણાવ્યો

# હોર્મુઝમાંથી પસાર થઈ રહ્યા છે ૨ ભારતીય ઓઈલ ટેન્કર સુરક્ષિત રીતે

(એજન્સી) નવી દિલ્હી I તા. 28

મધ્ય પૂર્વના દેશોમાં ફાટી નીકળેલા ભીષણ સંગ્રામ અને સમુદ્રી માર્ગો પર સર્જાયેલી નાકાબંધીની ગંભીર અસરો વચ્ચે ભારત માટે અત્યંત આશાસ્પદ અને રાહતના સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. વિશ્વના સૌથી સંવેદનશીલ અને વ્યૂહાત્મક ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' એટલે કે હોર્મુઝની ખાડીમાંથી ભારતના બે અત્યંત વિશાળ ઓઈલ ટેન્કર કોઈ પણ અવરોધ વિના સુરક્ષિત રીતે આગળ વધી રહ્યા છે. વૈશ્વિક સ્તરે તેલના પુરવઠામાં સર્જાયેલા અવરોધ છતાં, ભારતની ઉર્જા સુરક્ષા જળવાઈ રહે તે માટે ભારતીય નૌસેનાના શક્તિશાળી યુદ્ધજહાજોને અત્યારે હાઈ-એલર્ટ પર રાખવામાં આવ્યા છે, જે આ ટેન્કરો પર સતત બાજ નજર રાખી રહ્યા છે.

મીડિયા અહેવાલ અને સંરક્ષણ ક્ષેત્રના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આગામી



દિવસોમાં ભારત માટે પેટ્રોલિયમ પેદાશો ભરીને વધુ જહાજો આ જ ખતરનાક ગણાતા દરિયાઈ માર્ગ પરથી પસાર થવાના છે. આ કપરી પરિસ્થિતિમાં ભારતીય નૌસેના એક મજબૂત ઢાલ બનીને ઉભી છે. નૌસેના આ જહાજોને એવું સુરક્ષા કવચ પૂરું પાડી રહી છે કે જેનાથી દેશમાં પેટ્રોલ, ડીઝલ કે રાંધણ ગેસ (LPG) ના વિતરણમાં કોઈ પણ પ્રકારનો વિક્ષેપ ન પડે. ઉલ્લેખનીય છે કે હોર્મુઝની ખાડી આંતરરાષ્ટ્રીય ઉર્જા વ્યાપારની ધમની સમાન છે, જ્યાંથી વિશ્વના કુલ તેલ અને ગેસ પુરવઠાનો અંદાજે પાંચમો ભાગ પસાર થાય છે, જેના પર ભારતની નજર અત્યારે કેન્દ્રિત છે.

### ઈરાન સાથેની મજબૂત મિત્રતાનો ફાયદો

વર્તમાન સંઘર્ષના વાતાવરણમાં ઈરાન દ્વારા લેવામાં આવેલું વલણ ભારત માટે મોટો વિજય ગણાઈ રહ્યો છે. તાજેતરમાં જ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ એક મહત્વપૂર્ણ નિવેદન જારી કરીને સ્પષ્ટ કર્યું હતું કે ઈરાને ભારત, રશિયા, ચીન અને પાકિસ્તાન જેવા પોતાના 'પરમ મિત્ર રાષ્ટ્રો' ના જહાજોને આ દરિયાઈ માર્ગ પરથી સુરક્ષિત અવરજવર કરવાની વિશેષ મંજૂરી આપી છે. ઈરાન દ્વારા અન્ય દેશો માટે કરવામાં આવેલી કડક નાકેબંધીને લીધે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચ્યા છે, પરંતુ ભારત માટે આ જળમાર્ગ ખુલ્લો રહેવો એ મુત્સદ્દીગીરીની મોટી જીત છે.

### ભારતની આયાત પર નિર્ભરતા અને ચિંતા


ભારત માટે આ માર્ગ શા માટે આટલો મહત્વનો છે, તે સમજવું અત્યંત જરૂરી છે. ભારત પોતાની કુલ તેલની જરૂરિયાતના ૮૫ ટકા અને ગેસની જરૂરિયાતના ૫૦ ટકા જેટલો મોટો હિસ્સો વિદેશી આયાત દ્વારા જ પૂરો કરે છે. ભારતની તેલની કુલ ખેપનો અડધો હિસ્સો અને એલએનજી (LNG) ના અડધાથી વધુ જહાજો અનિવાર્યપણે હોર્મુઝની ખાડી થઈને જ ભારતીય બંદરો સુધી પહોંચે છે. જો મધ્ય પૂર્વમાં યુદ્ધની સ્થિતિ વધુ વણસે અને આ માર્ગ લાંબો સમય માટે અવરોધાય, તો ભારતમાં ભયંકર ઉર્જા કટોકટી સર્જાવાની ભીતિ રહેલી છે.

### ઉર્જા સુરક્ષા માટે નૌસેનાની સક્રિયતા

વર્તમાન સ્થિતિને જોતા, ભારત સરકાર અને સંરક્ષણ મંત્રાલય કોઈ પણ પ્રકારનું જોખમ લેવા તૈયાર નથી. સમુદ્રી માર્ગો પર નૌસેનાની સક્રિયતા માત્ર જહાજોને સુરક્ષિત રાખવા માટે જ નથી, પરંતુ દેશના અર્થતંત્રને ગતિમાન રાખવા માટે પણ અનિવાર્ય છે. અત્યારે જ્યારે આખું વિશ્વ તેલના સંકટ સામે ઝઝૂમી રહ્યું છે, ત્યારે ભારતના ઓઈલ ટેન્કરોનું સુરક્ષિત હોર્મુઝ પાર કરવું એ દેશના કરોડો ગ્રાહકો માટે રાહતના સમાચાર છે. મીડિયા અહેવાલ મુજબ, આગામી અઠવાડિયામાં વધુ કેટલાક ટેન્કરો આ જ માર્ગે ભારત પહોંચવાની અપેક્ષા છે, જેના માટે નૌસેનાએ સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે.

## ન્યૂઝ બ્રીફ

### અમેરિકામાં સાયબર હુમલો થતા સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી



વોશિંગ્ટન | મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભીષણ સંઘર્ષની વચ્ચે અમેરિકાની સૌથી શક્તિશાળી તપાસ સંસ્થા એફબીઆઈ (FBI) ના ડાયરેક્ટર કાશ પટેલના પર્સનલ ઈમેલ એકાઉન્ટ પર સાયબર હુમલો થતા વોશિંગ્ટનમાં ભારે દોડધામ મચી ગઈ છે. આ હુમલા પાછળ ઈરાન સમર્થિત હેકર ગ્રુપનો હાથ હોવાનું બહાર આવ્યું છે. આ સાયબર સેંધમારીએ માત્ર એક વ્યક્તિગત એકાઉન્ટને જ નહીં, પરંતુ અમેરિકાની અત્યંત સુરક્ષિત ગણાતી સાયબર પ્રણાલી સામે પણ ગંભીર સવાલો ઊભા કર્યા છે. અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, 'હંદાલા હેક' નામના પ્રો-પેલેસ્ટાઈની હેક્ટિવિસ્ટ ગ્રુપ દ્વારા ટેલિગ્રામ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કાશ પટેલના કેટલાક અંગત ફોટા અને અત્યંત ગોપનીય દસ્તાવેજો લીક કરવામાં આવ્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, હેક થયેલું જીમેઈલ આઈડી વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૯ સુધીના ઈમેલ્સ ધરાવે છે, જેમાં અનેક વ્યાવસાયિક અને વ્યક્તિગત સંવાદો સામેલ છે.

### અમેરિકા ઈરાન યુદ્ધ અપડેટ જમીન પર સેના નહીં ઉતરે માર્કો રૂબિયોનું નિવેદન



વોશિંગ્ટન | મિડલ ઈસ્ટના રણમેદાનમાં ચાલી રહેલા લોહિયાળ સંઘર્ષ વચ્ચે અમેરિકાએ તેની આગામી રણનીતિ સ્પષ્ટ કરી દીધી છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ એક મહત્વપૂર્ણ નિવેદન આપતા જણાવ્યું છે કે, અમેરિકા ઈરાન વિરુદ્ધના સૈન્ય અભિયાનમાં જમીન પર પોતાની સેના નહીં ઉતારે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાન એવી આશંકા વ્યક્ત કરી રહ્યું હતું કે અમેરિકા તેના ટાપુઓ પર કબજો જમાવી શકે છે. જોકે, રૂબિયોએ સ્પષ્ટ કર્યું છે કે આ ઓપરેશન લાંબુ નહીં ચાલે અને માત્ર ગણતરીના સપ્તાહોમાં જ લક્ષ્યાંક પૂરા કરી દેવામાં આવશે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે ૧૦ દિવસની આખરી ડેડલાઈન આપી છે. જો ઈરાન નિર્ધારિત સમયમાં 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' માર્ગ નહીં ખોલે, તો અમેરિકા તેના તેલ અને ઉર્જા માળખા પર સીધા આક્રમક હુમલા કરશે.

## પરમાણુ મથક પાસે હાહાકાર મચાવતી બેલેસ્ટિક મિસાઈલ ત્રાટકી

# ઈઝરાયલ પર ચોતરફી હુમલા શરૂ હવે યમન પણ મેદાને પડ્યું છે, ઈઝરાયલી સેના હાઈ એલર્ટ પર મુકાઈ


(એજન્સી) તેલ અવીવ I તા. 28

મધ્ય પૂર્વમાં ચાલી રહેલું સૈન્ય સંઘર્ષ હવે અત્યંત વિનાશક અને ખતરનાક વળાંક પર પહોંચી ગયું છે. અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના તણાવમાં શનિવારે વહેલી સવારે એક નવો અધ્યાય ઉમેરાયો છે, જેમાં હવે સત્તાવાર રીતે યમનની પણ એન્ટ્રી થઈ હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહીઓએ દક્ષિણ ઈઝરાયલને નિશાન બનાવીને શક્તિશાળી બેલેસ્ટિક મિસાઈલ હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં યુદ્ધના નગારા વાગી રહ્યા છે. આ હુમલા બાદ ઈઝરાયલ સરકાર દ્વારા દેશભરમાં હાઈ-એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે અને નાગરિકોને સુરક્ષિત સ્થળોએ ખસી જવા સૂચના આપવામાં આવી છે.

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, યમન તરફથી છોડવામાં આવેલી આ મિસાઈલ સીધી દક્ષિણ ઈઝરાયલના બીરશેબા શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં ત્રાટકી હતી, જેના કારણે આખું શહેર સાયરન ગુંજી ઉઠ્યું હતું. સૌથી વધુ ચોંકાવનારી અને ગંભીર બાબત એ છે કે ઈઝરાયલનું અત્યંત સંવેદનશીલ અને મુખ્ય પરમાણુ અનુસંધાન કેન્દ્ર પણ આ જ વિસ્તારની ભૌગોલિક સીમાની નજીક આવેલું છે. મિસાઈલ હુમલાને કારણે પરમાણુ સુરક્ષાને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે મોટી ચિંતાઓ જન્મી છે. જોકે, ઈઝરાયલી સુરક્ષા દળોએ તુરંત મોરચો સંભાળી લીધો હતો.

વર્તમાન સંઘર્ષની શરૂઆતથી અત્યાર સુધી યમનના હૂતી વિદ્રોહીઓ માત્ર રાતા સમુદ્રમાં પસાર થતા વેપારી જહાજોને જ પોતાનું નિશાન બનાવતા હતા. પરંતુ, ઈઝરાયલની મુખ્ય ભૂમિ પર સીધો બેલેસ્ટિક મિસાઈલ હુમલો કરવાની આ પ્રથમ અને અત્યંત સાહસિક ઘટના ગણવામાં આવે છે. ઈઝરાયલી સંરક્ષણ દળોએ સત્તાવાર પુષ્ટિ કરી છે કે તેઓએ યમનથી આવી રહેલી મિસાઈલની ઓળખ કરી લીધી હતી અને તેને આકાશમાં જ તોડી પાડવા માટેની અત્યાધુનિક એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય કરી દીધી હતી. આ હુમલાએ સાબિત કર્યું છે કે યુદ્ધ હવે માત્ર સરહદો પૂરતું મર્યાદિત રહ્યું નથી.

શનિવારની રાત ઈઝરાયલ માટે કાળી રાત સાબિત થઈ છે. માત્ર યમન જ નહીં, પરંતુ ઉત્તર તરફથી લેબનોન સ્થિત






હિઝબુલ્લાહ અને પૂર્વમાંથી ઈરાન દ્વારા પણ સતત મિસાઈલ મારો ચલાવવામાં આવ્યો હતો. આખી રાત ઈઝરાયલના આકાશમાં વિસ્ફોટકોથી લદાયેલા ડ્રોન અને રોકેટ જોવા મળ્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઈઝરાયલની એર ડિફેન્સ સિસ્ટમ આ ચોતરફી આક્રમણને ખાળવા માટે પોતાની પૂરી ક્ષમતા સાથે કાર્યરત છે. તેમ છતાં, એકસાથે અનેક મોરચે લડવું ઈઝરાયલ માટે મોટી કસોટી સમાન બની રહ્યું છે.

### અમેરિકાની સખત ચેતવણી અને સંભવિત જવાબી કાર્યવાહી

બીજી તરફ, આ ગંભીર ઘટનાક્રમ બાદ વૈશ્વિક મહાસત્તા અમેરિકાએ પણ કડક વલણ અપનાવ્યું છે. અમેરિકન ઉપરાષ્ટ્રપતિએ તાત્કાલિક ધોરણે ઈઝરાયલના વડાપ્રધાન સાથે ટેલિફોનિક વાતચીત કરીને સ્થિતિની સમીક્ષા કરી છે. વ્હાઈટ હાઉસ અત્યારે સમગ્ર પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યું છે. રાજકીય નિષ્ણાતો અને મીડિયા અહેવાલ મુજબ, હૂતીઓની આ સીધી એન્ટ્રી બાદ અમેરિકા હવે યમન સ્થિત હૂતીઓના સૈન્ય ઠેકાણાઓ પર ફરીથી મોટા પાયે બોમ્બમારો કરી શકે છે. જો આવું થશે, તો મધ્ય પૂર્વમાં યુદ્ધની જ્વાળાઓ વધુ ભભૂકશે તે નક્કી છે.

### સ્થાનિક સ્તરે અફરાતફરી અને ભયનો માહોલ

ઈઝરાયલના મુખ્ય શહેરોમાં અત્યારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ચોતરફી હુમલાને કારણે જનજીવન ઠપ્પ થઈ ગયું છે અને અર્થતંત્ર પર પણ તેની માઠી અસર પડી રહી છે. ઈઝરાયલી સેનાએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ દરેક હુમલાનો જડબાતોડ જવાબ આપવા માટે તૈયાર છે. આંતરરાષ્ટ્રીય સમુદાય અત્યારે શ્વાસ અધ્ધર કરીને આ સંઘર્ષને જોઈ રહ્યો છે, કારણ કે જો આ સ્થિતિ કાબૂ બહાર જશે, તો તેની અસર સમગ્ર વિશ્વના તેલ પુરવઠા અને આર્થિક વ્યવસ્થા પર પડશે.

## એચ-1બી વિઝા પગાર વધારો ટ્રમ્પ સરકારનો મોટો નિર્ણય ભારતીયોના વેતનમાં થશે વધારો

(એજન્સી) વોશિંગ્ટન I તા. 28

અમેરિકામાં સ્થાયી થવા ઈચ્છતા અને ત્યાં નોકરી કરતા લાખો વિદેશી કુશળ કામદારો, ખાસ કરીને ભારતીય આઈટી પ્રોફેશનલ્સ માટે મોટા સમાચાર આવ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્રે એચ-1બી અને અન્ય વિઝા શ્રેણી હેઠળ કાર્યરત વિદેશી કર્મચારીઓના લઘુત્તમ પગારમાં ધરખમ વધારો કરવાનો નવો પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ દરખાસ્તનો મુખ્ય ઉદ્દેશ્ય વિદેશી પ્રોફેશનલ્સ અને અમેરિકન નાગરિકોના વેતનને સમાન સ્તરે લાવીને વિઝા સિસ્ટમનો થતો દુરુપયોગ રોકવાનો છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, અમેરિકન શ્રમ વિભાગે અંદાજ લગાવ્યો છે કે આ સૂચિત નિયમના અમલથી વિદેશી પ્રોફેશનલ્સના વાર્ષિક પગારમાં સરેરાશ ૧૪,૦૦૦ ડોલરનો વધારો થઈ શકે છે. અત્યાર સુધી કંપનીઓ અમેરિકન નાગરિકોના બદલે સસ્તા વિદેશી કામદારોની ભરતી કરતી હતી, પરંતુ હવે એમ્પ્લોયરે પ્રચલિત બજાર ભાવ અથવા વાસ્તવિક પગારમાંથી જે વધુ હોય તે ચૂકવવો પડશે. આ ફેરફારથી અમેરિકન બજારમાં સ્થાનિક કર્મચારીઓની નોકરીઓ સુરક્ષિત થવાની અપેક્ષા છે.

નવી યોજના અંતર્ગત પગારના પર્સેન્ટાઈલ સ્તરમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. એન્ટ્રી લેવલનો લઘુત્તમ પગાર જે અગાઉ ૧૭મા પર્સેન્ટાઈલ પર હતો, તેને વધારીને ૩૪મા પર્સેન્ટાઈલ પર લઈ જવામાં આવશે. તેવી જ રીતે, ઉચ્ચ સ્તરના પગારને ૬૭મા પર્સેન્ટાઈલથી વધારીને ૮૮મા પર્સેન્ટાઈલ સુધી લઈ જવાની દરખાસ્ત છે. શ્રમ મંત્રીના જણાવ્યા અનુસાર, આ પગલું એ સુનિશ્ચિત કરશે કે અમેરિકન નાગરિકો અન્યાયપૂર્ણ પગાર પદ્ધતિને કારણે પોતાની રોજગારી ન ગુમાવે.

## મધ્ય પૂર્વ યુદ્ધના ભણકારા ઈરાને અમેરિકન સૈન્ય બેઝ હચમચાવ્યા પાંચ ભારતીયો ઈજાગ્રસ્ત

(એજન્સી) નવી દિલ્હી I તા. 28

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલો સંઘર્ષ હવે એક અત્યંત ખતરનાક અને વિનાશક વળાંક પર પહોંચી ગયો છે. ઈઝરાયલ દ્વારા ઈરાનના પરમાણુ મથકોને નિશાન બનાવ્યા બાદ, ઈરાને વળતા પ્રહાર તરીકે સાઉદી અરેબિયા અને બહેરીન સ્થિત અમેરિકન સૈન્ય બેઝ પર બેલેસ્ટિક મિસાઈલો વડે પ્રચંડ હુમલો કર્યો છે. આ ભીષણ હુમલામાં મિસાઈલનો કાટમાળ પડવાને કારણે અબુ ધાબીમાં પાંચ ભારતીય નાગરિકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ મળી રહ્યા છે, જેનાથી સમગ્ર વિશ્વમાં યુદ્ધની ભીતિ સેવાઈ રહી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઈરાને એકસાથે અનેક મોરચે આક્રમણ શરૂ કર્યું છે. બહેરીન અને યુનાઈટેડ આરબ અમીરાત (UAE) માં મિસાઈલ હુમલાની આશંકાને પગલે સતત સાયરનો ગુંજી રહ્યા છે. અબુ ધાબીના સરકારી મીડિયા કાર્યાલયે પુષ્ટિ કરી છે કે ઈરાન તરફથી છોડવામાં આવેલી મિસાઈલને હવામાં જ ઈન્ટરસેપ્ટ કરવામાં આવી હતી, પરંતુ તેનો કાટમાળ રહેણાંક વિસ્તારમાં પડતા ત્યાં હાજર પાંચ ભારતીયોને સામાન્ય ઈજાઓ પહોંચી છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા જણાય છે કે ઈરાને ખાસ કરીને બહેરીનમાં આવેલા અમેરિકન સૈન્ય મથકોને નિશાન બનાવ્યા છે. આશ્ચર્યજનક રીતે, આ હુમલા દરમિયાન અમેરિકાની અત્યાધુનિક ડિફેન્સ સિસ્ટમ પણ તેને રોકવામાં નિષ્ફળ રહી હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ, સીરિયામાં પણ ભયાનક ધડાકા સંભળાયા છે, જે ઈરાન દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલા હોવાનું મનાય છે.

### કેપી શર્મા ઓલીને હરાવ્યા બાદ ભવ્ય શપથવિધિ

# નેપાળમાં બાલેન્દ્ર શાહ સૌથી યુવા વડાપ્રધાન બન્યા



(એજન્સી) કાઠમંડુ I તા. 28

હિમાલયની ગોદમાં વસેલા નેપાળમાં એક નવા યુગનો સૂર્યોદય થયો છે. દેશમાં ચાલેલા પ્રચંડ 'જેન-ઝી' આંદોલન અને ત્યારબાદ યોજાયેલી ઐતિહાસિક ચૂંટણીઓમાં પરંપરાગત રાજકારણના મૂળિયાં હચમચાવીને ૩૫ વર્ષના બાલેન્દ્ર શાહ સૌથી યુવા વડાપ્રધાન બન્યા છે. રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (આરએસપી) ના આ તેજસ્વી નેતાએ શુક્રવારે રાજકીય મહાનુભાવો અને વરિષ્ઠ અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં દેશના સર્વોચ્ચ પદના શપથ ગ્રહણ કર્યા હતા. 'નેપાળ ફર્સ્ટ'ની વિચારધારામાં અતૂટ વિશ્વાસ ધરાવતા બાલેન્દ્ર શાહના નેતૃત્વમાં હવે નેપાળ નવી ઊંચાઈઓ સર કરવા સજ્જ બન્યું છે.

બાલેન્દ્ર શાહ હિન્દુ માન્યતાઓમાં ઊંડી શ્રદ્ધા ધરાવે છે, જેની ઝલક તેમના શપથ ગ્રહણ સમારોહમાં સ્પષ્ટપણે જોવા મળી હતી. મીડિયા અહેવાલ અનુસાર, તેમણે રામનવમીના પવિત્ર દિવસે બપોરે ૧૨.૩૪ મિનિટે પદના શપથ લીધા હતા. આ સમય જ્યોતિષીય દ્રષ્ટિએ અત્યંત શુભ અને વિજયી માનવામાં આવે છે. શપથવિધિ દરમિયાન શંખના નાદ અને હિન્દુ પૂજારીઓ તેમજ બૌદ્ધ લામાઓના મંત્રોચ્ચારથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. કાળા ચશ્મા અને કાળી ટોપીની આગવી શૈલી ધરાવતા બાલેન્દ્ર શાહ હવે નેપાળના યુવા પેઢીના આઈકોન બની ગયા છે.

### કેપી શર્મા ઓલીને હરાવ્યા અને સર્જ્યો ઈતિહાસ

આ ચૂંટણીમાં સૌથી મોટો ઉલટફેર ઝાપા સીટ-૫ પર જોવા મળ્યો હતો, જ્યાં બાલેન્દ્ર શાહે ખુદ ઉમેદવારી નોંધાવીને પૂર્વ પ્રધાનમંત્રી કેપી શર્મા ઓલીને હરાવ્યા હતા. નેપાળના રાજકારણના ભીષ્મ પિતામહ ગણાતા ઓલીનો પરાજય એ પરિવર્તનની લહેરનો પુરાવો છે. ઉલ્લેખનીય છે કે ઓલીના શાસનકાળ દરમિયાન ભ્રષ્ટાચાર અને વધતી જતી બેરોજગારી વિરુદ્ધ જનતામાં ભારે રોષ હતો, જે આખરે આંદોલનમાં પરિણમ્યો હતો. બાલેન્દ્ર શાહની પાર્ટીએ ૨૭૫ બેઠકોમાંથી ૧૮૨ બેઠકો પર ભવ્ય વિજય મેળવીને સ્પષ્ટ બહુમતી હાંસલ કરી છે.

નેપાળમાં ૧૯૯૦થી અત્યાર સુધીમાં ૩૦થી વધુ સરકારો બની છે, પરંતુ દુર્ભાગ્યવશ કોઈ પણ સરકાર પોતાનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરી શકી નથી. બાલેન્દ્ર શાહ સામે હવે સૌથી મોટો પડકાર આ રાજકીય અસ્થિરતાને દૂર કરવાનો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, નવા વડાપ્રધાનનું મુખ્ય ધ્યાન વહીવટી પારદર્શિતા, આર્થિક સુધારા અને યુવાનો માટે રોજગારીની તકો ઊભી કરવા પર રહેશે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે 'નેપાળ ફર્સ્ટ' માત્ર સૂત્ર નથી, પણ તેમની કાર્યશૈલીનો પાયો હશે.

### યુવા શક્તિનો વિજય અને રાષ્ટ્રીય ગૌરવ

બાલેન્દ્ર શાહનો ઉદય એ માત્ર રાજકીય ઘટના નથી, પરંતુ નેપાળના યુવાનોની આકાંક્ષાઓનો વિજય છે. ચૂંટણી પ્રચાર દરમિયાન તેમણે જે રીતે સોશિયલ મીડિયા અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને જનતા સાથે સીધો સંવાદ સાધ્યો, તેનાથી જૂના પક્ષોના સમીકરણો વેરાઈ ગયા હતા. શપથ ગ્રહણ બાદ તેમણે રાષ્ટ્રને સંબોધતા જણાવ્યું હતું કે, તેઓ નેપાળના સાર્વભૌમત્વ અને આર્થિક સ્વાતંત્ર્ય માટે કટિબદ્ધ છે. વિદેશી હસ્તક્ષેપ વગર દેશનો વિકાસ કરવો એ તેમની પ્રાથમિકતા રહેશે.

### આંતરરાષ્ટ્રીય સ્તરે નેપાળની નવી ઓળખ

બાલેન્દ્ર શાહના વડાપ્રધાન બનવાથી દક્ષિણ એશિયાના રાજકારણમાં પણ નવા વળાંક આવવાની શક્યતા છે. એક એન્જિનિયર અને રેપર તરીકેની પૃષ્ઠભૂમિ ધરાવતા આ યુવા નેતા હવે વૈશ્વિક મંચ પર નેપાળનું પ્રતિનિધિત્વ કરશે. ભારતીય ઉપખંડના દેશો સાથેના સંબંધોમાં પણ નવી ઉર્જા જોવા મળી શકે છે.

ઈચ્છામૃત્યુ | સગા પિતા સામે કોર્ટમાં કેસ લડવો પડ્યો અને આખરે પુત્રીની જીત થઈ

# દુષ્કર્મનો ભોગ બનેલી યુવતીએ ઈચ્છામૃત્યુથી જીવનનો અંત

(એજન્સી) બાર્સેલોના I તા. 28

માનવીય સંવેદનાઓને હચમચાવી દેતી એક અત્યંત કરુણ ઘટના યુરોપના સ્પેનમાંથી સામે આવી છે. વર્ષો સુધી શારીરિક બર્બરતા અને માનસિક યાતનાઓ સામે ઝઝૂમ્યા બાદ, સામૂહિક દુષ્કર્મનો ભોગ બનેલી યુવતીએ ઈચ્છામૃત્યુ વડે જીવનનો અંત આણ્યો છે. ૨૫ વર્ષીય નોએલિયા કાસ્ટિલોએ પોતાની જીવવાની ઈચ્છા શક્તિ ગુમાવી દીધા બાદ કાયદેસર રીતે મૃત્યુને વહાલું કર્યું છે. આ કિસ્સો એટલે વધુ ચર્ચાસ્પદ બન્યો છે કારણ કે નોએલિયાને શાંતિથી મરવા માટે પણ સગા પિતા સામે કોર્ટમાં કેસ લડવો પડ્યો હતો. આખરે લાંબી કાનૂની લડાઈ બાદ કોર્ટે તેને ગૌરવપૂર્ણ રીતે દેહત્યાગ કરવાની મંજૂરી આપી હતી.

નોએલિયાનું જીવન કિશોરાવસ્થાથી જ સંઘર્ષમય રહ્યું હતું. માત્ર ૧૩ વર્ષની ઉંમરે માતા-પિતાના છૂટાછેડા બાદ તે ગંભીર માનસિક બીમારીઓ જેવી કે OCD અને BPDનો શિકાર બની હતી. જોકે, વર્ષ ૨૦૨૨માં તેના પર થયેલા અત્યાચારે તેને અંદરથી તોડી નાખી હતી.



પહેલા તેના પૂર્વ પ્રેમીએ અને ત્યારબાદ અન્ય ત્રણ નરાધમોએ તેની સાથે સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટનાથી વ્યથિત થઈને નોએલિયાએ પાંચમા માળેથી છલાંગ લગાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, જેમાં તે બચી તો ગઈ પરંતુ કમર નીચેનો ભાગ કાયમ માટે લકવાગ્રસ્ત થઈ ગયો હતો.

લકવાગ્રસ્ત શરીર અને મન પર લાગેલી ઊંડી ઈજાઓ વચ્ચે નોએલિયાએ ઈચ્છામૃત્યુ માટે અરજી કરી હતી. આ સમયે તેને સૌથી મોટો આઘાત ત્યારે લાગ્યો જ્યારે તેના પિતા ગેરોનિમો કાસ્ટિલોએ તેની આ માંગ સામે અદાલતમાં પડકાર ફેંક્યો. પિતાની દલીલ હતી કે નોએલિયા માનસિક રીતે અસ્વસ્થ હોવાથી આવો મોટો નિર્ણય લઈ શકે નહીં. આ મામલો સ્પેનની નીચલી અદાલતોથી લઈને યુરોપિયન કોર્ટ ઓફ હ્યુમન રાઈટ્સ સુધી પહોંચ્યો હતો. કોર્ટમાં દલીલ કરતી વખતે નોએલિયાએ કહ્યું હતું કે, "પરિવારનું સુખ મારા અસહ્ય દુઃખ કરતા મોટું ન હોઈ શકે." કાનૂની લડાઈના બે વર્ષ બાદ આખરે ૨૬ માર્ચના રોજ નોએલિયાએ અંતિમ શ્વાસ લીધા હતા. મીડિયા અહેવાલ મુજબ, નોએલિયાએ મરતા પહેલા કેટલીક ખાસ ઈચ્છાઓ વ્યક્ત કરી હતી. તે ઈચ્છતી હતી કે તેનું મૃત્યુ સુંદર હોય. તેણે સુંદર ડ્રેસ પહેર્યો હતો અને મેકઅપ પણ કર્યો હતો. પોતાની વિદાય વેળાએ તેણે બાળપણના ચાર ખુશીભર્યા ફોટોગ્રાફ્સ પોતાની સાથે રાખ્યા હતા. તેની માતા યોલાન્ડા રામોસે ભારે હૈયે દીકરીના આ નિર્ણયને ટેકો આપ્યો હતો, કારણ કે તે દીકરીને રોજ પલંગ પર રીબાતી જોઈ શકતી નહોતી.

# બાલેન શાહ સરકારનો મોટો ધડાકો કેપી ઓલીની અટકાયત

(એજન્સી) કાઠમંડુ I તા. 28

નેપાળના રાજકારણમાં અત્યાર સુધીનો સૌથી મોટો અને અભૂતપૂર્વ ઉલટફેર જોવા મળ્યો છે. નવી રચાયેલી બાલેન શાહ સરકારે સત્તાના સૂત્રો સંભાળતાની સાથે જ ભ્રષ્ટાચાર અને માનવ અધિકારોના ઉલ્લંઘન સામે આરપારની લડાઈ શરૂ કરી દીધી છે. વડાપ્રધાન બાલેન શાહના નેતૃત્વમાં મળેલી પ્રથમ કેબિનેટ બેઠકમાં લેવાયેલા કઠોર નિર્ણય બાદ, આજે વહેલી સવારે પૂર્વ વડાપ્રધાન કે.પી. શર્મા ઓલી અને પૂર્વ ગૃહમંત્રી રમેશ લેખકની સનસનાટીભરી ધરપકડ કરવામાં આવી છે. આ ધરપકડ પાછળ ગત સપ્ટેમ્બરમાં થયેલા 'Gen Z' આંદોલન દરમિયાન થયેલી હિંસાને મુખ્ય કારણ માનવામાં આવે છે. અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, તપાસ પંચના અહેવાલમાં નિઃશસ્ત્ર વિદ્યાર્થીઓ પર થયેલા ગોળીબાર માટે તત્કાલીન સરકારના વડા કે.પી. ઓલીને સીધા




જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા. બાલેન શાહ સરકારે આ અહેવાલને તાત્કાલિક અસરથી લાગુ કરી, દોષિતો સામે કાયદાકીય શિકંજો કસવાનો આદેશ આપતા જ સમગ્ર નેપાળના રાજકીય વર્તુળોમાં સોપો પડી ગયો છે. આજે ૨૮મી માર્ચની વહેલી સવારે સુરક્ષા દળોએ એક ગુપ્ત ઓપરેશન હાથ ધર્યું હતું. સૌ પ્રથમ પૂર્વ ગૃહમંત્રી રમેશ લેખકની અટકાયત કરવામાં આવી અને તેના ગણતરીના કલાકોમાં જ કે.પી. ઓલીની ધરપકડ કરી તેમને અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યા હતા.

## આઈજીઆઈ એરપોર્ટ એન્જિન ફેલ્યોર ઘટના | વિશાખાપટ્નમ દિલ્હી ફ્લાઈટ ૨૦૨૯ સુરક્ષિત

# દિલ્હી એરપોર્ટ પર ઈન્ડિગો વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ મોટી દુર્ઘટના ટળી

(એજન્સી) નવી દિલ્હી | તા.28

દેશની રાજધાની દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પર શનિવારે સવારે એક મોટી વિમાન દુર્ઘટના ટળી હતી. આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમથી દિલ્હી આવી રહેલી ઈન્ડિગોની એક ફ્લાઈટમાં હવામાં જ એન્જિન ફેલ જેવી ગંભીર ટેકનિકલ ખામી સર્જાતા વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હતું. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, વિમાનમાં ખામી સર્જાતા મુસાફરોના જીવ જોખમમાં મુકાયા હતા, પરંતુ પાઈલટની સમયસૂચકતા અને એરપોર્ટ ઓથોરિટીની તત્પરતાને કારણે વિમાન સુરક્ષિત રીતે જમીન પર ઉતારવામાં આવ્યું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજાના સમાચાર મળ્યા નથી. દિલ્હી ફાયર સર્વિસને સવારે ૧૦:૫૩ વાગ્યે ઈમરજન્સી લેન્ડિંગ અંગેનો કોલ મળ્યો હતો, ત્યારબાદ



તુરંત જ ફાયર ફાઈટરની અનેક ગાડીઓ રનવે પર તૈનાત કરી દેવામાં આવી હતી. એરપોર્ટ પર હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું અને તમામ કટોકટીની સેવાઓને એલર્ટ પર રાખવામાં આવી હતી. મીડિયા અહેવાલ મુજબ, ફાયર વિભાગે પુષ્ટિ કરી છે કે વિમાન રનવે પર સુરક્ષિત રીતે લેન્ડ થયું છે અને તમામ મુસાફરોને હેમખેમ બહાર કાઢવામાં આવ્યા છે. પોલીસ અને એરપોર્ટ સુરક્ષા દળોએ લેન્ડિંગ બાદ તુરંત જ વિમાનને ઘેરી લીધું હતું અને સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, વિમાન જ્યારે હવામાં હતું ત્યારે અચાનક એન્જિનમાં ખામી સર્જાઈ હોવાની જાણકારી પાઈલટને મળી હતી. એન્જિન ફેલ્યોર જેવી સ્થિતિને ગંભીર ગણીને એર ટ્રાફિક કંટ્રોલ (ATC) પાસે ઈમરજન્સી લેન્ડિંગની મંજૂરી માંગવામાં આવી હતી. વિમાનમાં સવાર મુસાફરોમાં થોડો સમય ગભરાટ ફેલાયો હતો, પરંતુ વિમાનના સુરક્ષિત ઉતરાણ બાદ તમામે રાહતનો શ્વાસ લીધો હતો. ઈન્ડિગો એરલાઈન્સ તરફથી આ ટેકનિકલ ખામીના ચોક્કસ કારણો અંગે હજુ સુધી વિગતવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

આ ઘટના બાદ ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા તપાસના આદેશ આપવામાં આવે તેવી શક્યતા છે. વિમાનના એન્જિનમાં કયા પ્રકારની ખામી સર્જાઈ હતી અને શું મેન્ટેનન્સમાં કોઈ ખામી હતી તે અંગે ઝીણવટભરી તપાસ કરવામાં આવશે. ઈમરજન્સી લેન્ડિંગના કારણે આઈજીઆઈ એરપોર્ટની અન્ય ફ્લાઈટ્સના શિડ્યુલમાં થોડો ફેરફાર થયો હતો, પરંતુ ટૂંક સમયમાં જ તમામ કામગીરી રાબેતા મુજબ શરૂ થઈ ગઈ હતી. એરપોર્ટ સત્તાવાળાઓએ સફળ લેન્ડિંગ માટે પાઈલટ અને ગ્રાઉન્ડ સ્ટાફની પ્રશંસા કરી છે.તાજેતરના સમયમાં વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાવવાની ઘટનાઓમાં વધારો થયો છે, જે મુસાફરોની સુરક્ષા પર સવાલો ઉભા કરે છે. વિશાખાપટ્ટનમ-દિલ્હી રૂટ પરની આ ઘટનાએ એરલાઈન્સના સેફ્ટી પ્રોટોકોલ અને વિમાનની જાળવણી પર ફરી એકવાર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અત્યારે એન્જિનિયરોની ટીમ વિમાનની તપાસ કરી રહી છે જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ટાળી શકાય. મુસાફરોને વૈકલ્પિક વ્યવસ્થા દ્વારા તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડવામાં આવ્યા હતા.

# રાષ્ટ્રીય હિતના મુદ્દે આપણે સૌ એક છીએ: પશ્ચિમ એશિયા સંકટ પર શશી થરૂર

કોચી: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ સંઘર્ષ અને તેની ભારત પર પડનારી સંભવિત અસરો વચ્ચે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ શશી થરૂરે રાષ્ટ્રીય એકતાનો મજબૂત સંદેશ આપ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નરો સાથે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ થરૂરે સ્પષ્ટ કર્યું હતું કે જ્યારે દેશના હિતની વાત આવે ત્યારે તમામ પક્ષો અને રાજ્યો એકજૂટ છે. કોચીમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના સહયોગ અને પરસ્પર સન્માન પર



આધારિત 'ફેડરલ મેકેનિઝમ' ના મહત્વ પર ભાર મૂક્યો હતો.થરૂરે જણાવ્યું હતું કે, "રાષ્ટ્રીય હિતના મુદ્દે આપણે સૌ એક છીએ. જો કેરળમાં યુડીએફ (UDF) ની સરકાર હોય, તો પણ અમે સંઘથી અલગ નથી. અમારે રાષ્ટ્રીય હિતનું ધ્યાન રાખવાનું જ હોય છે." તેમણે ઉમેર્યું કે કેરળ હંમેશા ભારતની તમામ પ્રવૃત્તિઓ સાથે ઊંડાણપૂર્વક જોડાયેલું રહ્યું છે. રાજ્ય સરકારની ફરજ છે કે તે રાષ્ટ્રીય જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કાર્ય કરે, કારણ કે વિદેશી નીતિ અને આયાત-નિકાસ જેવા મુદ્દાઓ રાષ્ટ્રીય નીતિનો ભાગ છે. ચૂંટણી સમયે રાજકીય મતભેદો હોઈ શકે, પરંતુ દેશના કલ્યાણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ સાથે મળીને કામ કરવું એ બંધારણીય ફરજ છે.શશી થરૂરે વડાપ્રધાન મોદી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી ટેલિફોનિક વાતચીતને આવકારી હતી. તેમણે કહ્યું કે, "વૈશ્વિક અસ્થિરતા અને અનિશ્ચિતતાના આ સમયમાં વિશ્વના શક્તિશાળી દેશોના નેતાઓ એકબીજા સાથે સંપર્કમાં રહે તે ભારત માટે સારી બાબત છે." આ ઉપરાંત, ભારતના વિદેશ મંત્રી અત્યારે ફ્રાન્સમાં જી-૭ (G7) દેશોના વિદેશ મંત્રીઓ સાથે જે ચર્ચાઓ કરી રહ્યા છે તેને પણ થરૂરે અત્યંત મહત્વપૂર્ણ ગણાવી હતી. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઉભી થયેલી કટોકટીમાં તમામ મુખ્ય દેશો સાથે સંપર્ક જાળવી રાખવો એ ભારતની વ્યૂહરચના માટે અનિવાર્ય છે.નોંધનીય છે કે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર ઈઝરાયેલ અને અમેરિકાના હુમલા બાદ પશ્ચિમ એશિયામાં યુદ્ધની જ્વાળાઓ ફેલાઈ છે, જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીનું મોત થયું હતું.

## News Brief

### પીએમ મોદીમાં નેતન્યાહુને સત્ય કહેવાની હિંમત નથી: જયરામ રમેશનો આકરો પ્રહાર

નવી દિલ્હી: કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સંચાર પ્રભારી જયરામ રમેશે શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પશ્ચિમ એશિયાના સંકટ મુદ્દે આકરા પ્રહારો કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે વડાપ્રધાન મોદી તેમના "પરમ મિત્ર" બેન્જામિન નેતન્યાહુ સામે ઈઝરાયેલની કાર્યવાહીઓ અંગે સત્ય બોલવાની હિંમત ધરાવતા નથી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં રમેશે દાવો કર્યો હતો કે વર્તમાન યુદ્ધ ઈઝરાયેલ માટે 'ગ્રેટર ઈઝરાયેલ' (બૃહદ ઈઝરાયેલ) ના વિઝનને આગળ વધારવા અને પેલેસ્ટાઈન રાજ્યની તમામ આશાઓને ખતમ કરવા માટેનું એક કવર પૂરું પાડી રહ્યું છે. ઈઝરાયેલની રણનીતિ અને વેસ્ટ બેંક પર કબજો જયરામ રમેશે જણાવ્યું કે છેલ્લા ચાર અઠવાડિયાથી વિશ્વનું ધ્યાન હોર્મુઝની સામુદ્રધુની અને ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર છે, ત્યારે ઈઝરાયેલે (i) ગાઝાના લોકો પર તેની ક્રૂરતા ચાલુ રાખી છે, (ii) દક્ષિણ લેબનોનમાં બફર ઝોન બનાવવાનું શરૂ કર્યું છે અને (iii) વેસ્ટ બેંકના જોડાણને મજબૂત વ્યવસાયમાં ફેરવવા માટે નિર્ણાયક પગલાં લીધાં છે. મીડિયા અહેવાલ મુજબ, ઈઝરાયેલી કેબિનેટે ૧૯૬૭ પછી પહેલીવાર કબજા હેઠળના વેસ્ટ બેંકના અડધા ભાગમાં જમીન નોંધણીને મંજૂરી આપી છે, જે લાખો પેલેસ્ટાઈનીઓને તેમની જમીન પરથી બેદખલ કરી શકે છે. વડાપ્રધાનની મુલાકાત અને ટાઈમિંગ પર સવાલ કોંગ્રેસ નેતાએ પીએમ મોદીની ઈઝરાયેલ મુલાકાતના સમય પર પણ સવાલ ઉઠાવ્યા હતા.

# નાણાકીય વર્ષ 2025-26 માં ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે:મુખ્ય સિદ્ધિઓ સાથે 100% વિદ્યુતીકરણ તરફ આગળ વધી રહ્યું છે

માલીગાંવ : નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) એ નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન રેલ્વે ટ્રેકના વિદ્યુતીકરણમાં નોંધપાત્ર સીમાચિહ્નો હાંસલ કર્યા છે, જે આ ક્ષેત્રમાં મજબૂત, ઉર્જા-કાર્યક્ષમ અને આધુનિક રેલ કામગીરી તરફ એક મોટી પ્રગતિ દર્શાવે છે. આ વિદ્યુતીકરણ અભિયાન ભારતીય રેલ્વેના વ્યાપક વિઝનનો એક ભાગ છે, જેનો ઉદ્દેશ્ય તેના સમગ્ર નેટવર્કમાં કાર્બન ઉત્સર્જનને 100% ઘટાડવા, કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરવા અને ટ્રેન હેન્ડલિંગ ક્ષમતા વધારવાનો છે.નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન, NFR એ તેના અધિકારક્ષેત્રમાં 1342.18 રૂટ કિલોમીટર (RKM) અને 1828.42 ટ્રેક કિલોમીટર (TKM) નું વિદ્યુતીકરણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું, જેમાં આસામ, પશ્ચિમ બંગાળ, બિહાર, ત્રિપુરા અને અરુણાચલ પ્રદેશ રાજ્યોના મહત્વપૂર્ણ વિભાગોને આવરી લેવામાં આવ્યા. આ વ્યાપક પ્રગતિએ ઉત્તરપૂર્વ અને તેની આસપાસના પ્રદેશોમાં રેલ કનેક્ટિવિટીને નોંધપાત્ર રીતે મજબૂત બનાવી છે, જ્યારે ઈલેક્ટ્રિક ટ્રેક્શને સીમલેસ



કામગીરી માટે માર્ગ મોકળો કર્યો છે.NFR ના તમામ વિભાગોમાં નોંધપાત્ર પ્રગતિ નોંધાઈ છે. તિનસુકિયા ડિવિઝન ટોચના પ્રદર્શનકાર તરીકે ઉભરી આવ્યું છે, જેણે 663.59 RKM અને 855.48 TKM નું વિદ્યુતીકરણ હાંસલ કર્યું છે. આ વર્ષ દરમિયાન પ્રાપ્ત કુલ વિદ્યુતીકરણના આશરે 50 ટકા હિસ્સો ધરાવે છે. તિનસુકિયા ડિવિઝનમાં વિદ્યુતીકરણ કરાયેલા મુખ્ય વિભાગોમાં મારિયાની-સિમાલુગુરી, સીમાલુગુરી-ડિબ્રુગઢ, દુલિયાજાન-ન્યૂ તિનસુકિયા અને ઉત્તર લખીમપુર-ધાલમગાંવ જેવા મહત્વપૂર્ણ માર્ગોનો સમાવેશ થાય છે - જે માર્ગો ઉપલા આસામ ક્ષેત્રમાં મુસાફરો અને માલવાહક બંને માટે મહત્વપૂર્ણ છે. 348.92 RKM અને 535.43 TKM, રંગિયા ડિવિઝન પ્રગતિની દ્રષ્ટિએ બીજા ક્રમે સૌથી વધુ પ્રદર્શનકાર તરીકે ઉભરી આવ્યું છે. તેમાં રંગાપરા-હરમુતી અને હરમુતી-નાહરલાગુન જેવા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ વિભાગોનો સમાવેશ થાય છે, જેનાથી અરુણાચલ પ્રદેશ સાથે જોડાણ મજબૂત બને છે.લુમડિંગ વિભાગે ૧૨૪.૭૦ RKM અને ૧૯૭.૩૮ TKM નું વીજળીકરણ પ્રાપ્ત કર્યું છે. આમાં ત્રિપુરામાં મહત્વપૂર્ણ અગરતલા-સાબરૂમ વિભાગનો સમાવેશ થાય છે, જે ઉત્તરપૂર્વીય ક્ષેત્રના દક્ષિણ ભાગમાં જોડાણ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.કટિહાર વિભાગે ૧૦૮.૬૨ RKM અને ૧૩૦.૮૩ TKM ના તેના વીજળીકરણ લક્ષ્યને સફળતાપૂર્વક પ્રાપ્ત કર્યું, જ્યારે અલીપુરદુઆર વિભાગે ૯૬.૩૬ RKM અને ૧૦૯.૩૦ TKM નું યોગદાન આપ્યું.

# નવી દિલ્હીમાં ૧૬મું ઈન્ડિયા પ્રોબાયોટિક સિમ્પોઝિયમ યોજાયું: ગટ હેલ્થ પર ભાર

નવી દિલ્હી: 'ગટ માઈક્રોબાયોટા એન્ડ પ્રોબાયોટિક સાયન્સ ફાઉન્ડેશન' દ્વારા નવી દિલ્હીમાં ૧૬મું ઈન્ડિયા પ્રોબાયોટિક સિમ્પોઝિયમ સફળતાપૂર્વક યોજાયું હતું. આ વર્ષે સિમ્પોઝિયમનો મુખ્ય વિષય "ગટ માઈક્રોબાયોમ એન્ડ પ્રોબાયોટિક્સ: ઈમ્પેક્ટ ફ્રોમ ક્રેડલ ટુ સેન્ટેનેરિયન્સ" (જન્મથી સો વર્ષની વય સુધી ગટ માઈક્રોબાયોમની અસર) રાખવામાં આવ્યો હતો. આ બે દિવસીય કાર્યક્રમમાં દેશભરના નિષ્ણાતો અને સંશોધકોએ પાચનતંત્રના સ્વાસ્થ્ય અને રોગપ્રતિકારક શક્તિમાં પ્રોબાયોટિક્સની ભૂમિકા અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

અસ્વસ્થ આહાર પદ્ધતિ સામે લાલબત્તી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત નીતિ આયોગના સભ્ય રાજીવ ગૌબાએ તેમના સંબોધનમાં ભારતીયોની બદલાતી જતી આહાર પદ્ધતિ સામે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારતમાં બીમારીઓનો અંદાજે ૫૬.૪ ટકા બોજ અસ્વસ્થ અથવા અસંતુલિત આહારને કારણે છે. શહેરીકરણ અને સોશિયલ મીડિયાના પ્રભાવ હેઠળ લોકો અલ્ટ્રા-પ્રોસેસ્ડ અને રિફાઈન્ડ ખોરાક તરફ વળ્યા છે, જે લાંબા ગાળે પાચનતંત્ર (Gut) ના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઉભું કરી શકે છે. તેમણે ચેતવણી આપી હતી કે જો સૂક્ષ્મ જીવો (Micro-organisms) ની અવગણના કરવામાં આવશે, તો તેની અસરો અત્યંત વ્યાપક (Macro) હશે. વિકસિત ભારત અને હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગૌબાએ હેલ્થ સેક્ટરને આર્થિક વૃદ્ધિ માટે સૌથી મહત્વનું ગણાવતા કહ્યું કે, 'વિકસિત ભારત' નું સપનું ત્યારે જ સાકાર થશે જ્યારે દેશનું માનવબળ સ્વસ્થ હશે. સરકારની આયુષ્માન ભારત, પીએમ-જય (PM-JAY) અને જનઔષધિ જેવી યોજનાઓએ પ્રાથમિક આરોગ્ય સેવાઓને મજબૂત કરી છે. ડેટા અનુસાર, લોકોનો આરોગ્ય પાછળનો ખર્ચ (Out-of-pocket expenditure) ૬૨.૬ ટકાથી ઘટીને ૩૯.૪ ટકા થયો છે, જેનાથી સામાન્ય પરિવારોને કરોડો રૂપિયાની બચત થઈ છે. જોકે, હજુ પણ નિષ્ણાત ડોક્ટરોની અછત અને સેવાઓની ગુણવત્તા જેવા પડકારો યથાવત છે.

# યુજીસીએ અલવરની આ સંસ્થાને 'નકલી' જાહેર કરી

(એજન્સી) અલવર | તા.28

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) એ રાજસ્થાનના અલવર જિલ્લાના ભીવાડી ખાતે આવેલી 'રાજીવ ગાંધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ' ને નકલી સંસ્થા તરીકે જાહેર કરી છે. યુજીસીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે આ સંસ્થા પાસે કોઈપણ ગ્રેજ્યુએટ (UG) કે પોસ્ટ ગ્રેજ્યુએટ (PG) ડિગ્રી આપવાની સત્તા નથી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર યુજીસીએ એક જાહેર નોટિસ દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને જનતાને આ સંસ્થામાં પ્રવેશ ન લેવા અપીલ કરી છે. આ સંસ્થા દ્વારા આપવામાં આવતી કોઈપણ ડિગ્રી ઉચ્ચ શિક્ષણ કે સરકારી નોકરી માટે માન્ય ગણાશે નહીં.યુજીસી દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર પત્ર મુજબ, એવું ધ્યાનમાં આવ્યું છે કે માનસા ચોક, ભીવાડી સ્થિત આ સંસ્થા યુજીસી એક્ટ, ૧૯૫૬ના નિયમોનું ઉલ્લંઘન કરીને ડિગ્રીઓ એનાયત કરી રહી છે. આ સંસ્થા યુજીસી એક્ટની કલમ 2(f) અથવા કલમ 3 હેઠળ માન્યતા પ્રાપ્ત નથી. મીડિયા અહેવાલ મુજબ, યુજીસીએ આ સંસ્થાનું નામ તેની 'નકલી યુનિવર્સિટીઓની યાદી' (List of Fake



Universities) માં સામેલ કર્યું છે. અત્યાર સુધી આ સંસ્થા દ્વારા આપવામાં આવેલી તમામ ડિગ્રીઓ કાયદેસર રીતે અમાન્ય ઠેરવવામાં આવી છે. યુજીસીએ તેની નોટિસમાં ભારપૂર્વક જણાવ્યું છે કે આવી 'સેલ્ફ-સ્ટાઈલ્ડ' એટલે કે પોતાની મેળે ઉભી થયેલી સંસ્થાઓમાં પ્રવેશ લેવાથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાઈ શકે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, ઘણા વિદ્યાર્થીઓ અને વાલીઓ માન્યતાની તપાસ કર્યા વગર પ્રવેશ લેતા હોય છે, જે બાદમાં રોજગારીના સમયે મોટી મુશ્કેલી ઊભી કરે છે. યુજીસીએ સલાહ આપી છે કે પ્રવેશ લેતા પહેલા હંમેશા સંસ્થાની માન્યતા અને યુજીસીની સત્તાવાર વેબસાઈટ પર તેની સ્થિતિ તપાસવી અનિવાર્ય છે.૧૯૫૬માં સંસદના કાયદા દ્વારા સ્થાપિત યુજીસી, ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળની એક વૈધાનિક સંસ્થા છે. તેનું મુખ્ય કાર્ય યુનિવર્સિટી શિક્ષણને પ્રોત્સાહન આપવું, સંકલન કરવું અને શિક્ષણ, પરીક્ષા તેમજ સંશોધનના ધોરણો જાળવવાનું છે.

# વડાપ્રધાનની 'ટીમ ઈન્ડિયા'ની વ્યૂહરચના પાખંડ છે: સંજય રાઉતનો આકરો પ્રહાર

મુંબઈ: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને તેના કારણે ઉભી થયેલી આર્થિક અસ્થિરતા વચ્ચે દેશમાં રાજકીય ઘર્ષણ પણ તેજ બન્યું છે. શિવસેના (UBT) ના સાંસદ સંજય રાઉતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'ટીમ ઈન્ડિયા' વ્યૂહરચનાને 'પાખંડ' ગણાવીને આકરા પ્રહારો કર્યા છે. વડાપ્રધાને મુખ્યમંત્રીઓ સાથેની બેઠકમાં 'ટીમ ઈન્ડિયા' તરીકે સાથે મળીને સંકટનો સામનો કરવાની વાત કરી હતી, જેના જવાબમાં રાઉતે મુંબઈમાં પત્રકાર પરિષદ યોજીને કેન્દ્ર સરકારના વલણ સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે માંગ કરી હતી કે પશ્ચિમ એશિયા સંઘર્ષની



ભારત પર થતી અસરો અંગે સંસદમાં વિસ્તૃત ચર્ચા થવી જોઈએ. સંજય રાઉતે પત્રકારોને સંબોધતા કહ્યું કે, "ટીમ ઈન્ડિયા કોણ છે? તે એક રાષ્ટ્રીય વિચાર છે, પરંતુ શું વડાપ્રધાન ખરેખર રાષ્ટ્રનો વિચાર કરે છે? રક્ષામંત્રી રાજનાથ સિંહ દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં વડાપ્રધાન પોતે ગેરહાજર રહ્યા હતા." રાઉતે ઉમેર્યું કે જ્યારે દેશ સંકટમાં હોય ત્યારે વિરોધ પક્ષોએ સરકારને ટેકો આપવાની ખાતરી આપી છે, પરંતુ કેન્દ્ર સરકાર માત્ર 'ટીમ ઈન્ડિયા'ના નામે દંભ કરી રહી છે. તેમણે આક્ષેપ કર્યો કે વડાપ્રધાને સંસદમાં વિપક્ષના પ્રશ્નોના જવાબ આપવા જોઈએ, જે અત્યાર સુધી બન્યું નથી. મહારાષ્ટ્રના રાજકારણનો ઉલ્લેખ કરતા રાઉતે મહાયુતિ સરકારને 'ટીમ મહારાષ્ટ્ર' બનાવવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું કે જો સરકાર ખરેખર ગંભીર હોય તો સૌથી પહેલા વિરોધ પક્ષના નેતા (LoP) ની વિધિવત પસંદગી કરવી જોઈએ. મુખ્યમંત્રીએ આ પ્રક્રિયા શરૂ કરવી જોઈએ જેથી પશ્ચિમ એશિયા સંકટની મહારાષ્ટ્ર પર થનારી અસરો અંગે વિપક્ષ સાથે મળીને કામ કરી શકાય. રાઉતે ભારપૂર્વક જણાવ્યું કે સાચી 'ટીમ મહારાષ્ટ્ર' એ જ કહેવાય જેમાં મુખ્ય વિરોધ પક્ષનો પણ સમાવેશ થાય.સંજય રાઉતે આધ્યાત્મિક માર્ગદર્શનના નામે જાતીય સતામણીના આરોપી કેપ્ટન અશોક ખરાત સાથે જોડાયેલા કેસમાં ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે દાવો કર્યો કે શિવસેના ધારાસભ્ય દીપક કેસરકર અને એનસીપી નેતા રૂપાલી ચાકણકર ઉપરાંત અન્ય ૪૦ ધારાસભ્યો પણ ખરાત સાથે જોડાયેલા હતા. રાઉતે મુખ્યમંત્રીને પડકાર ફેંક્યો હતો કે તેઓ એ ૪૦ ધારાસભ્યોના નામ જાહેર કરે. તેમણે ખરાતને મળતી હવાઈ મુસાફરીની સુવિધાઓ અને તેની દિલ્હી મુલાકાતના હેતુ અંગે પણ તપાસની માંગ કરી છે.

# દિલ્હી પોલીસનો સપાટો: મોબાઈલ સ્નેચિંગ અને ચોરીના વાહનો સાથે રીસીવર ઝડપાયા

નવી દિલ્હી: દિલ્હીના સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ પોલીસ તંત્રે હૌઝ કાઝી વિસ્તારમાં બનેલી મોબાઈલ સ્નેચિંગની ઘટનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે આ કેસમાં બે સ્નેચર્સ (ઝૂંટવનારા) અને ચોરીનો માલ ખરીદનાર એક રીસીવરની ધરપકડ કરી છે. આ ઘટના ૫ ફેબ્રુઆરીના રોજ બલ્લીમારન સ્થિત ગલી કાસિમ જાનમાં બની હતી, જ્યાં મિર્ઝા ગાલિબની હવેલી પાસે બેઠેલા એક યુવકનો મોબાઈલ સ્કૂટી પર આવેલા ત્રણ બદમાશો ઝૂંટવીને ફરાર થઈ ગયા હતા.ટેકનિકલ તપાસ અને ધરપકડની વિગત ફરિયાદ નોંધાયા બાદ પોલીસે ટેકનિકલ અને મેન્યુઅલ ઈનપુટ્સના આધારે તપાસ શરૂ કરી હતી. સૌથી પહેલા મૌજપુરના રહેવાસી અરમાનની અટકાયત કરવામાં આવી હતી, જેની પાસેથી ચોરાયેલો મોબાઈલ મળી આવ્યો હતો. પૂછપરછ દરમિયાન અરમાને ખુલાસો કર્યો કે તેણે આ ફોન સુહેલ નામના વ્યક્તિ પાસેથી ખરીદ્યો હતો. પોલીસે તુરંત સુહેલની ધરપકડ કરી, જેણે કબૂલાત કરી હતી કે તેણે તેના સાથી કૈફ સાથે મળીને આ ગુનો આચર્યો હતો. બાદમાં ગૌતમપુરી વિસ્તારમાંથી કૈફની પણ ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓએ ચોરીનો ફોન ૪,૦૦૦ રૂપિયામાં વેચી દીધો હતો.શાહદરામાં વાહન ચોર ગેંગનો પર્દાફાશ અન્ય એક ઓપરેશનમાં, શાહદરા ડિસ્ટ્રિક્ટ પોલીસના સ્પેશિયલ સ્ટાફને વાહન ચોરોને પકડવામાં મોટી સફળતા મળી છે. મંગળવારે પેટ્રોલિંગ દરમિયાન કડકડૂમા કોર્ટ પાસે શંકાસ્પદ મોટરસાયકલ સવાર નવેદને અટકાવવામાં આવ્યો હતો. તેની મોટરસાયકલ પર હાઈ-સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (HSRP) ન હોવાને કારણે શંકા મજબૂત થઈ હતી.

## પુષ્કર સિંહ ધામી રમતગમત પ્રોત્સાહન અભિયાન

# ઉત્તરાખંડમાં રમતગમતની ક્રાંતિ: ૧૦૨ મિની સ્ટેડિયમ અને ૧૫૭ રમત મેદાનો તૈયાર

દેહરાદૂન: ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ રાજ્યના યુવાનોના કૌશલ્યને નિખારવા અને તેમને આધુનિક સુવિધાઓ પૂરી પાડવા માટે રમતગમત ક્ષેત્રે એક વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પુશની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વિગતો આપતા જણાવ્યું કે, રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૦૨ મિની સ્ટેડિયમ, ૧૫૭ રમતગમતના મેદાનો અને ૭ મલ્ટિપર્પઝ હોલનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. આ પહેલ માત્ર પાયાની સુવિધાઓનું વિસ્તરણ નથી, પરંતુ રાજ્યના અંતરિયાળ ગામડાઓ સુધી રમતગમતની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો એક મજબૂત પ્રયાસ છે.પીએમ મોદી સાથે મુલાકાત અને વિકાસલક્ષી ચર્ચા સીએમ ધામીએ શુક્રવારે નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સૌજન્ય મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી કાર્યાલય (CMO) ના જણાવ્યા અનુસાર, ધામીએ ઉત્તરાખંડના વિકાસ માટે કેન્દ્ર સરકારના સતત સહયોગ બદલ આભાર માન્યો હતો. ખાસ કરીને 'હરિદ્વાર કુંભ-૨૦૨૭' માટે મંજૂર કરાયેલી ૫૦૦ કરોડ રૂપિયાની સહાય અને 'રિવર-લિંકિંગ' પ્રોજેક્ટના અભ્યાસ માટે વડાપ્રધાનનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, રાજાજી નેશનલ પાર્કમાં 'ચૌરાસી કુટિયા' ના વિકાસ માટે ૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણી અને પિથોરાગઢમાં નૈની-સૈની એરસ્ટ્રીપ માટેના કરારને રાજ્યના પ્રવાસન માટે ગેમ-ચેન્જર ગણાવ્યા છે.

## વિરાસત સંરક્ષણ માટે કડક કાયદાની જરૂર

# તમિલનાડુ સરકાર મૂર્તિઓ પરત લાવવામાં નિષ્ફળ: પૂર્વ આઈજી પોન માણિકવેલનો પ્રહાર

તંજાવુર: તમિલનાડુના આઈડોલ વિંગના પૂર્વ ઈન્સ્પેક્ટર જનરલ (IG) પોન માણિકવેલે શનિવારે તમિલનાડુ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે તંજાવુર જિલ્લાના તિરુવૈયારુ નજીક આવેલા ૧,૧૦૦ વર્ષ જૂના ઐતિહાસિક 'તિરુપઝનમ આપતસહાયેશ્વરર મંદિર' માંથી ૫૦ વર્ષ પહેલાં ચોરાયેલી પ્રાચીન પંચલોહ મૂર્તિઓને પરત લાવવામાં સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. માણિકવેલના જણાવ્યા અનુસાર, આ પવિત્ર મૂર્તિઓ દાયકાઓ પહેલાં દેશની બહાર સ્મગલિંગ કરીને મોકલી દેવામાં આવી હતી, જેનો ઉપયોગ દૈનિક પૂજા માટે થતો હતો.ન્યૂયોર્ક અને લંડનમાં મળી આવી ચોરાયેલી મૂર્તિઓ પોન માણિકવેલે દાવો કર્યો છે કે આ મંદિરમાંથી ચોરાયેલી માતા પાર્વતીની મૂર્તિ અત્યારે અમેરિકાના ન્યૂયોર્ક સ્થિત સુથબી (Sotheby's) ઓક્શન હાઉસમાં ૮ કરોડ રૂપિયાની કિંમતે હરાજી માટે પ્રદર્શિત કરવામાં આવી છે. તેમણે આ હરાજીને ગેરકાયદેસર ગણાવીને તુરંત તેને રોકવા અને મૂર્તિને ભારત પરત લાવવાની પ્રક્રિયા શરૂ કરવા સત્તાવાળાઓને વિનંતી કરી છે. એ જ રીતે, આ જ મંદિરની નટરાજની મૂર્તિ યુનાઈટેડ કિંગડમના લંડન સ્થિત 'વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમ' માં હોવાનો દાવો પણ તેમણે કર્યો છે. પોલીસ ફરિયાદ અને સુપ્રીમ કોર્ટમાં કાનૂની લડાઈ મીડિયા અહેવાલ મુજબ, પોન માણિકવેલે આ ગંભીર મુદ્દે અગાઉ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી અને હવે તિરુવૈયારુ પોલીસ સ્ટેશનમાં પણ નવી ફરિયાદ નોંધાવી છે.

પશ્ચિમ રેલવે
ભાવનગર મંડળ

SCADA ટ્રેનિંગ મોડ્યુલ કમ ફોલ્ટ સિમ્યુલેટર ની વ્યવસ્થા

પશ્ચિમ રેલવે, ભાવનગર પરા ના ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) ભારતના રાષ્ટ્રપતિના વતી નીચે મુજબના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નં.: 19-TRDBVP-2025-26 કાર્યનું નામ:** ભાવનગર રિમોટ કંટ્રોલ સેન્ટર – SCADA ટ્રેનિંગ મોડ્યુલ કમ ફોલ્ટ સિમ્યુલેટર ની વ્યવસ્થા **ટેન્ડર રકમ:** ₹25,90,000/- **ટેન્ડર ફી:** NIL (શૂન્ય) **ઈએમડી રકમ:** ₹51,800/- **સરનામું:** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી,ડીઆરએમ ઓફિસ,ભાવનગર પરા – 364003 બિડરોને ફક્ત ઓનલાઈન અરજી **www.ireps.gov.in** લિંક દ્વારા જ કરવી રહેશે.વધુ માહિતી માટે **www.ireps.gov.in** વેબસાઈટની મુલાકાત લો.ઉપરોક્ત ટેન્ડર માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ 20.04.2026 ના રોજ 15:00 કલાક સુધી રહેશે.

BVP 317

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## કૃષિ ઉત્પાદન | ખાતરની અછત અને મોંઘવારી વધવાની આશંકા

# ખાતર હવે સોના-ચાંદી જેવું કિંમતી બન્યું ખેડૂતોમાં ભારે ચિંતા

(એજન્સી) ભોપાલ | તા.28

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ યુદ્ધની ઝપેટમાં હવે ભારતનું કૃષિ ક્ષેત્ર પણ આવી ગયું છે. મધ્યપ્રદેશના ભોપાલ સહિતના વિસ્તારોમાં ખેડૂતોએ ખાતરની ભારે અછત અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ખેડૂતોનું કહેવું છે કે વર્તમાન પરિસ્થિતિમાં ખાતર મેળવવું સોના કે ચાંદી ખરીદવા જેટલું મુશ્કેલ અને કિંમતી બની ગયું છે. જો આ સંઘર્ષ લાંબો ચાલશે તો આગામી ખરીફ સીઝનમાં ડાંગર જેવા મહત્વના પાકોના વાવેતર પર માઠી અસર પડી શકે છે, જેનાથી દેશમાં ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં તોતિંગ વધારો થવાની ભીતિ સેવાઈ રહી છે.નિષ્ણાતોના મતે, આંતરરાષ્ટ્રીય બજારમાં ખાતરના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. યુરિયાના ભાવ જે અગાઉ ૪૫૦ ડોલર પ્રતિ મેટ્રિક ટન હતા, તે હવે વધીને ૬૦૦ ડોલર સુધી પહોંચી ગયા છે. તેવી જ રીતે ડીએપી (DAP) ના ભાવમાં પણ ૨૫ ડોલરનો વધારો નોંધાયો છે. મીડિયા અહેવાલ મુજબ, ભારત પોતાની જરૂરિયાતનું મોટાભાગનું ખાતર અને તેના માટેનો કાચો માલ ઓમાન, સાઉદી અરેબિયા અને રશિયા જેવા દેશોમાંથી આયાત કરે છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલી અવરોધક સ્થિતિને કારણે ખાતર ભરેલા અનેક જહાજો દરિયામાં અટવાયા છે, કારણ કે સરકાર અત્યારે એલપીજી (LPG) ટેન્કરોને પ્રાથમિકતા આપી રહી છે.

ભોપાલના ખેડૂત કપિલ પાટીદારે જણાવ્યું કે, "ગઈ રવિ સીઝનમાં ડીએપી ન મળવાને કારણે અમારે મોંઘા ભાવે કાળાબજારમાં એનપીકે (NPK) ખરીદવું પડ્યું હતું. જો સરકાર પાસે પૂરતો સ્ટોક નહીં હોય, તો આગામી સમયમાં ખેતી કરવી અશક્ય બની જશે." અન્ય એક ખેડૂત ચતુર નારાયણ પાટીદારે આશંકા વ્યક્ત કરી છે કે જો વિદેશથી પુરવઠો બંધ થઈ જશે, તો સ્થાનિક બજારમાં ખાતરના ભાવ મનસ્વી રીતે વસૂલવામાં આવશે, જે નાના ખેડૂતોને પાયમાલ કરી શકે છે. ખેડૂતોએ સરકારને વિનંતી કરી છે કે અગાઉની સરળ વિતરણ વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવામાં આવે.

ક્રિસિલ રેટિંગ્સના તાજેતરના અહેવાલ મુજબ, પશ્ચિમ એશિયામાં સપ્લાય ચેઈન ખોરવાવાને કારણે ભારતના સ્થાનિક ખાતર ઉત્પાદનમાં ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો થઈ શકે છે. જોકે ભારતમાં અનેક ખાતરના પ્લાન્ટ કાર્યરત છે, પરંતુ તેના માટે જરૂરી કાચો માલ બહેરીન, કુવૈત અને યુએઈ જેવા અખાતી દેશોમાંથી આવે છે. આયાત મોંઘી થવાને કારણે સરકારના સબસિડી બિલમાં પણ ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થવાની શક્યતા છે, જે દેશની તિજોરી પર વધારાનો બોજ નાખશે.

સંઘર્ષ ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર ઈઝરાયેલ-અમેરિકાના હુમલા બાદ શરૂ થયો હતો, જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીનું મોત થયું હતું. ત્યારથી સમગ્ર પ્રદેશમાં અસ્થિરતા છે. ભારત માટે આ સ્થિતિ બેવડી તલવાર સમાન છે, કારણ કે એક તરફ તેલ મોંઘું થઈ રહ્યું છે અને બીજી તરફ ખાતરની અછત ઉભી થઈ રહી છે. નિષ્ણાત યોગેશ દ્વિવેદીએ જણાવ્યું કે ફેબ્રુઆરીમાં સરકારે થોડો સ્ટોક કર્યો હતો, પરંતુ લાંબા ગાળા માટે નવી વ્યવસ્થા કરવી અનિવાર્ય છે. જો પુરવઠો નિયમિત નહીં થાય તો દેશની ખાદ્ય સુરક્ષા સામે મોટો પ્રશ્ન ઊભો થઈ શકે છે.

## GIDCમાં ફિલ્મી ઢબે અપહરણ: યુવકને બેફામ માર માર્યો

ગાંધીનગર | ગુજરાતની રાજધાની ગાંધીનગરના સેક્ટર-25 GIDC વિસ્તારમાં અપહરણ અને મારામારીની એક સનસનીખેજ ઘટના સામે આવી છે. 'મેક્સિમસ હોલીડે પ્રાઈવેટ લિમિટેડ' કંપની સાથે જોડાયેલા હિસાબી બાબતોના મનદુખને કારણે એક યુવકનું જાહેરમાં અપહરણ કરી તેને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા ચકચાર મચી ગઈ છે. ગાંધીનગર પોલીસે આ મામલે મહિલા સહિત કુલ ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## અમરાઈવાડીમાં 3 મહિનાની બાળકીના મોતથી ખળભળાટ

અમદાવાદ | અમદાવાદના અમરાઈવાડી વિસ્તારની સિદ્ધેશ્વરી નગર સોસાયટીમાં 3 માસની માસૂમ બાળકીના મોતની ઘટનાએ ભારે ચકચાર જગાવી છે. 27 માર્ચના રોજ પાણીની ટાંકીમાં પડી ગયેલી બાળકીને બચાવવાને બદલે, તેની માતા મોનિકા મકવાણાએ સાસુ-સસરા અને પતિના ડરથી ટાંકીનું ઢાંકણું બંધ કરી દીધું હતું. ત્યારબાદ દીકરી ગુમ થઈ હોવાનું કહી શોધખોળનું નાટક કર્યું હતું. પોલીસની સઘન પૂછપરછમાં સત્ય બહાર આવ્યું કે પારિવારિક કલેશ અને ગભરામણને કારણે તેણે આ પગલું ભર્યું હતું.



# વડોદરા સ્ટેશન પર 'એરપોર્ટ જેવો અનુભવ', ગુજરાતના પ્રથમ ડિજિટલ લાઉન્જનું માનનીય સાંસદ ડૉ. હેમાંગ જોશી દ્વારા ઉદ્ઘાટન










(એજન્સી) વડોદરા । તા. 28

મુસાફરોની સુવિધાઓને મજબૂત બનાવવાના દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ તરીકે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા વડોદરા રેલવે સ્ટેશન પર ડિજિટલ લાઉન્જ / કો-વર્કિંગ સ્પેસ વિકસાવવામાં આવ્યો છે, જેનું આજે વડોદરાના માનનીય સાંસદ ડૉ. હેમંગ જોશી તથા માનનીય વિધાનસભ્ય કેયુર રોકડિયા દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ સુવિધા ગુજરાતમાં પોતાની જાતની પ્રથમ તથા ભારતીય રેલવેમાં મુંબઈ સેન્ટ્રલ પછી બીજી છે, જે વડોદરા સ્ટેશનને આધુનિક મુસાફર સુવિધાઓના નવા સ્તર પર લઈ જાય છે. આ અવસર પર માનનીય સાંસદ ડૉ. હેમંગ જોશીએ જણાવ્યું કે વડોદરા રેલવે સ્ટેશન પર અમે જોયું કે 'વિકસિત વડોદરા થી વિકસિત ભારત' કેવી રીતે બની શકે. જ્યાં આજે ડિજિટલ લાઉન્જનું ઉદ્ઘાટન થયું છે, જેમ એરપોર્ટના અંદર VVIP લાઉન્જ હોય છે, તેવી જ સુવિધા હવે વડોદરા રેલવે સ્ટેશન પર ઉપલબ્ધ છે. મુસાફરોને મુસાફરી દરમિયાન મીટિંગમાં જોડાવું હોય, ચા-નાસ્તો કરવો હોય અથવા થોડો આરામ કરવો હોય તો આ બધી સુવિધાઓ એક જ સ્થળે ઉપલબ્ધ છે. તેમજ ખૂબ જ ન્યૂનતમ ખર્ચે શાવર અને વોશરૂમ જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આજે વડોદરા રેલવે સ્ટેશનને એક નવું કદમ મળ્યું છે. નોંધનીય છે કે સમગ્ર ભારતમાં બીજી અને ગુજરાતમાં પ્રથમ એવી આ સુવિધા વડોદરા સ્ટેશન પર શરૂ થઈ છે. માનનીય વિધાનસભ્ય કેયુર રોકડિયાએ જણાવ્યું કે ખરેખર હવે વડોદરા રેલવે સ્ટેશન પર એરપોર્ટ જેવી સુવિધાઓ મળશે. બુલેટ ટ્રેન પણ વડોદરા નજીક આવવાની છે, તેની સ્ટેશન સાથે કનેક્ટિવિટી, નવા ફીચર્સ ઉમેરવા તથા કાર્ગો માટે અલગ ડેક બનાવવાની યોજનાઓ ભવિષ્યમાં અમલમાં મુકવામાં આવશે.આ પ્રસંગે વડોદરા મંડળના મંડલ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે આ પ્રસંગે જણાવ્યું કે માનનીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે વડોદરા સ્ટેશનને વર્લ્ડ ક્લાસ બનાવવા માટે સતત માર્ગદર્શન આપ્યું છે. આ દિશામાં સ્ટેશન પર સ્વચ્છતા જાળવવા માટે પ્રયત્નો થઈ રહ્યા છે અને તેને પશ્ચિમ રેલવેનું સૌથી સ્વચ્છ સ્ટેશન બનાવવા પ્રયત્નશીલ છે. રેલવે બોર્ડના અધ્યક્ષ તથા મુખ્ય કાર્યકારી અધિકારીના માર્ગદર્શન હેઠળ વડોદરા સ્ટેશનને એરપોર્ટ સમાન વિકસાવવા તથા 'ઉત્તમ સ્વચ્છ સ્ટેશન' અભિયાનને આગળ વધારવા માટે આ ડિજિટલ લાઉન્જ વિકસાવવામાં આવ્યો છે. વડોદરાના વટવૃક્ષ થીમ પર આધારિત આ લાઉન્જ આધુનિક સુવિધાઓથી સજ્જ છે અને મુસાફરોને ઉત્તમ સેવા આપવાની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનાવશે. તેમણે વધુમાં જણાવ્યું કે વડોદરા એક પ્રમુખ કોમર્શિયલ, ઈન્ડસ્ટ્રીયલ અને બિઝનેસ હબ છે તેમજ એકતાનગર અને ધાર્મિક સ્થળોને કારણે અહીં મોટી સંખ્યામાં લોકો આવે છે. તેમના માટે આ સુવિધા ખૂબ જ મહત્વપૂર્ણ છે. આગામી 18 મહિનામાં 4 નવા ફૂટ ઓવર બ્રિજ બનાવવામાં આવશે અને દિવ્યાંગજનો માટેની સુવિધાઓમાં પણ સુધારો કરવામાં આવશે. હાઈ-સ્પીડ ટ્રેન માટેની કનેક્ટિવિટીનું આયોજન પણ તૈયાર છે. વડોદરાના નાગરિકોને વધુ સારી રેલ સુવિધા આપવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. મંડળના વરિષ્ઠ વાણિજ્ય પ્રબંધક શ્રી નરેન્દ્ર કુમારે જણાવ્યું કે ડિજિટલ લાઉન્જને આધુનિક મુસાફરીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવ્યો છે. તેમાં હાઈ-સ્પીડ Wi-Fi, વર્કસ્ટેશન, ચાર્જિંગ પોઈન્ટ, આરામદાયક બેઠકો અને કોન્ફરન્સ સુવિધાઓ ઉપલબ્ધ છે, જેથી મુસાફરો પોતાના પ્રતીક્ષા સમયનો સદુપયોગ કરી શકે. ઉપરાંત પ્રિન્ટિંગ, સ્કેનિંગ, ફોટોકોપી સેવાઓ, ચા-નાસ્તો, કોફી અને પીણાંની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. મુસાફરો માટે પ્રતિ કલાક ઉપયોગ, ટૂંકી અવધિની બેઠક અને લાઉન્જ પેકેજ જેવી લચીલી યોજનાઓ પણ ઉપલબ્ધ રહેશે. મીટિંગ રૂમ બુકિંગ, બંડલ સેવાઓ અને પે-પર-યૂઝ સુવિધાઓ પણ આપવામાં આવશે. વધુ આરામ માટે લાઉન્જમાં રિકલાઈનર બેઠકો પણ ઉપલબ્ધ છે. આ ડિજિટલ લાઉન્જ 24x7 ચાલુ રહેશે અને તેમાં રિયલ-ટાઈમ ટ્રેન માહિતી, CCTV દેખરેખ, નિયંત્રિત પ્રવેશ, આધુનિક શૌચાલય તથા કેશલેસ પેમેન્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. સાથે સાથે સ્વચ્છતા, સુરક્ષા અને મુસાફરોની સુવિધા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.આ પહેલ વડોદરા રેલવે સ્ટેશનને વધુ આરામદાયક, આધુનિક અને કાર્યક્ષમ મુસાફરીનો અનુભવ આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે અને પશ્ચિમ રેલવેની મુસાફર-કેન્દ્રિત સેવાઓને નવી ઊંચાઈએ પહોંચાડશે.

## અમદાવાદના ધરજી ગામે ટોળાએ પોલીસ પર હુમલો કર્યો, 100થી વધુના ટોળા સામે ગુનો, 15ની ધરપકડ

(એજન્સી) અમદાવાદ । તા. 28

અમદાવાદ ગ્રામ્યના નળ સરોવર પોલીસ મથકની હદમાં આવતા ધરજી ગામે કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી ઘટના સામે આવી છે. ધરજી ગામમાં દારૂના વેચાણ અંગેની બાતમીના આધારે દરોડા પાડવા ગયેલી પોલીસ ટીમ પર ટોળાએ હિંસક હુમલો કર્યો છે. આ ઘટનાને પગલે ગ્રામ્ય પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. પોલીસ પર થયેલા આ હિંસક હુમલા બાદ વધારાનો પોલીસ કાફલો ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યો હતો. નળ સરોવર પોલીસે આ મામલે કડક વલણ અપનાવતા હુમલામાં સામેલ 100થી વધુ લોકો સામે રાયોટિંગનો ગુનો દાખલ કર્યો છે. ઘટના બાદ હુમલાખોરો ગામ છોડીને ફરાર થઈ ગયા હતા. જોકે, પોલીસે મુખ્ય આરોપી સહિતના આરોપીઓની ધરપકડ કરી છે. મળતી માહિતી અનુસાર, નળ સરોવર પોલીસને બાતમી મળી હતી કે ધરજી ગામે મોટા પાયે દારૂનું વેચાણ થઈ રહ્યું છે. આ બાતમીના આધારે જ્યારે પોલીસ કાફલો દરોડો પાડવા પહોંચ્યો, ત્યારે અચાનક ગામમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ કર્મચારીઓ સાથે બોલાચાલી શરૂ કરી હતી. મામલો એટલો બિચક્યો હતો કે 100થી વધુ લોકોના ટોળાએ પોલીસ પર હુમલો કરી દીધો હતો. ટોળાએ પોલીસ કર્મચારીઓને નીચે પાડી દીધા હતા અને તેમને રસ્તા પર દોડાવી-દોડાવીને માર મારતા ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. નળ સરોવર નજીકના ધરેજી ગામમાં પોલીસ ટીમ પર થયેલા હુમલાની ઘટનામાં તાજેતરના અહેવાલો મુજબ ધરપકડનો દોર તેજ કરવામાં આવ્યો છે.

## ખેડબ્રહ્મા - વડાલી રેલખંડ પર ટેસ્ટ ટિકિટ જારી,નવી રેલ સેવા શરૂ કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું

(એજન્સી) અમદાવાદ । તા. 28

અમદાવાદ મંડળ, પશ્ચિમ રેલવે દ્વારા જાણ કરવામાં આવે છે કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તા. 31 માર્ચ, 2026ના રોજ ગુજરાત રાજ્યમાં 891 કરોડના ખર્ચે વિવિધ મહત્વપૂર્ણ રેલવે પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પણ કરશે. આ પ્રોજેક્ટ્સ અંતર્ગત ખેડબ્રહ્મા - હિંમતનગર - અમદાવાદ (અસારવા) વચ્ચે નવી ટ્રેન સેવાનો શુભારંભ તેમજ ખેડબ્રહ્મા - હિંમતનગર રેલખંડનું રાષ્ટ્રને સમર્પણ સામેલ છે. આ જ ક્રમમાં, આજે તા. 28 માર્ચ, 2026ના રોજ ખેડબ્રહ્માથી વડાલી સુધીનું સફળતાપૂર્વક 10ના મૂલ્યની ટેસ્ટ ટિકિટ જારી કરીને પરિચાલનની પરીક્ષણ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી, જે આ નવી રેલ સેવાના શુભારંભની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. આ પરીક્ષણ યાત્રીઓ માટે ટિકિટિંગ વ્યવસ્થા, પરિચાલન પ્રણાલી અને સુવિધાઓની તૈયારીઓનું સફળ મૂલ્યાંકન દર્શાવે છે.

